# આત્મ જાગૃતિ



મુનિશ્રી. ચંદ્રપ્રભસાગરજી
'ચિત્રભાનુ'

# આત્મજાગૃતિ

: લેખક :

મુનિવર્ય શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ
( ચિત્રભાનુ )

: પ્રકાશક :

જૈન પત્રની ઑફિસ
ભાવનગર

: પ્રાપ્તિસ્થાન :
ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય
ગાંધી રસ્તા અમદાવાદ

## અનુક્રમ

| | |
|---|---|
| આત્મજાગૃતિ | ૧ |
| ચાર મંગળ | ૨૩ |
| જીવનમાં ધર્મ | ૨૯ |
| માનવતાનાં સોપાન | ૬૧ |
| આદર્શ શિક્ષક | ૧૧૭ |
| જીવનશિક્ષણ | ૧૨૫ |
| દિવ્ય દષ્ટિ | ૧૩૩ |
| ધર્મરત્ન | ૧૪૭ |
| રત્નકણ | ૧૪૯ |

મૂલ્ય રૂા. ૧-૪-૦

: મુદ્રક :
શેઠ હરિલાલ દેવચંદ
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ
ભાવનગર

# નિવેદન

સંસ્કારી સાહિત્ય એ એક એવો દીપક છે કે જે જીવનના સઘળા પાસાઓને અજવાળે છે. "જૈન" સાપ્તાહિકે આજસુધી વિવિધ દૃષ્ટિબિંદુઓને અનુલક્ષીને ઐતિહાસિક, ધાર્મિક, નૈતિક તેમજ સામાજિક પરિસ્થિતિનું દિગ્દર્શન કરાવતાં ભેટ પુસ્તકો આપ્યાં છે.

પહેલાં કરતા આજે છાપકામ તેમજ કાગળની સવિશેષ મોંઘવારી હોવા છતાં અમોએ આ પ્રથાને ગમે તે ભોગે પણ ટકાવી રાખી છે અને આ પ્રથા સતત ચાલુ રહે એમ અમે ઇચ્છીએ છીએ.

ભૌતિક સાહિત્યની લાલસાભરી જ્વાળાઓથી માનવ આત્માઓ ત્રાસ્યા છે અને વિશ્વયુદ્ધ તેમજ અણુશક્તિના દાનવતાભર્યા આવિષ્કારે માનવ આત્માને ઢંઢોળ્યો છે. ભૌતિકતાથી કંટાળેલા માનવ–આત્મામાં અધ્યાત્મજ્ઞાનની ભૂખ જાગી છે એવા સમયે આજના યુગને અનુરૂપ કયું પુસ્તક ભેટ આપવું તેની અમો વિચારણા કરી રહ્યા હતા તેવામાં અત્રે બિરાજતા પ્રસિદ્ધવક્તા અને જીવનચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) કે જેઓનું 'સંસ્કાર–સંભાર' નામે પુસ્તક અમે સને ૧૯૫૨માં અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપેલ અને જેના સરળ અને

હૃદયસ્પર્શી ભાવોએ સર્વત્ર અપૂર્વ આદર મેળવ્યો. તેથી આ વર્ષે પણ અમે તેમના પ્રેરક પ્રવચનોનો સંગ્રહ કે જેનું અભિધાન ' આત્મજાગૃતિ ' આપીને પ્રસિદ્ધ કરીએ છીએ. આ પ્રવચનો વિવિધ સ્થળે અપાયાં છે અને આ પ્રવચનોએ હજારો હૃદયોને પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. જેની ટૂંકી નોંધ ગુજરાતના પ્રસિદ્ધ દૈનિક 'સંદેશ'માં પ્રગટ થએલ છે, તેને પ્રગટ કરવા અમોને તેમણે સંમતિ આપી તે બદલ અમે મુનિશ્રીનો આભાર માનીએ છીએ.

આ પુસ્તક વાંચતા જીવનના તાપથી તપેલા આત્માને આનંદ સાગરમાં અવગાહન કરવા જેવો આહ્લાદક અનુભવ થશે એવી અમારી પૂર્ણ માન્યતા છે.

આ પ્રવચનો વિષે વધારે પરિચય પ્રાપ્ત કરવા પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજી પરમારે લખેલ પ્રસ્તાવના જોઈ જવા અમો વાંચકોને ભલામણ કરીએ છીએ.

આ 'આત્મજાગૃતિ'ના પ્રકાશથી સૌના જીવન પર દિવ્ય પ્રકાશ પથરાય અને સૌના જીવન પ્રકાશિત થાય તે જ શુભ અભિલાષા.

તા. ૨૧–૧–૫૭ પ્રકાશક

# પ્રસ્તાવના

"આજના જગતનું દૃશ્ય કેટલું બિહામણું છે? કેટલાક શ્રીમંતો ઐહિક સુખમાં જ મગ્ન બની, જીવનના ઉદાત્ત તત્ત્વને ભૂલી બેઠા છે; સત્તાધીશો સત્તાના ઘેનમાં મૂર્ચ્છિત થઇ ઉદ્ઘાટન ક્રિયામાંથી ઊંચા આવતા નથી, કેટલાક ધર્મગુરુઓ પોતાને માટે મઠ–મંદિર બનાવવાની ધૂનમાં જ્યાંત્યાં ભમી રહ્યા છે, મધ્યમવર્ગ જીવનનિર્વાહની ચક્કીમાં પિસાઇ રહ્યો છે; વિજ્ઞાનનાં બિહામણાં સાધનો લાખ્ખો માનવીઓને મૃત્યુના મોંમાં ધકેલી રહ્યાં છે; અશાંતિ ડાકણની જેમ આંખો કાઢી માનવી સામે ઘૂરકી રહી છે; આવા વિષમ સમયમાં માનવતાનાં તત્ત્વોને વિકસાવે એવા ઉપદેશકનો, એ ઉપદેશને જીવનમાં વણનાર જિજ્ઞાસુ શ્રોતાઓની, કોઇ પણ સમય કરતાં આજે વધારેમાં વધારે જરૂર છે."

'માનવતાનાં સોપાન' નામના પોતાના વ્યાખ્યાનમાં પ્રખ્યાત વક્તા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ જગતની પરિસ્થિતિનું જે ચિત્ર અંકિત કરી, માનવતાના તત્ત્વોને વિકસાવનાર ઉપદેશકની આવશ્યકતા પર ભાર મૂકયો છે, એવા ઉપદેશકના ગુણ પોતે ધરાવે છે એમ 'આત્મ–જાગૃતિ'ના સાતેય વ્યાખ્યાનો વાંચ્યા પછી લાગ્યા વગર રહેશે નહિ. સામાન્ય રીતે સંન્યાસીઓ કે જૈન મુનિઓ સંસારથી અનભિજ્ઞ હોય એ તો રાત–દિવસ સ્વાધ્યાય કે આત્મસાધનમાં જ રત રહે, જગત સાથે એમને કાંઇ નિસ્બત ન હોય એમ માનવામાં આવે છે. આવી માન્યતાને કારણે જ

સમાજમાં સડો પેઠો. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી આ કોટના જગતથી દૂર ભાગતા સંત નથી એ 'સંસ્કાર સંભાર', 'જીવન અને દર્શન', 'વીતરાગ સ્તોત્ર', 'સુધાસ્યન્દિની', 'સૌરભ' 'હંસનો ચારો', 'મોતીની ખેતી', બિંદુમાં સિંધુ!' આદિ કૃતિઓના વાંચન પરથી સમજી શકાય તેમ છે. પોતાને જે પ્રકાશ લાધ્યો હોય તે પ્રકાશ અન્યને દાખવી તેમને દોરવાનું કાર્ય મુનિશ્રી પોતાના ઉપદેશો દ્વારા તેમજ આ પ્રકારનાં પુસ્તકો દ્વારા કરી રહ્યા છે.

'આત્મજાગૃતિ'માં પોતે ભિન્ન ભિન્ન સ્થળે આપેલ સાત પ્રવચનોનો સંગ્રહ છે. આ પ્રવચનોમાં મુનિશ્રીએ જીવનને ઉઘાડી આંખે જોયું છે એની પ્રતીતિ અનેક સ્થળે થાય છે. પ્રવચન પદ્ધતિ તર્કબદ્ધ હોવા છતાં જડ નથી. જૈન આગમ સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, ગૂજરાતી સાહિત્ય, હિંદી અંગ્રેજી અને કન્નડ સાહિત્યના વિશાળ વાચનના પુટ અવતરણો દ્વારા, યોગ્ય ઉદાહરણો દ્વારા અનેક સ્થળે સાંપડે છે.

નિષ્પ્રાણ જીવનમાં ચેતનાના પ્રાણ ફૂંકી આત્મજાગૃતિ લાવવા પ્રબોધતું પ્રવચન 'આત્મજાગૃતિ'; માનવતા, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ પ્રબોધતું 'ચાર મંગળ'; જીવનમાં ધર્મનું મહત્ત્વ સમજાવતું 'જીવનમાં ધર્મ,' શૂર, પંડિત, વક્તા અને દાતાની વ્યાખ્યા આપી જીવનના વિકાસ સોપાન દર્શાવતું 'માનવતાનાં સોપાન', કેળવણીના પ્રશ્નોની ચર્ચા કરતાં 'આદર્શ-શિક્ષક' અને 'જીવનશિક્ષણ' તેમજ પ્રથમ પ્રવચન સાથે અનુસંધાન બાંધી આપતું 'દિવ્ય દૃષ્ટિ' ધર્મરત્ન—એ આઠેય પ્રવચનોનો સૂર માનવતાના પ્રતિસ્થાપનનો છે, આત્મજાગૃતિનો છે તેથી સમગ્ર સંગ્રહને એ નામ અપાયું છે તે સાર્થક છે.

મુનિશ્રી પોતાના મંતવ્યોના પ્રતિપાદન અર્થે જે દૃષ્ટાંતો યોજે છે તે ખૂબ સુંદર છે. તેમણે યોજેલ દૃષ્ટાંતોમાં પ્રથમ પ્રવચનમાં આવતું 'શાણી સુમતિ'નું દૃષ્ટાંત, 'જીવનમાં ધર્મ' એ પ્રવચનમાં યોજાયેલ યોગીના શબને ખાવા આવેલ શિયાળિયું હાથ, પગ, કાન, પેટ કે મસ્તક તે તે અવયવો દ્વારા પુણ્ય કર્મ નહિ કરેલ હોવાથી તેને ખાઇ શકતું નથી એમ દર્શાવી પુણ્યાચરણ બોધતું સુંદર દૃષ્ટાંત ખાસ ધ્યાન ખેંચે છે.

આ પ્રવચનોનો હેતુ સાહિત્યિક નહિ હોવા છતાં શૈલીની તેજોમયતા તેમજ અસરકારકતાને લઇને સમગ્ર પુસ્તકનું વાચન મનનીય બની રહે છે. 'આદર્શ શિક્ષક'માં અંગ્રેજી કેળવણી અને બુનિયાદી કેળવણી વિશે અતિસંક્ષેપમાં પણ પોતે જે છાપ ઉપસાવી છે તે જોવા સરખી છે:–

'સદાચરણ વિના માત્ર જ્ઞાનને ધારણ કરનારને પણ જ્ઞાનનો ભાર મળે છે પણ સદ્‌ગતિ–ઊર્ધ્વગતિ નથી મળતી. 'અંગ્રેજી કેળવણી તો વેલ જેવી છે. તેને ઝાડનો ટેકો જોઇએ, પરંતુ બુનિયાદી કેળવણી તો વડના ઝાડ જેવી છે તેને ટેકાની જરૂર નથી. તે અન્યને છાંયડો આપે છે; પક્ષીઓ તથા માનવોને વિશ્રામ આપે છે.' (પૃ. ૧૨૧)

'ઇશ્વર રૂપિયા નીચે દટાઇ ગયો છે !;' 'કેળવણી નીચે માણસ દબાઈ ગયો છે' કે કીર્તિદાન આપનાર માટે કરેલ ઉલ્લેખ–'બે દિવસ વાહ વાહ થાય અને પછી હવા હવા થઇ જાય !" વિષય નિરુપણની પકડ દાખવે છે. 'સૌરભ'માં કે 'હંસનો ચારો' અને 'મોતીની ખેતી' માં જે પ્રકારનાં વિચાર મૌક્તિકો છે એવા અનેક વિચાર મૌક્તિકો આ પ્રવચનોમાં વેરાયેલ પડયા છે.

આ પ્રવચનોનું મુખ્ય લક્ષણ અસાંપ્રદાયિકતા છે. આ પ્રવચનો જૈન મુનિએ કર્યાં હોવા છતાં કોઇ પણ ધર્માનુયાયી આ

વિધાનો સ્વીકારી શકે એ પ્રકારની તેઓશ્રીની રજૂઆત છે. આ પ્રવચનોમાં સાંપ્રદાયિકતાનો અંશ પણ દેખાતો નથી. દૃષ્ટાંતોની પસંદગી ભગવાન મહાવીરના જીવનમાંથી થઈ છે તેમ, *રામચંદ્રજી ચૈતન્ય મહાપ્રભુ વગેરેના જીવનમાંથી પણ થઇ છે. સમ્યગ્દર્શન, માનવતાનું નિરુપણ, ભયનો ત્યાગ, ધર્મનિષ્ઠ જીવન જીવવાની જરૂરત વગેરે બાબતો ઉપર સ્પષ્ટવક્તૃત્વથી આપણું ધ્યાન ખેંચતા આ પ્રવચનો સહુના આદરના અધિકારી છે. 'આત્મજાગૃતિ' 'ચાર મંગળ' અને 'માનવતાનાં સોપાન' વિશેષ ધ્યાન ખેંચે છે.

આપણા સાહિત્યમાં નીડરતાપૂર્વક જીવનના ઊચ્ચ મૂલ્યો દર્શાવતા ચિંતનસભર સાહિત્યની ઊણપ છે તેમાં શ્રી ચંદ્રપ્રભ-સાગરજીની આ કૃતિ સુંદર ઉમેરો કરે છે. આ પ્રકારના પ્રકાશનો એમના તરફથી વારંવાર આપણને મળતાં રહે એવી ઝંખના પ્રગટાવે છે.

મને મમતાપૂર્વક આ વિચારપૂર્ણ પ્રવચનોમાં અવગાહન કરવાની તક આપી તે માટે પૂ. મુનિશ્રીનો આભારી છું.

ભાવનગર
તા. ૧–૧–૫૭

પ્રૉ. તખ્તસિંહજી પરમાર M. A.

---

* ભગવાન રામચંદ્રના વનવાસ ગયાનો પ્રસંગ જૈન રામાયણ પ્રમાણે મૂકયો છે.

# આત્મજાગૃતિ

રાજનગરની યુવક અને વિદ્યાર્થીઓની વિશાળ માનવમેદની સમક્ષ તા. ૩૦-૭-૫૫ ના આપેલું એક પ્રેરણાદાયી ઉદ્બોધન.

એકધારા દોઢકલાક સુધી વેગવંતા જળપ્રવાહની જેમ વહેતા આ પ્રવચનના વાક્યે વાક્યે હજારો શ્રોતાઓનાં હૃદય ધબકતાં હતાં. અને જાગૃતિની કોઇ અલૌકિક દુનિયામાં શ્રોતાઓને લઇ ગયા હોય એવી મમતા સર્વત્ર છવાઇ હતી.

આ વ્યાખ્યાનનો કેટલોક સુંદર સારભાગ રજુ કરવામાં આવેલ છે.

卐

**बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च कांक्षसि ।**
**तदेन्द्रियजयं कर्त्तुं स्फारय स्फारपौरुषम् ॥**

**—ज्ञानसार**

વાસનાની દુનિયાથી તું જો ગભરાતો હોય અને મુક્તિની મહાસમાધિ જો ઇચ્છતો હોય તો તારી ઇન્દ્રિયોને જિતવા તારા અફાટ પરાક્રમભર્યા પૌરુષનો ઉપયોગ કર.

# આ ત્મ જા ગૃ તિ

[ સૂર્યનાં સોનેરી કિરણો કમળના હૃદયને જગાડે છે અને એની પાંખડિયોને વિકસાવે છે, તેમ ભ. મહાવીરનાં જ્ઞાનવચનો પણ તમારા આત્માને જગાડો અને આત્મની પાંખડિયોને વિકસાવો એવી શુભેચ્છાપૂર્વક આજના વ્યાખ્યાનનો હું પ્રારંભ કરીશ. ]

## તેજનો તણખો

જે માણસને આત્મા વિશે શ્રદ્ધા હોય છે, તેને જ આત્મોન્નતિનો વિચાર આવે છે. તેનો જ આત્મા જાગે છે, પણ આત્માની જ જેને જાણ નથી, આત્માને જે સમજતો નથી, તેને આત્મોન્નતિનો વિચાર ક્યાંથી આવે? તેનો આત્મા કેમ જાગે? જે માણસ કેવળ જડ વસ્તુઓની મોહકતામાં મગ્ન રહે છે, તેને આત્મા કેવો બળવાન છે એ નહિ સમજાય. અને જેને આત્માની તાકાતનો ખ્યાલ નથી તે મૃતજીવન જીવે છે. આજે એવાં મૃતજીવનોની સંખ્યા વધી રહી છે. એ મૃતજીવનમાં ચેતનાના પ્રાણ ફૂંકવા માટે જ આજના સંબોધનનો વિષય રાખ્યો છે—આત્મજાગૃતિ.

મને એવા કેટલાય માણસો મળે છે, જેમને પોતાના શબ્દોમાં વિશ્વાસ નથી, વાણીમાં શ્રદ્ધા નથી, જીવનમાં તેજ કે તાકાત નથી; એ નિર્માલ્યની જેમ કહે: ' મારાથી આ કામ કેમ થશે? આ કામ તો ખૂબ અઘરું છે.' આ નિર્માલ્ય શબ્દો

કોણ બોલાવે છે? દેહભાવ બોલાવે છે. આત્મભાનવાળા આવું કદી ન બોલે. ચેતનાવંતની વાણીમાં તો તેજનાં કિરણો ચમકતાં હોય, તાકાતના તણખા ઝરતા હોય!

રઘુવંશમાં કાલિદાસે લખ્યું છે: રઘુવંશનાં બાળકો એવાં હતાં જે—

**शैशवे अभ्यस्त–विद्यानां**

બાલ્યકાળમાં જ આત્મ–વિદ્યાનું સિંચન પામતાં હતાં. એ કઇ વિદ્યા? પેટ ભરવાની નહિ. પૈસા ભેગા કરવાની નહિ. એ વિદ્યા તો કીડી–મંકોડાને પણ આવડે છે. એ પણ ગળપણ મળે ત્યાં દોડી જાય. આમંત્રણની પણ રાહ ન જુએ! અમે બેઠા હતા ત્યાં એક વાર કીડીઓ ઊભરાઇ. એક ભાઇએ તેની આસ-પાસ રાખ નાખી. એટલે થોડીવારમાં તે ચાલી ગઇ. રસવૃત્તિને પોષવામાં તો કીડીઓ પણ પાવરધી છે. માણસની વિશિષ્ટતા પેટ ભરવાની વિદ્યામાં નથી. એની વિશિષ્ટતા અંધકારમાંથી પ્રકાશમાં લઇ જાય એ વિદ્યા પ્રાપ્ત કરવામાં છે. પ્રાચીનકાળમાં શિશુને નાનપણથી જ એવા વિચારોમાં ઉછેરવામાં આવતું જેથી એનો આત્મા સદા જાગૃત રહેતો. નિરાશાજનક કે નિર્માલ્ય વાતો એમની આગળ ઉચ્ચારવામાં આવતી જ નહિ.

રામચન્દ્રજી યૌવનને આંગણે રમતા હતા તે સમયે ચીનનું સૈન્ય મિથિલા પર ચઢી આવ્યું. જનકે પોતાના મિત્ર દશરથ પાસે સહાયતા માંગી અને કહેવડાવ્યું: 'તમારા વીરપુત્ર રામ અને લક્ષ્મણને સૈન્ય સાથે અમારી વારે મોકલો.' દશરથ જરા થંભ્યા. મમતાને લીધે વિચારના વંટોળિયામાં એ અટવાઇ ગયા. એ જંગલી ને કદાવર માણસો સાથે આ બાળકો કેવી રીતે લડી શકશે? છતાં એ બોલ્યા નહિ. મનમાં જ વિચારતા હતા, પણ રામ પિતાનો આશય સમજી ગયા. એમણે કહ્યું: 'પિતાજી! શું

સિંહનું નાનું બચ્ચું મોટા હાથીના ગંડસ્થળને ભેદી શકતું નથી ?' બાકર બચ્ચાં લાખ, લાખે બિચારાં, સિંહણ બચ્ચું એક, એકે હજારાં. આ વીરતાભર્યો ઉત્તર સાંભળતાં જ દશરથનો ભ્રમ ટળી ગયો. બંને કુમારો ધનુષ્ય બાણ લઇ મિથિલા ગયા. શત્રુઓને હરાવી, વિજયપતાકા ફરકાવી, ગૌરવપૂર્વક ઘેર આવ્યા !

આ ખમીર ક્યાંથી આવ્યું ? એ બહારથી નથી આવ્યું. અંદર જ છે. એને જાગૃત કરવાની જરૂર છે. આત્મામાં અનંત શક્તિ છે, એ ભાન થતાં, એ કોઇથી ય નહિ ગભરાય ! કોઇનાથી ય નહિ અંજાય.

આજે માબાપ બાળકને વીર બનાવવાને બદલે કાયર બનાવે છે. બાળક રડતું હોય કે ઊંઘતું ન હોય તો, 'જો બાવો આવ્યો, પકડી જશે.' આવા ભીરુતાભર્યાં વાક્યો સંભળાવે છે. આથી બાળકની છાતી બેસી જાય છે. પછી એ મોટો થાય, બહાર બહાદૂર દેખાય, પણ અંદરથી ડરપોક હોય. આવા માણસો નાગરિક તરીકે પણ નકામા. બાયલા નાગરિકોથી દેશનું પણ રક્ષણ ન થાય તો આત્માનું કલ્યાણ તો થાય જ કેમ ?

માણસની કેટલી તાકાત છે, એનો પ્રત્યક્ષ દાખલો લો. એટમ-બૉમ્બ ભયંકર છે. હાઇડ્રોજન બૉમ્બ એથી પણ ભયંકર છે. એનામાં સંહારની અનંત શક્તિ છે. રતલ દોઢ રતલનો બૉમ્બ લાખો માનવીનો સંહાર કરી શકે છે. માઇલોના વિસ્તારને ઉજ્જડ કરી શકે છે. એક નાનકડા બૉમ્બમાં આટલી શક્તિ છે; પણ એને શોધનાર તો મનુષ્ય જ છે ને ? તો વિચારી જુઓ. માનવીના સર્જનમાં પણ આટલી અપ્રતિમ શક્તિ છે, તો એના સર્જક એવા માનવીના આત્મામાં કેટલી શક્તિ હોવી જોઇએ ? જડને આવિષ્કૃત કરનાર ચેતનામાં પ્રતિભા ન હોત તો આ અમર્યાદ શક્તિ આવિષ્કૃત કેમ પામત ? આત્માની અપ્રતિમ તાકાતનું આ જ્વલંત દૃષ્ટાન્ત છે.

## અમરતાનો સંદેશ

આત્માની આ અનંત શક્તિઓને જેણે જાણી અને એને જેણે કેન્દ્રિત કરી તેણે પોતાની પ્રભુતા મેળવી, તે જ પ્રબુદ્ધ થયા, ભગવાન થયા, સંસારથી તે પાર પામ્યા.

જે માણસ પ્રકૃતિના નિર્મળ તત્ત્વોથી ડરે છે. અરે, પોતે એકાન્તમાં ધ્યાન ધરતાં પણ ડરે છે અને પોતાની જ બીક પોતાને લાગે છે, તે માણસ મહાત્મા તો ઠીક, પણ માણસ તરીકે પણ લાયક કઇ રીતે ગણાય? માણસ આવો ભીરુ થઈ જાય છે, કારણ કે બાલ્યકાળમાં એને આત્મવિદ્યા મળી નથી. આત્માની અમરતાનો સંદેશ મળ્યો નથી. માબાપોએ એના દેહનું ભરણપોષણ કર્યું, પણ આત્માનું પોષણ ન કર્યું, દેહનું પોષણ તો કૂતરાં બિલાડાં પણ કરે છે. માનવીનું ગૌરવ બાળકોના માત્ર દેહનું પોષણ કરવામાં જ નથી. માણસનું ગૌરવ પોતાના સંતાનને સંસ્કારી ને તેજસ્વી બનાવવામાં છે. મારી આ વાત તમને આજ કદાચ કડવી લાગશે, પણ તે સત્ય છે. વિચારી જોજો. આજ નહિ તો કાલે જરૂર સમજાશે.

મદાલસા પોતાના બાળકને પારણામાં ઝુલાવતાં પણ ગાતીઃ **त्वं सिद्धोऽसि बुद्धोऽसि मुक्तोऽसि**! વત્સ! તું સિદ્ધ છો. સિદ્ધિઓ તારામાં છે. તું બુદ્ધ છે. બુદ્ધિ–પ્રજ્ઞા તારામાં છે. તું મુક્ત છે. તને બાંધનાર આ વિશ્વમાં એકેય તત્ત્વ નથી. તું સ્વતંત્ર છો, મુક્ત છો. હાલરડામાં જ જે બાળકને આવું મુક્તિનું ગીત સાંભળવા મળે તે યુવાન તેજસ્વી, ત્યાગી કે પ્રતાપી કેમ ન બને? આજનો યુવાન એ આશાની જ્યોત નથી પણ નિરાશાનો દરિયો છે. એનામાં જીવનની ખુમારી નથી પણ વાસનાની બિમારી છે.

જે દેશના યુવાનો વિલાસી વાતાવરણમાં ઉછરે છે, તે દેશની પ્રજા ધીમે ધીમે નિર્વીર્ય થઈ જાય છે. પ્રજાને મહાન બના-

વવા યુવાનો સામે આદર્શ જોઇએ. એમની સામે સંયમના પ્રતિકો જોઈએ. જ્યાં એમને ઘડવામાં આવે છે, એમને કેળવણી આપવામાં આવે છે, એ સ્થાનો કેવાં હોવાં જોઇએ ? ત્યાં વિલાસ અને વિકારની હવા હોય તે પાલવે ? પણ આજ તમે જોશો તો વિદ્યામંદિરોમાં પણ કટ અને વટ સિવાય વાત નથી. આપણે કૉલેજોને વિદ્યામંદિરો કહીએ છીએ, પણ મંદિરને અનુકૂળ સંયમ અને પવિત્રતાથી ભરેલું વાતાવરણ છે ?

અને કેળવણી શા માટે લેવામાં આવે છે, તેનું ધ્યેયચિત્ર પણ વિદ્યાર્થીઓ સમક્ષ કયા છે ? **'ज्ञानस्य फलं विरतिः'** જ્ઞાનનું ફળ વૃત્તિઓનો વિરામ છે. જ્ઞાન મળે તો વિરામ આવવો જોઇએ, પણ આજે એવું દેખાય છે ? વિદ્યાર્થીઓમાં શિસ્ત ને સભ્યતા છે ? આજે માણસ વૃત્તિઓથી વિરમવા માટે નથી ભણતો પણ વૃત્તિઓના તાંતણાં કરોળિયાની માફક વધારે ને વધારે કઇ રીતે કાઢી શકાય એ માટે ભણે છે. સીધી ભાષામાં કહીએ તો એમ કહી શકાય કે ગુનો કરીને છુપાવવો કેમ, અસત્યને સત્ય બનાવવું કેમ, એ માટેનું કૌટિલ્ય શાસ્ત્ર ભણે છે.

એક ભાઇને મેં પૂછ્યું: 'તમારા અભ્યાસનું ધ્યેય શું ?' એ કહે: 'સાહેબ, ધ્યેય વળી શું ? આજકાલ કાયદા વધી પડયા છે. ભણીએ નહિ તો એ કાયદાઓમાંથી બારી ક્યાંથી જડે ? હવેના જમાનામાં વકીલોના આધારે જીવાય એમ નથી, જાતે જ જાણવું જોઇએ; નહિ તો રળીએ તેમાંથી અડધો ભાગ તો વકીલો ખાઇ જાય. જાતે શીખ્યા હોઇએ તો જ કાયદાના ફાયદા મળે.'

જોયું, આ કેળવણી ! માણસ ભણે છે શા માટે ? ચોરી કરવા માટે. ચોર બનવા. પોતાની જ સરકારની આંખમાં ધૂળ નાખવા. પૈસા રળવા છે. પણ ટેકસ સરકારને ભરવા નથી. આ વિદ્યાથી

માણસ મુક્ત બને કે બંધાય? જે એક શ્રેષ્ઠ નાગરિક બનવાને અયોગ્ય છે, તે શ્રેષ્ઠ જીવન માટે યોગ્ય કઇ રીતે ગણાય?

## મૃત્યુને જિતે તે વિદ્યા.

એક ભાઈ ઇન્ટરની પરીક્ષા આપી રજામાં ઘેર આવ્યા. એ અરસામાં બહારગામથી એમને ત્યાં એક મહેમાન આવ્યા. એ મહાન ચિન્તક હતા. વિદ્યાર્થીના પિતા પોતાના પુત્રને બપોરે ચિન્તકની પાસે લાવ્યા અને પોતાના પુત્રના અભ્યાસની વાત કરી. ચિન્તકે પૂછ્યું: 'શું ભણો છો?' 'સાહેબ, ઇન્ટરની પરીક્ષા આપીને આવું છું.' 'હવે શું કરશો?' 'બી એ થઇશ.' 'પછી શું કરશો?' 'પછી તો જો ફર્સ્ટ કલાસ આવીશ તો ફોરેન જઇશ અને એમ. એ. થઇશ.' 'એમ. એ. થઇને પછી શું કરશો?' 'પછી કોઇ સારી નોકરી મેળવીશ.' પેલા ચિંતક તો આગળ વધી રહ્યા હતા. એમણે પૂછ્યું: 'પછી?' પેલો વિદ્યાર્થી જરા થંભ્યો. એને થયું આ શું પૂછે છે? પણ ઉત્તર આપ્યા વિના ચાલે તેમ ન હતું, એટલે એણે કહી નાખ્યું: 'પછી પ્રભુતામાં પગલાં માંડીશું.' ચિન્તકે 'પ્રભુતામાં પગલાં' આ શબ્દ ચાખ્યો. શબ્દ તો ઘણો સારો છે. પશુતા માટે વધારેમાં વધારે છૂટ મેળવનારા પણ આ જ શબ્દ વાપરતા હોય છે. 'ઠીક પછી શું?' વિદ્યાર્થીએ કહ્યું: 'પછી વળી શું? ઘરડા થઈશું.' ચિન્તકને પોતાના પ્રશ્નનો દોર બરાબર હાથમાં આવતો લાગ્યો. એટલે ધીમેથી પૂછ્યું. 'પછી શું?' પેલો વિદ્યાર્થી મુંઝાઇ ગયો. થોડો અકળાયો. એણે એના પિતા સામે જોયું. એના પિતા પણ વિચારોમાં તણાતા હતા, હવે પછી શું ....? એના પિતાની આંખમાં પણ પ્રશ્નાર્થ હતો. એટલે વિદ્યાર્થીએ કહી નાખ્યું: 'પછી મરી જઇશું.' ચિન્તકે કહ્યું: 'બરાબર, હું એ જ કહેવા માંગતો હતો. આટલા અભ્યાસ પછી, આટલી પ્રવૃત્તિ

પછી પણ મરવાનું! મરવા માટે આટલું બધું કરવાનું? મરવું જ હોય તો આટલો અભ્યાસ ન કરો, દેશાટન ન કરો- તો પણ મરી શકાય છે. શું અભણ નથી મરતા? અભણ પણ મરી શકે છે. વિદ્યાવાન તો એમ કહે કે-પછી અમર બનીશ, મૃત્યુ સામે યુદ્ધ કરીશ, વૃત્તિઓ પર વિજય મેળવીશ, જીવનમાં પ્રેમ, પ્રકાશ અને શ્રદ્ધાને ભરીશ અને મૃત્યુને તરી જઈશ, વિદ્યા તો મૃત્યુને જિતવા માટે છે. એક કવિ કહે છેઃ હસી મૃત્યુસુખે ધસવાનું જ દે, ધસી મૃત્યુસુખે હસવાનું જ દે.

વિદ્યાવાનમાં જીવનની ખુમારી જોઇએ. સુખમાં કે દુઃખમાં; સંપત્તિમાં કે વિપત્તિમાં, સંયોગમાં કે વિયોગમાં પોતાના આત્માની અને પોતાના મનની મસ્તી ન ગુમાવે તે જ અભ્યાસી.

જેમ પ્રકૃતિના રહસ્યને જાણનાર માણસ ઉનાળો આવતાં અકળાતો નથી, શિયાળો આવતાં ફરિયાદ કરતો નથી કે વર્ષાકાળ આવતાં બબડાટ કરતો નથી; એ જાણે છે. આ તો ઋતુ ઋતુના ખેલ છે. શિયાળામાં ટાઢ પડે છે પણ ઘઉં ને કપાસ એમાં જ તૈયાર થાય છે. વર્ષામાં વૃષ્ટિ થાય અને કીચડ થાય પણ જુવાર બાજરી એમાં જ પાકે છે. ઉનાળામાં તડકો પડે પણ મીઠી કેરીઓ અને રાયણ એ ઋતુમાં જ પાકે છે, તેમ દુઃખ, વિપત્તિ, વિયોગ પણ માણસને ઘડવા આવે છે, એથી માણસની કસોટી થાય છે. માણસનું હીર આવા સંયોગોમાં જ પ્રગટે છે. સાચો અભ્યાસી દુઃખને પણ કુદરતની પ્રિય ભેટ માની હસતા મુખે એનું સ્વાગત કરે છે. એ સમજતો હોય છે કે આજનું દુઃખ એ મારી ગઇકાલની ભૂલનું જ પરિણામ છે. એક ભૂલને સુધારવી હોય તો બીજી નવી ભૂલ ન કરવી: દુઃખ વખતે અફસોસ કરવો એ જૂની ભૂલમાં નવી ભૂલનો ઉમેરો કરવા બરાબર છે.

## ઋતુનો ખેલ

પણ કેટલાક માણસો આ વાતનો વિચાર કર્યા વિના કેવળ ફરિયાદ જ કરતા ફરતા હોય છે. વર્ષાદ આવે તો કહેઃ 'આહ! શું વર્ષાદ છે! બંધ થતો જ નથી. મારી નાખ્યા.' ટાઢ પડે ત્યારે કહેઃ 'શું ટાઢ પડે છે! ચામડાં ચીરાઇ ગયાં.' તાપ પડે તો કહેઃ 'તડકો પડે છે કાંઇ તડકો! ધરતી તો ભડકે બળી રહી છે!' આમ રોદણાં રોયા જ કરે; પણ આ તો ઋતુનો ખેલ છે એમ ન સમજે. તેમ કેટલાંક માણસો પણ જીવન અંગે રોદણાં જ રોતા હોય છે. કોઈ પુત્ર માટે તો કોઈ પત્ની માટે; કોઈ ધન માટે તો કોઈ ધંધા માટે! પણ ફરિયાદ કર્યા વિના પુરુષાર્થ કરવો જોઇએ, એમ ન વિચારે.

આવા સંયોગોમાં માણસને સાચી વિદ્યા મળે તો જ માણસ જીવનનાં તત્ત્વોને સ્પર્શી શકે. અને દુઃખના તાપને, પણ જીવનના ઘઉં પકવવાનું સાધન માની, એને સત્કારી શકે. વિષમ પ્રસંગોમાંથી પણ કાંઇક બોધ મેળવી જીવનને ઘડી શકે.

આપણું કોઈ સ્વજન મરી જાય છે, ત્યારે આપણને કેટલો બધો શોક થાય છે! આપણું મન દુઃખના અગાધ સાગરમાં કેવું ડૂબી જાય છે! પણ તે પ્રસંગે આપણે સ્વસ્થ ચિત્તે વિચારીએ કે આ શોક શાથી આવ્યો? શા કારણે આવ્યો? ગામમાં આટલા મરી જાય છે, છતાં આંખે એક આંસુ પણ નથી આવતું અને અત્યારે આ આંસુઓનો સાગર કેમ છલકાઇ ગયો? મૃત્યુ એ જ જો અનિષ્ટ અને દુઃખનું કારણ હોય તો ગામમાં કોઈ મૃત્યુ પામે છે ત્યારે શોક કેમ આપણને ઘેરી વળતો નથી? મહોલ્લામાં કોઈ મરી ગયું હોવા છતાં તે દિવસે ભોજનમાં મિષ્ટાન્ન આવ્યું હોય તોય ભોજન કરતાં શોક થતો નથી. અને પોતાનું સ્વજન જતાં હૃદય રડે છે, એનું કારણ શું? એનું કારણ એ છે કે, એને જે

વ્યક્તિ પ્રત્યે રાગ હતો, જેના તરફથી 'કાંઇક' મળતું હતું, તે હવે બંધ થયું છે, તે હવે મળવાનું નથી એટલે એ રડે છે, પણ એ કોને માટે રડે છે? જનાર વ્યક્તિ માટે નહિ, પણ એ વ્યક્તિ તરફથી જે મળતું હતું, તેને માટે. એટલે કે પોતાના અર્થ માટે રડે છે. અને એ અર્થ માણસને બીજી કોઈ વ્યક્તિ તરફથી મળતો હોય તો તે શોક શમી જાય છે. ધીમે ધીમે શોકમાં ઓટ આવે છે અને માણસ મૂળ સ્થિતિએ આવી જાય છે. હા, આમ છતાં સ્નેહ જેવી એક પવિત્ર અને ચિરસ્મરણીય વસ્તુ પણ દુનિયામાં છે. જે અર્થ અને કામની નહિ, ચેતનાની ભૂખ છે. આ ભૂખ એક આત્મજ્યોતમાંથી જન્મેલી છે અને બીજી કોઈ વ્યક્તિ પાસેથી તે મળતી નથી. જ્યાંથી એ પ્રગટે છે ત્યાં જ એ વિલીન થાય છે. એટલે આવા પ્રસંગોમાં માણસના હૈયા ઉપર શોકની છાયા ઘણી ઘેરી થઇ જાય છે. અને આવા કેટલાક પ્રસંગોમાં તો માણસ કાં જ્ઞાની બને, કાં ઉન્મત્ત બને; જ્ઞાની વિચારે કે મારું પ્રિયજન એક એવા પ્રવાસે ઊપડયું છે, કે જયાં અંતે મારે પણ જવાનું જ છે. એ પહેલાં ગયેલ છે, હું પછી જઇશ. એમ વિચારી સમાધાન મેળવી લે છે. જ્યારે અજ્ઞાનીને થાય છે હવે શું થશે? ખેલ ખલાસ! બાજી બધી બગડી ગઇ. મારે જીવનભર ઝુરવાનું. હવે કયાં મળવાના છીએ? જીવન શૂન્ય થઇ ગયું. અને એવા વિચારોમાં અજ્ઞાનતા અને ઉન્મત્તતા વધતી જ જાય છે. આ બંને પ્રસંગોમાં પ્રિયજન તો બંનેએ ગુમાવેલ છે; પણ એક સમાધાન મેળવે છે, બીજો ઝૂરે છે. કવિ જીબ્રાન કહે છે: "When you are sorrowful, look again in your heart, and you shall see that in truth you are weeping for that which has been your delight." જ્યારે તમને શોક લાગે ત્યારે વળી તમારા હૃદયમાં જોજો. અને તમને જણાશે કે સાચે

જ તમે તેને માટે રડી રહ્યા છો જે તમારા હર્ષનો વિષય હતો, એટલે જે હર્ષ આપે એ શોક આપે જ આપે. એ શોકને ટાળવાનો માર્ગ એક-જ છે અને તે આત્માનું જ્ઞાન અને પ્રકૃતિનું ઊંડાણ !

આત્મજ્ઞાન થતાં શોક કેવો હળવો થાય છે એનું આ એક જ્વલંત દૃષ્ટાન્ત તમારી સામે મૂકું છું.

## શોકના તળિયે શાન્તિ

શાણી સુમતિ ભગવાન મહાવીરની વાણી સાંભળવા ગઈ હતી. એનો પતિ આત્મારામ બહાર ગયો હતો. એના બંને યુવાન પુત્રો તળાવમાં સ્નાન કરવા ગયા હતા.

સુમતિએ વ્યાખ્યાનમાં સાંભળ્યુ: જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ છે. આત્મા સિવાય જગતની પ્રત્યેક વસ્તુ વિખૂટી પડે છે. આજે આપણે જેના માટે હસીએ છીએ તે જ વસ્તુ આવતી કાલે રડાવે છે. આનંદ અને શોક એક જ ત્રાજવાનાં બે પલ્લાં છે. અનંત સમાધિનો માર્ગ એક જ છે. મોહનો ત્યાગ ! આ મોહનો ત્યાગ જન્મે છે આત્માની એકલતામાંથી !

સુમતિએ આ ઉપદેશને પોતાના હૈયાની દાબડીમાં ઝીલ્યો અને એનો જ વિચાર કરતી, એને જીવનમાં વણવા મથતી, એ ઘેર આવી ત્યારે સમાચાર મળ્યા: " એના નહાવા ગયેલા બંને દિકરા ડૂબી મર્યા છે. પહેલા એક નહાવા પડ્યો, પણ એ તો કીચડમાં ખુંચતો જણાયો. એને કાઢવા બીજો ગયો પણ એ ખુંચતો છોકરો બીજાને બાઝ્યો અને બંને ડૂબ્યા. "

જુવાનજોધ બે દિકરા જાય તો કઇ માતાનું હૈયું શોકમાં ન ડૂબે ? સુમતિના હૈયાના કટકે કટકા થવા લાગ્યા. એ શોકના

ઝંઝાવાતમાં ઘેરાઇ ગઇ, એને મૂર્છા આવી, અને એ ધરતી પર ઢળી પડી. થોડી વારે એ મૂર્છા ઉતરતાં, એના હૈયા પર જ્ઞાન-વચને આવવાં લાગ્યાંઃ જ્યાંથી આનંદ આવે છે ત્યાં જ શોક હોય છે, અને એ શોકના તળિયામાં જ શાંતિ હોય છે. શોકને ઉલેચી નાંખો, શાંતિ ત્યાં જ જડશે.

સુમતિને શોક ધીમે ધીમે ઉલેચાતો ગયો અને એ ઊંડી ને ઊંડી ઊતરતી ગઇ, જ્યાં જીવનની પરમ શાંતિ હતી!

એણે પોતાના બંને પુત્રોના દેહને પથારીમાં પધરાવ્યા; એમના પર શ્વેત વસ્ત્ર ઓઢાડયું અને પતિની પ્રતીક્ષા કરતી વિચારમાં ડૂબી ગઇ.

આત્મારામે ડેલીમાં પગ મૂકયો અને એનો આનંદ ઊડી ગયો, એને વાતાવરણમાં કાંઇક શોકની હવા લાગી. રોજ એ ઘેર આવતો ત્યારે એની પત્ની હસતા મુખે એનું સ્વાગત કરતી પણ આજ તો એ ઉદાસ હતી. આત્મારામે પૂછયું:–

“ કેમ ? આમ ઉદાસ કેમ ? શું થયું છે ? તું તો જાણે ઘરમાં શોકને સાગર લાવી છે ! ”

“ કાંઈ નથી. એ તો પાડોશી સાથે જરા કલહ થયો છે. ” શોકના ભારથી નમેલી પાંપણોને ઊંચી કરતાં સુમતિએ કહ્યું:

આત્મારામને આશ્ચર્ય થયું. સુમતિને સ્વભાવ એ જાણુતો હતો. આખું ગામ ગરમ થાય તો યે એની આંખમાં શીતળતાનો સાગર લહેરાતો હોય એવી એ શાંત હતી અને એવી જ એ શાણી પણ હતી. એણે ગભરાઇને પૂછયું: “ એવું તે શું થયું કે તારે કજિયો કરવો પડયો ? ”

‘ કાંઇ નહિ, વીશ દિવસ પર આપણા સંબંધીને ત્યાં લગ્ન હતાં ત્યારે હું પડોશીને ત્યાંથી બે રત્નકંકણ પહેરવા લાવી હતી.

આજે એ માગવા આવ્યા. મેં ન આપ્યાં એટલે બોલવું થયું અને કલહ વધ્યો.' સુમતિ આટલું ધૈર્યપૂર્વક બોલી ગઇ પણ એના અવાજમાં જરા વિષાદની છાયા હતી.

'તું યે ખરી છું. પારકા કંકણ કયાં સુધી રખાય? એનો માલિક માગવા આવે ત્યારે આપી દેવાં જ જોઇએ ને! તારા જેવી શાણી સ્ત્રી આવી વાત પર કલહ કરે તો થઈ રહ્યું ના? કોઇ જાણે તો યે હસે એવી આ વાત છે. જા, જા, જલ્દી દઇ આવ." એને ઊભી કરતાં આત્મારામે મીઠો ઠપકો આપ્યો

'જરા ઊભા તો રહો. તમે એ આપી આવવાનું તો કહો છો, પણ મને એ કેટલાં ગમે છે! મારું મન એમાં કેટલું રમે છે! એ તમે જાણો છો? કેવાં સુંદર એ રત્નકંકણ છે! એનો ઘાટ, એની ઝીણી ઝીણી કારીગરી જેની જોડ ન જડે! અને એના રત્નો પણ કેવાં તેજસ્વી છે? નાથ, મને તો એ પાછાં આપવાનું જ મન નથી થતું. થાય છે, રાખી લઉં. પછી થવાનું હશે તે થશે. કજિયો તો કજિયો!' આટલું કહેતાં કહેતાં તો સુમતિનું હૃદય ભરાઇ આવ્યું. એની પાસે જ્ઞાન હતું, છતાં વિષાદ કાંઇ ઓછો ન હતો!

"પણ આજે તને થયું છે શું? તું પાગલ તો નથી થઇને! અરે, તું આ શું બોલી રહી છે? જે વસ્તુ પારકી છે તે કેટલા દિવસ રખાય? એના પર મમતા કરવી, એને પોતાની માનવી અને "મારી" કહી શોક કરવો એ અજ્ઞાનતા નહિ તો બીજું શું છે? પારકી વસ્તુ તો જેમ વહેલી અપાય તેમ સારું." શિખામણ આપતાં આત્મારામે કહ્યું. સુમતિ ઊભી થઇ. એણે પતિનો હાથ ઝાલ્યો, એનો હાથ ધ્રૂજતો હતો. એને તમ્મર આવી રહ્યાં હતાં. એની છાતી પર ભાર હતો. પણ "શ્રમણ ભગવાન મહાવીર"ના

જ્ઞાનના બોલ એના આત્માને આશ્વાસન આપી રહ્યા હતા. એ પતિને અંદર દોરી ગઇ.

ફૂલ જેવાં પોતાનાં બે બાળકોના મૃત દેહ પર ઓઢાડેલું શ્વેત વસ્ત્ર એણે ઉંચકી લીધું અને જ્ઞાનના પ્રકાશથી પ્રબુદ્ધ બનેલી સુમતિએ કહ્યું: "નાથ! આ આપણાં બે રત્નકંકણ, એક સોળ વર્ષનું, બીજું વીસ વર્ષનું. આજ સુધી આપણે એમને રાખ્યાં, સાચવ્યાં, પણ આજે એમનો સમય પૂરો થયો અને એમણે એમનો માર્ગ લીધો. આપણે એમના ન હતા, એ આપણા ન હતા. થોડા સમય માટે આપણને એ મળ્યા હતા. હવે એમને નિસર્ગના ખોળામાં શાંતિપૂર્વક ધરવા એ આપણું કર્તવ્ય છે. એની પાછળ શોક અને રુદન વ્યર્થ છે, ગયેલી વસ્તુ આંસુથી પણ પાછી વળતી નથી. મૌનની શાંતિમાં આપણે એમને વિદાય આપીએ."

આત્મારામ તો આ જોઇ ત્યાં જ ઢગલો થઇ ગયો. થોડી ક્ષણ માટે ત્યાં ગંભીર સ્તબ્ધતા છવાઇ ગઇ. ઘરમાં, હવામાં, વાતાવરણમાં બધે જ સ્તબ્ધતા હતી. અંતે એ પિતાની આંખમાં આંસુનું પૂર ધસી આવ્યું. એણે આંસુના પડદામાંથી જોયું તો સુમતિની આંખમાં પણ બે મોતી જેવાં આંસુ હતાં; પણ એના પર જીવનની ઊંડી સમજણનાં ઉજ્જવળ કિરણો પ્રકાશી રહ્યાં હતાં.

## શ્રદ્ધાની જ્યોત

આ પ્રસંગ પરથી સમજી શકાય છે કે આત્માની જાગૃતિ શું કામ કરે છે! જેનો આત્મા જાગૃત છે તે જ શોક–મોહ પર વિજય મેળવે છે.

પણ જે જીવનમાં હારે છે, મુંઝાય છે તેનું કારણ આત્મજ્ઞાનનો અભાવ છે અને તેથી જ વિપત્તિ કે અંતરાય આવતાં

એ થંભી જાય છે, ગભરાય જાય છે અને ધ્યેયમાંથી વિચલિત થઈ, બીજા માર્ગ ભણી વળે છે.

પણ જે માણસ આંતરપ્રેરણાથી પ્રેરાઈને કાર્ય કરે છે, જીવનને સમજીને જીવે છે એ ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ–જેના પર પૂર્ણ વિશ્વાસ રાખ્યો હોય એવો સાથી સાથ છોડીને ચાલ્યો જાય એવા સંજોગોમાં પણ–ધૈર્યને ખોયા વિના, ભય રાખ્યા વિના આગળ વધ્યે જ જાય છે.

આત્મજ્ઞાની, લોકોના અભિપ્રાયના આધારે નહિ, પણ પોતાના આત્માના અભિપ્રાયના આધારે આગળ વધે છે. એ તો કહે છે: 'લોકોને હસવું હોય તો હસવા દો. બકવું હોય તો બકવા દો; પણ મારો પંથ અફર છે.'

એને પોતાના પ્રત્યેક પગલામાં શ્રદ્ધા હોય છે. એને પોતાની પ્રત્યેક ક્રિયામાં નિષ્ઠા હોય છે અને પોતે સ્વીકારેલ ધ્યેય પાછળ સમર્પિત થવાનો એનામાં અદમ્ય ઉત્સાહ હોય છે. આવી વ્યક્તિ માટે કહી શકાય કે:

In the long run he shall be happy and prosperous.

પણ જે માણસ કાર્ય કરે છે, પણ એના પરિણામની જવાબદારી લેતાં ગભરાય છે. એ સફળ કેમ થાય? એને ફૂલ જોઈએ છે પણ કાંટા નથી ખાવા. અને કાંટા વાગે છે ત્યારે એને દૂર કરવા માટે એ જ્યાં ત્યાં પ્રાર્થના કરતો ફરે છે. સહનશીલતા અને સાધના વિના સિદ્ધિ નથી. એ વાતને જાણે માનવી ક્ષણભર ભૂલી જાય છે.

સોક્રેટિસ તો પ્રાર્થના કરતાં કહેતો: 'ભગવાન, હું એક જ માગું છું. અયોગ્ય વસ્તુ હું માગું તો પણ તું આપીશ નહિ અને યોગ્ય વસ્તુ હું ન માગું તો પણ તું આપજે જ.' માણસ જો આ

રીતે વિચારે તો એને દુ:ખમાંય સુખ લાગે. એને થાય કે ગુમડું પાક્યું છે તો એનું ઓપરેશન અનિવાર્ય છે, વેદના- વેઠ્યા વિના દર્દ કેમ મટે? વેદનાને વેઠયા વિના વિપત્તિ કેમ ટળે?

શ્રેણિક નરકમાં પણ માનસિક શાંતિ અનુભવે છે. દેહને વેદના થઇ રહી છે, શરીરમાં આગ છે, પણ આત્મામાં શીતળતા છે, કારણ કે એ સમજે છે કે જેણે કર્યાં છે, તે ભોગવે છે. આ દેહે બીજાને દુ:ખ દીધાં છે, તો આજે એને દુ:ખ મળે છે, એણે બીજાને બાળ્યા છે તો આજે એ પોતે બળે છે. એમાં મારે શું? આત્મા એ દેહથી ન્યારો છે. ખીંટીએ કોટ ટાંગ્યો હોય, એ સળગી ઊઠે, બળીને ખાખ થઈ જાય તો એના માલિકને નુકશાન થાય, પણ એ દાઝે તો નહિ ને? કારણ કે દેહ કોટથી ભિન્ન છે. તેમ આત્મા પણ દેહથી ભિન્ન છે, છતાં આજ આત્માનો પ્રકાશ આ દેહથી ઢંકાઇ ગયો છે.

કાળના વિકરાળ પંજામાં ધ્વંસ થતી વસ્તુઓને જોઇને શેકસપીઅર કહે છે:—

Ruin hath t'aught me thus to ruminate.
That Time will come and take my Love away.
This thought is as a death which can not choose.
But weep to have that which it fears to lose.

વિનાશે મને આ રીતે વિચાર કરતાં શીખવ્યું છે કે કાળ આવશે ને મારી પ્રિયતમાને પણ મારાથી દૂર લઇ જશે. આ વિચાર એક મૃત્યુ સમાન છે કે જેને માટે રુદન સિવાય બીજો કોઇ માર્ગ નથી કારણ કે જે વસ્તુ તેણે પ્રાપ્ત કરી છે તેને ગુમાવવાનો તેને સદા ભય રહે છે.

## અર્પણનો આતશ.

પ્રકૃતિ અને માનવહૃદયની મહત્તાને ગાનારો આ મહાકવિ પણ અહીં કેવો ગમગીન છે !

આવી ગમગીનીમાં શાંતિ કોણ આપે ? અરણ્ય જેવી એકલતામાં આશ્વાસન કોણ આપે ? માણસ સમ્યગ્દર્શન દ્વારા જીવનના આવા દુઃખદ પ્રસંગોને પણ એક જુદી જ દૃષ્ટિથી–એક જુદા જ ભાવથી–આવકારી શકે. મને યાદ છે: આજથી લગભગ પંદર વર્ષ પહેલાં એક વાર અમે મિત્રો નાસિક પર્યટન માટે ગયેલા. ત્યાં રસ્તામાં રોગિષ્ઠ દશામાં એક સાધુ બેઠો હતો. તેના શરીર પરનાં ગુમડાં પર કીડા ખદબદતા હતા. કીડા એટલા બધા હતા કે ગુમડાંમાંથી ગબડીને નીચે પડે. પણ પેલો સાધુ બહુ જબરો ! નીચે ગબડેલા એ કીડાને ઉંચકીને ગુમડા પર મૂકતા કહે: 'અરે, બાહર કહાં જાતા હૈ ? બૈઠ ઇધર, બાહર ભૂખા મર જાયગા.' આવી રીતે ગુમડાં ખદબદે છે, છતાં એ મસ્ત છે. એની મસ્તીનું કારણ એ જ કે દુઃખને સ્વેચ્છાપૂર્વક સ્વીકારવાનું એની પાસે આત્માનું દર્શન છે.

ભગવતસિંહને ફાંસીએ ચડાવતાં પહેલાં માફી માગવા સમજાવ્યા. પણ એણે તો દેશાભિમાનની મસ્તીમાં એક જ કહ્યું: કોઇ પણ દેશનો નાગરિક પોતાના દેશની આઝાદી માટે જે કરે છે તે જ મેં મારા દેશ માટે કર્યું છે. અને તે બરાબર છે.' એમ કહી ફાંસીના દોરડાને પણ ફૂલની માળા ગણીને એ ભેટી પડયો. આવી ફનાગીરી અને આવી ખુમારી માણસમાં કયારે આવે ? કોઈ પણ ઉદાત્ત હેતુ માટે માણસ નિર્ણય કરે છે, ત્યારે જ એનામાં અર્પણનો આવો આતશ પ્રગટે છે. આ મસ્તી, આ આતશ રૂપિયાથી કે સત્તાથી નથી મળતો, પણ આત્માની

પ્રામાણિક નિષ્ઠામાંથી પ્રગટે છે. અને તે પ્રસંગે મૃત્યુનો પણ એક પ્રકારનો આનંદ માણી શકાય છે. માળો છોડી અનંત ગગનમાં ઊડતા પંખી જેવો.

## માનવી અને માળો.

આત્મપંખી ! તું ગગનવિહારી છે. અનંત આકાશમાં ઊડનાર તું મુક્ત પંખી છે. માળામાં તું વસે છે, પણ માળો એ તું નથી. માળો તારાથી ભિન્ન છે. તું તારા માળાને સ્વચ્છ ને સુંદર રાખજે. કાંટા-જાખરાં લાવીને તારા માળામાં ન ભરતો. નહિ તો અવસરે તું જ એમાં ભરાઇ જઇશ ઊડવા ધારીશ ત્યારે નહિ ઊડી શકે અને તારા માળાના દ્વાર પણ મોટાં રાખજે કે જેથી ઊડતી વખતે તારી પાંખોને ઇજા ન થાય.

માણસો ઘર ઇંટ ચૂનાથી બાંધે છે. પંખીઓ માળો ઘાસથી બાંધે છે–દેહને રહેવાનો માળો ઇંટ, ચૂના ને માટીથી બંધાય, પણ રે આપણા આત્માનો માળો કયો ? આ દેહ એ આત્માનો માળો છે. પંખી જેમ માળાને મૂકીને ઊડે છે અને માણસ બંગલાને છોડીને બહાર વિહરવા જાય છે, તેમ આત્મા આ દેહને છોડીને પરલોકના પ્રવાસે ઊપડે છે. પંખીને માળો સાથે નથી આવતો. માણસને બંગલો સાથે નથી આવતો, આત્માને આ દેહ સાથે નથી જતો. છતાં પંખીને અને માણસને કેવી મમતા છે ? એક ભાઇને પૂછયું: ' આ બંગલો કોનો છે ? ' એણે પોતાની છાતી પર હાથ મૂકતાં ગર્વથી કહ્યું: ' મારો છે. આપ જોતા નથી ? બંગલા પર મારું જ નામ છે ! ' એમ કહી એણે તકતી સામે આંગળી ચીંધી, પણ આ ભોળા જીવને વિચાર પણ નથી આવતો કે આ કયાં તારો છે ? તારા દાદા મૂકીને ગયા, તારા બાપા ય મૂકીને ગયા અને હવે થોડા દિવસમાં તુ ય મૂકીને જવાનો. તારા સગા દિકરા પણ તારો અગ્નિ-સંસ્કાર આ

કંપાઉન્ડમાં નહિ કરવા દે. તને તો ઉંચકીને જમાલપુર ભેગો કરશે ! છતાં મકાન જોઇ મલકાય છે અને કહે છે. આ મારું છે!

આવી મમતાવાળા માણસો કરતાં તો પંખી સારાં કે સમય આવે, આસક્તિ રાખ્યા વિના માળો મૂકીને ઊડી જાય. માણસ પોતાના માળા માટે કેટલી મુશીબત ઉઠાવે છે? ટુકડા જમીન માટે કેવાં વેરઝેર બાંધે છે? માળાની ચિંતામાં અંતસમયે આપણો આત્મપંખી જ અટવાઈ જાય છે!

માણસ જાગે તો ચિંતા ભાગે. માણસને ખ્યાલ આવવો જોઇએ કે એના દેહમાં કોઈ મહાન વસે છે. ઇશ્વર વસે છે, પરમાત્મા વાસ કરે છે. આવા વિચાર આવે તો માણસ કેવો નિર્ભય રહે? એના મોંપર અભયનું કેવું તેજ ચમકતું હોય?

અત્યારે માણસની એવી સ્થિતિ છે કે એક પ્રધાન સાથે વાત કરવી હોય તોય એના હાથ ધ્રૂજે અને જીભનો લોચો વળી જાય જો કે આવો માણસ પણ પોતાના નોકર આગળ કે પોતાના આશ્રિત આગળ દમ મારતો હોય છે, પણ એથી કાંઇ તેજસ્વિતા આવી ગઈ એમ ન કહેવાય.

માણસને પિછાનવાની રીત એ સભ્યતા છે. જે સભ્યતાથી એક પ્રધાન સાથે વર્તો એ જ સભ્યતાથી તમારા નોકર સાથે પણ વર્તો અને જે ગૌરવ તમારા માણસો આગળ બતાવો એ જ ગૌરવ એક પ્રધાન સામે પણ રાખો.

વલસાડના સ્ટેશને એક યુરોપિયન ફર્સ્ટ કલાસનો આખો ડબ્બો રોકીને બેઠો હતો. જે કોઇ એ ડબ્બામાં બેસવા આવે એની સામે એ ઘૂરકીને પૂછે: Who are you ? તું કોણ છે? યુરોપિયનનો આ પ્રશ્ન સાંભળતાં જ આવનાર ભાગે. એવામાં એક આત્મગૌરવવાન યુવાન આવ્યો. એણે બારણું ઉઘાડ્યું. ત્યાં

પેલો ધૂરક્યોઃ Who are you? યુવાને શાંતિથી કહ્યું. I am your father—હું તારો બાપ. પેલો યુરોપિયન ખુશ થઈ ગયો. એણે કહ્યું: Come in પેલા યુવાનને પોતાની પાસે બેસાડતાં એણે કહ્યું: તમારા જેવા ગૌરવવાળા અને નિર્ભય મિત્રની મારે જરૂર હતી, કારણ કે બીકણ, નિર્માલ્ય અને ડરપોકની સાથે બેસવામાં પણ પાપ છે. કાયરની મૈત્રી નકામી. એથી સંસ્કાર ન આવે, સંયમ પણ ન આવે અને પ્રતિષ્ઠા પણ ન મળે.'

સોબત ઉત્તમની જોઈએ. આપણાથી અધિક ગુણસંપન્ન માણસની સોબત કરીએ તો એના ગુણ આપણામાં આવે અને અધમની સોબત કરીએ તો આપણા ગુણ જાય અને એની અધમતા આપણામાં આવે. સડેલા પાન સાથે મૂકેલાં સારાં પાન પણ સડે છે અને એ તાજા પાનને પણ ડાઘ લાગે છે.

આપણા આત્માની પણ એ જ દશા છે. વિષય, વાસના અને વૃત્તિઓના સંગથી એ પોતાનું સ્વરૂપ, પોતાની શક્તિ અને પોતાનો પ્રકાશ ભૂલી ગયો છે.

## સિંહ ને ઘેટાં

એક સિંહણનું બચ્ચું હતું. એની મા એને જન્મ આપી તરત મરણ પામી. માવિહોણા આ સિંહબાળને એક ભરવાડ ઊંચકી લાવ્યો અને પોતાનાં ઘેટાની સાથે એને પણ વાડામાં પૂર્યું. દૂધ પર એ મોટું થવા લાગ્યું. ઘેટાં–બકરાં જંગલમાં ચરવા જાય ત્યારે આ પણ એમની સાથે જાય. એ બધાની સાથે આ એવું તો હળી ગયું કે પોતાને પણ તેઓમાંનું એક માને અને બેં બેં કરે. ભરવાડ સિસકારા કરે ત્યારે ઘેટાં સાથે તે પણ ભરવાડ પાછળ દોડે.

સિંહણનું પડખું સેવ્યું હોત, મુક્ત જંગલમાં ઉછર્યું હોત અને સિંહણના દૂધને પામ્યું હોત તો એ ગર્જના કરી સ્વતંત્ર

રીતે વનવિહાર કરી શકત, પણ આ તો ઘેટાં સાથે રમેલું. આમાં શૌર્ય કે શક્તિ કેમ પ્રગટે ?

એક વાર સરિતાકિનારે આ ઘેટાં પાણી પી રહ્યાં હતાં ત્યારે પર્વતની ગુફામાંથી કોઇ સિંહ બહાર આવ્યો અને પર્વતની ટોચ પર આવી એણે ગર્જના કરી. ત્રાડ સાંભળી ઘેટાં ને ભરવાડ તો જીવ લઈ નાઠા. આ સિંહબાળ પણ દોડયું, એણે દોડતાં દોડતાં પાછું વાળીને જોયું. ત્યાં બંનેની આંખો મળી. ટોચ પર રહેલા સિંહને થયું કે આ તો મારો જાત ભાઈ છે. સિંહ ઘેટાના ટોળામાં કેમ ? આ મારાથી કેમ ડરે છે ? એણે ગર્જના કરી કહ્યું: વિચાર કર. દોડ નહિ. આપણે એક જ કૂળના છીએ. તારે મારાથી ડરવાનું ના હોય. તું પણ મારી જેમ ગર્જના કરી શકે, ત્રાડ નાંખી શકે, પૂછડું પછાડી શકે અને મૂક્ત રીતે આ જંગલમાં વિહરી શકે. જો તું તને ઓળખે તો !

પણ એમ કાંઈ એ માને ? વર્ષોથી ઘર કરીને બેઠેલી વાત એક ક્ષણમાં કાંઈ નીકળી જાય ? એ તો નાઠું અને ઘેટાનાં ટોળા ભેગું થઈ ગયું. પણ પેલા સિંહના છેલ્લા શબ્દોના પડઘા એના મગજમાં રમવા લાગ્યા; 'તું તને ઓળખ. ગર્જના કરવા પ્રયત્ન કરી જો.' આ શબ્દો એના મનમાંથી કેમેય ખસે નહિ. એણે અવાજ કરવા પ્રયત્ન આદર્યો. પણ બેં બેં અવાજ નીકળ્યો. ઘણા કાળના ઘેટાના સહવાસથી એ પોતાનો અવાજ પણ ખોઈ બેઠું હતું.

એક સાંજે સરિતાકિનારે એ સિંહ પાણી પીવા ગયો ત્યારે એણે પોતાનું પ્રતિબિંબ પાણીમાં જોયું તો પોતાનું શરીર આ ઘેટાં જેવું નહિ પણ પેલા સિંહ જેવું હતું ! હવે એને સિંહના શબ્દોમાં વિશ્વાસ બેઠો. એણે પ્રયત્ન આદર્યો. એક વાર-બે વાર-ત્રણ વાર અને એના અવાજમાં રણકો આવ્યો. ઘેટાં ભડકયાં. ભાગવા લાગ્યાં સિંહમાં આત્મવિશ્વાસ પ્રગટયો. એણે જરા જોર કર્યું ત્યાં

ભરવાડ અને ઘેટાંના કાળજાં ફાડી નાખે એવી ગર્જના એના અવાજમાંથી પ્રગટી! ભરવાડ ને ઘેટાં હવે ઊભાં રહે? સિંહે પોતાના સ્વરૂપને ઓળખ્યું તો તે વનરાજ થયો, મુક્ત થયો.

તમે પણ તમારા સ્વરૂપને ઓળખો. જીવનના ઉન્નત શિખર પર ચઢી ગર્જના કરો, સિંહવૃત્તિ કેળવો, તમારી આસપાસ ઘેરો ઘાલીને બેઠેલ વાસનાનાં બકરાં ભાગવા માંડશે. તમારી ત્રાડ સાંભળી લાલસા તો જીવ લઈ દોડશે. આજ સુધી ઇન્દ્રિયોના સહવાસમાં રહીને આત્મા પોતાનું સ્વરૂપ, પોતાની શક્તિ, પોતાનો શાશ્વત પ્રકાશ બધું જ ભૂલી ગયો છે અને ઇન્દ્રિયોની પ્રેરણાથી વાસના પાછળ પરવશ બનીને દોડે છે. એને જગાડો. જીવનદ્રષ્ટાઓ આપણને સંબોધે છે. જાગો અને જુઓ, તમે કોણ છો? તમારામાં કેવી અદ્દશ્ય શક્તિ છુપાયેલી છે! તમે ધારો તે કરી શકો. જે દુનિયામાં મહાન થયા તે તમારામાંના જ એક હતા. ભ. નેમિનાથને શ્રી કૃષ્ણે પૂછ્યું ત્યારે અને ભ૦ મહાવીરને મગધપતિ શ્રેણિકે પૂછ્યું ત્યારે એમણે આ જ ઉત્તર આપ્યો હતો: તમારો આત્મા પણ મારા જેવો જ છે અને મારા જેવું જ સ્થાન તમને મળવાનું છે, પણ આજ તમારો આત્મા કર્મોને આધીન છે એટલી જ ભિન્નતા છે. કર્મના અને વૃત્તિઓના ક્ષયે આપણે સમાન છીએ-સિદ્ધ-બુદ્ધ-મુક્ત.

બંધુઓ, આજના પ્રવચનનો ઉપસંહાર કરતાં એક જ વાત હવે કહેવાની છે: તમે તમારી ઇન્દ્રિયોનો, તમારા મનનો, તમારી યૌવનવંતી શક્તિઓનો અને તમારી બુદ્ધિનો તમે એ રીતે ઉપયોગ કરજો કે જેથી તમારો આત્મા આજ જ્યાં છે ત્યાંથી આવતીકાલે એક કદમ આગળ હોય અને તમારા પ્રત્યેક નવ પ્રભાતમાં આત્મજાગૃતિભરી પ્રગતિ હોય!

# ચાર મંગળ

[ પ્રસિદ્ધ વક્તા મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી તા. ૨૭–૧૦–૫૪ ના અમદાવાદ એલિસબ્રીજ ખાતે ચંદ્રનગરમાં આવેલ જાણીતા લેખક શ્રી જયભિખ્ખુના નિવાસસ્થાને પધાર્યા હતા, નવ વાગે વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુપ્રસિદ્ધ સાક્ષરવર્ય શ્રી ધૂમકેતુ, સંદેશ પત્રના સહતંત્રી શ્રી જયંતકુમાર પાઠક, સ્ત્રીજીવનના તંત્રી શ્રી મનુભાઈ જોધાણી, નવચેતનના તંત્રી શ્રી ચાંપશી ઉદ્દેશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયવાળા શ્રી ગોવિંદલાલ, માજી કેળવણી અધિકારી મનુભાઈ પરીખ, ડૉ. ગિરધરલાલ પરીખ, જાણીતા ચિત્રકાર શ્રી છગનલાલ જાદવ તથા વિખ્યાત તસ્વીરકાર શ્રી જગન મહેતા વગેરે ઉપસ્થિત હતા તે પ્રસંગે આપેલ મંગળ પ્રવચન.]

**चत्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा, संजमम्मि अ वीरिअं ॥**

—ઉત્તરાધ્યયન સૂત્ર

આ ચાર સાધનો આ ચેતનને ઘણાં જ દુર્લભ છેઃ માનવતા, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં વીર્યનો–પરાક્રમનો–ઉપયોગ.

# ચાર મંગળ

વિદાય વેળાએ પિતા જેમ પોતાના સુપુત્રોને છેલ્લા વારસાની ભલામણ કરે છે, તેમ ભગવાન્ મહાવીરે પાવાપુરીમાં દેહ છોડતાં પહેલાં માનવજાતને આ ચાર અંગો કહ્યાં.

'મહાનુભાવો ! આ વિશ્વમાં આ ચાર અંગ પરમ મંગળ છેઃ મનુષ્યત્વ, શાસ્ત્રનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ.'

મહત્તા મનુષ્યજન્મની નહિ, મનુષ્યત્વની છે. મનુષ્યત્વ વિના આ મનુષ્યજન્મ ભયરૂપ છે. આજે વિશ્વમાં મનુષ્યો તો અબજોની સંખ્યામાં છે, પણ મનુષ્યત્વ ન હોવાને લીધે, આટલા વિજ્ઞાનના સાધનો હોવા છતાં, અશાન્તિ છે, હિંસા છે, ભય છે.

ચતુર માણસ પોતાના ચાતુર્યથી અન્યને છેતરી રહ્યો છે. બળવાન માણસ પોતાના બળના પ્રતાપે બીજાને દબાવી રહ્યો છે, સત્તાવાન માણસ પોતાની સત્તાથી સામાને નિર્દય રીતે કચડી રહ્યો છે, શ્રીમન્ત માણસ પોતાના ધનના જોરે માણસને ગુલામ ગણી ખરીદી રહ્યો છે. આ બધું બની રહ્યું છે, કારણ કે મનુષ્યત્વ નષ્ટ થઇ રહ્યું છે.

મનુષ્યત્વ એ ગુલાબનું ફૂલ છે. ફૂલને ઉષ્ણ જળમાં ઉકાળશો તોય એ પાણીને ગુલાબજળ બનાવશે, એને ઊકરડા પર ફેંકશો તોય એ ત્યાં પડયું પડયું સુવાસ પ્રસરાવશે. એને સુંદરી વેણીમાં ગુંથશે તોય એ ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરશે અને કોઇ ભક્ત એને પ્રભુના મસ્તક પર ચઢાવશે તો તેય એટલી જ

નમ્રતાથી સૌરભ મહેકાવશે. એને ગમે તે સ્થાનમાં મૂકો, પણ એ પોતાનો ધર્મ નહિ ચૂકે.

મનુષ્યમાં મનુષ્યત્વ જીવંત હોય છે ત્યારે એ પણ સુમનની જેમ મહેકતું હોય છે. એ જો ચતુર હોય તો ભોળા માણસને બુદ્ધિભરી સલાહ આપે, એ લેખક હોય તો શિષ્ટ સાહિત્ય સર્જીને સમાજને સન્માર્ગે વાળે, એ બળવાન હોય તો નિર્બળનું રક્ષણ કરે, એ સત્તાવાન હોય તો પ્રજાને સહાયતા આપે, ને ધનવાન હોય તો એ નિર્ધનનો મિત્ર બને; કારણ કે એનું મનુષ્યત્વ એને આવાં સારાં કાર્યો કરવા અવિરત પ્રેરતું જ હોય છે.

સૂર્યનો પ્રકાશ જગતને લોકવ્યવહારમાં પ્રેરે છે, તેમ મનુષ્યત્વ ભલાઈની પ્રવૃત્તિમાં પ્રેરે છે, સૂર્યના પ્રકાશમાં પ્રાણીસમૂહ અભય હોય છે, તેમ મનુષ્યત્વના પ્રકાશમાં માણસનો પ્રત્યેક વ્યવહાર અભય હોય. આજ તમે જોશો તો મનુષ્ય સામા મનુષ્યથી ચેતીને દૂર દૂર ચાલે છે; કારણ કે મનુષ્યત્વનો હ્રાસ થયો છે, માટે મનુષ્યજન્મને મંગળમય બનાવવા મનુષ્યત્વની પુનઃ પ્રતિષ્ઠા કરો.

બીજું મંગળ છે–શાસ્ત્રનું શ્રવણ. મનુષ્યત્વનો વિકાસ કરવામાં શ્રવણ ખૂબ સહાયક બને છે. માણસનું મન પાણી જેવું છે. એ સદા નીચાણવાળા પ્રદેશમાં જતું હોય છે. એમાં પણ જો ઢાળ મળી જાય તો તો પૂછવું જ શું ! એનો વેગ દ્વિગુણિત થઈ જવાનો–ખૂબ જ વેગથી નીચે જવાનું. માણસનું મન નીચે જઈ જ રહ્યું હતું, એમાં વાસનાથી ભભૂકતું રંગીલું વાતાવરણ મળ્યું. ડગલે ડગલે વિલાસી ગીતોનું શ્રવણ વધ્યું. મન વધારે ને વધારે અધોગામી બન્યું.

આવા સંયોગોમાં નીચે લપસતા મનને ઊંચે લઈ જનાર હોય તો તે સત્શાસ્ત્રનું શ્રવણ છે. જેમ પંપથી પાણી ઊંચે જાય છે,

તેમ મહાન પુરુષોના જીવનશ્રવણથી માણસનું મન ઊર્ધ્વગામી થાય છે. અને જેનું મન પવિત્ર ને નિર્મળ હોય છે, તે જ આનન્દમાં રહી શકે છે. આનન્દ જગતની વસ્તુઓમાં નથી, પણ નિર્મળ મનમાં છે. મનમાં નીચતા હોય, અપવિત્રતા હોય, અન્ધકાર હોય, ત્યારે તો અનેક સાધનો હોવા છતાં પણ નિર્ભય આનન્દ મળતો નથી. અને કેટલીકવાર તો ઊંડે ઊંડે વેદના-દંશથી માણસ પીડાતો હોય છે.

અહીં ભગવાને વાચન કરતાં શ્રવણ એટલા માટે કહ્યું છે કે; એથી ચારિત્રશીલ પુરુષના સાન્નિધ્યનો લાભ મળે. એની વાણી-માંથી નીતરતી ચારિત્ર્યની ઉષ્મા શ્રોતાના હૈયાને ભરી દે.

શિયાળામાં અગ્નિ પર લખેલ નિવેચન વાંચવાથી ઉષ્મા નથી મળતી, પણ અગ્નિના સાન્નિધ્યથી જ ઉષ્મા મળે છે, તેમ પુસ્તકના વાચન માત્રથી આપણામાં પરિવર્તન નથી આવતું, પણ ચારિત્ર્ય-વાન પુરુષોની ઉપાસનાથી આપણા જીવનમાં ત્યાગની ભાવના આવે છે. અને એ આદર્શ માનવીની છાપ, ઉપદેશની સાથે સાથે આપણા હૈયા પર અંકિત થાય છે.

અહીં એક વાત ખૂબ સૂચક છે. આપણે જેને સાંભળીએ તે ત્યાગી હોવો જોઇએ. ત્યાગી એટલે માત્ર કપડાં બદલાવીને બેઠેલો નહિ, પણ નિઃસ્પૃહી ને સંયમી. એવા નિઃસ્પૃહી પુરુષના મુખ-માંથી નિકળેલ વાણી નિર્મળ પાણીનું કામ કરે છે. પાણીથી જેમ શરીરનો ને વસ્ત્રોનો મળ દૂર થાય છે, તેમ આવી વાણીથી આપણા આત્મા પર ચઢેલા મળનો ક્ષય થાય છે.

ત્રીજું મંગળ તે શ્રદ્ધા. શ્રદ્ધા એ માનવીનું પરમ ધન છે. માણસ જ પાસે શ્રદ્ધાની મૂડી હોય તો એ જીવનમાં પ્રગતિ કરી

શકે છે. જ્યારે શ્રદ્ધા ખૂટે ત્યારે માનવપ્રગતિ થંભે છે. જીવનના વિષમ ને વિકટ પંથમાં માણસ શ્રદ્ધાના પાથેયથી જ આગળ વધી શકે છે. જ્યાં બુદ્ધિ કુંઠિત થાય છે, ત્યાં શ્રદ્ધા માર્ગ કરે છે. શ્રદ્ધાનો આ જેવો તેવો વિજય નથી.

માણસ કોઇ પણ વસ્તુનો પ્રારંભ ત્યારે કરે છે, જ્યારે એની એ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા હોય. પણ એ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા ક્યારે જાગે? જ્યારે એને પોતાના જીવનમાં શ્રદ્ધા હોય, પણ એને એ જીવનમાં શ્રદ્ધા પણ ત્યારે જ જાગે, જ્યારે એને પોતાના આત્માના અસ્તિત્વમાં અસીમ શ્રદ્ધા હોય. આવો આત્મશ્રદ્ધાવાન માણસ જ આખા જગત સામે બાથ ભીડી શકે.

ચોથું મંગળ તે સંયમમાં પુરુષાર્થ. માણસ ધન રળવામાં, એને સાચવવામાં, વિલાસ વધારવામાં પુરુષાર્થ કરે છે, પણ સંયમની વાતમાં એ પુરુષાર્થહીન બની જાય છે.

ભગવાન કહે છે: 'તું તારો પુરુષાર્થ ભોગમાં નહિ, ત્યાગમાં કર.'

ભેગું કરવાનું કામ તો એક ભીખારી પણ કરી શકે છે, એમાં પુરુષની મહત્તા શી? એક ભીખારી પાસે બે ડબલાં હોય ને માર્ગમાં ત્રીજું ડબલું મળે, તો એને એ ઝોળીમાં નાખવાનો. ભેગું કરવાનું ને ભોગવવાનું કાર્ય તો ભીખારી પણ કરી શકે. મહત્તા ત્યાગની છે. ત્યાગ માટે અમીરી જોઇએ, મહાન હૃદય જોઇએ, પ્રકાશમય દૃષ્ટિ જોઇએ.

સંયમ એકદમ નથી આવતો. ઈન્દ્રિયોના ઘોડા તોફાની છે. એમને વશ કરવા કેવો પ્રબળ પુરુષાર્થ જોઇએ! એમના મોંમાં સંયમની લગામ ન હોય તો તે આપણા જીવનને ક્યાંય ફગાવી

છે, કારણ જગત પ્રલોભનોથી ભરેલું છે. આવા પ્રલોભનભર્યા માર્ગમાં જીવનરથને સલામત રીતે લઈ જવો હોય તો સંયમ વિના કેમ ચાલે?

ઘણા માણસો કુશળ હોવા છતાં જીવનમાં આગળ વધી શકતા નથી, એમને શક્તિઓ મળી હોવા છતાં અન્તિમ વિજય મળતો નથી, એનું કારણ એ જ કે, એ સંયમમાં નિર્બળ હોય છે. એથી એમની સાધના માત્ર વ્યર્થ જાય છે, માટે માનવ-જીવનને વિજયવંતું બનાવવા તમારી શક્તિઓને, તમારી આવડતને, તમારી બુદ્ધિને, તમારા પુરુષાર્થને સંયમમાં જોડો.

માનવજીવનને પરમ મંગળ એવી આ ચાર વાત ભગવાને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહી છે.

આજ જગતમાં અશાન્તિનો દાવાનળ પ્રગટ્યો છે. શાન્તિની વાતો માત્ર હવામાં જ છે. વાસ્તવિક જગતમાં તો બુદ્ધિશાળી માણસોને પણ કોઇ માર્ગ દેખાતો નથી. ચારે બાજુ આગના ભડકા છે. એવા ટાણે માણસે 'માણસ' બનવા માટે ને શાન્તિની દુનિયા ઊભી કરવા માટે પણ આ મંગળ સત્યોનો પ્રચાર સાહિત્યમાં કરવો રહ્યો. અને આ અંગોને આચારમાં વણવાં રહ્યાં.

# જીવનમાં ધર્મ

[ અમદાવાદ જૈન મરચન્ટ સોસાયટીના પાલખીવાળા હોલમાં તા. ૫-૧-૫૫ ના રોજ 'જીવનમાં ધર્મ' એ વિષય પર અપાયેલું એક મનનીય વ્યાખ્યાન ]

धर्मस्य फलमिच्छन्ति
धर्मं नेच्छन्ति मानवाः
फलं पापस्य नेच्छन्ति
पापं कुर्वन्ति सादराः

માણસો ધર્મનું ફળ-પરિણામ ઇચ્છે છે. પણ તેમને ધર્મ આચરવો નથી. અને પાપનું ફળ જોઇતું નથી છતાં પાપ આખો દિવસ પ્રેમ પૂર્વક કરે જ જાય છે !

# જીવનમાં ધર્મ

જીવન વ્યવહારમાં ધર્મની અગત્ય શી છે, તેનો આજે અહીં વિચાર કરવાનો છે. જગત આખું આબાદી, સુખ, શાન્તિ, આનંદ અને સંપત્તિની ઈચ્છા કરે છે, પણ તે મળે શાથી? કારણનો વિચાર કોઇ કરતું નથી! કાર્ય જોઇએ છે, પણ કારણ નથી જોઇતું! પણ એ કેમ બને? ધર્મ સુખનું વૃક્ષ છે, અને સુખ ધર્મનું ફળ છે. ફળ કોને હોય? ઝાડને હોય. ઝાડ વાવીએ નહિ તો ફળની પ્રાપ્તિ ક્યાંથી થાય? કેરીઓ જોઇએ છે પણ આંબો વાવવો નથી. ધર્મનું ફળ મેળવવું છે, પણ ધર્મ આચરવો નથી. તો ફળ કેવી રીતે મળે!

પાપનું ફળ બરબાદી, દુઃખ, અશાન્તિ, શોક અને દરિદ્રતા છે. **पापं कुर्वन्ति सादराः** ચોવીસે કલાક પાપમાં રચ્યાપચ્યા રહેવું છે, પાપની પ્રવૃત્તિ કરવી છે, પાપમય જીવન જીવવું છે અને પુણ્યના ફળની આશા રાખવી છે, તે કેવી રીતે બને? ગમાર પણ એવો વિચાર નહિ કરે કે બાવળનાં બી વાવીએ અને આંબો ઊગી નીકળે!

જીવનમાં પાપનું પરિબળ છેઃ વાણી, વર્તન અને વાચન મુખ્યત્વે વિલાસ તરફી છે, અને ફરિયાદ કરીએ છીએ કે સુખ મળતું નથી! પણ સુખ આવે કયાંથી? સુખ જોઈતું હોય તો ધર્મમય જીવન બનાવો; પણ ધર્મની વાત આવે ત્યાં તો કહેશો કે પુરસદ નથી. પણ યાદ રાખજો કે એક દિવસ તમારે પરાણે-અનિચ્છાએ પણ પુરસદ કાઢવી પડશે, અને તે અંતિમ પળે

તમારું ઘર ગમે તેટલા વૈભવથી છલકાતું હશે તોયે તે આકરું લાગશે, ભારે પડશે. આ જ સુખનાં સાધનો એ વખતે ભયંકર લાગશે. આજે અહીં પણ કેટલાય એવા બાહ્ય દૃષ્ટિએ સુખી દેખાતા માણસો હશે, જેમના અંતરને દુઃખનો કોઈ ગુપ્ત કીડો સતત કોરી ખાતો હશે!

મસાલા નાખી દૂધપાક બનાવ્યો હોય, અંદરથી સુગંધી મહેક આવતી હોય, તેને પીવા મોં સુધી કટોરો લઈ જઈએ, ત્યાં કોઈ કહે કે એમાં ઝેરનાં બે બિંદુઓ પડ્યાં છે, તો તરત આપણે એ કટોરો ફેંકી દઈએ છીએ. તેને પીતા નથી, શું કારણ? કારણ એ કે વસ્તુ સુંદર છે, તેના પ્રતિ પ્રીતિ પણ છે, પણ તે પ્રેય છે તેવી શ્રેય નથીઃ વસ્તુ સુંદર હોવા છતાં મારી નાખે તેવી તે ચીજ છે. તેમ જ્યા જ્યાં ધર્મ નથી ત્યાં ત્યાં બધું હોય તો પણ તે ઝેરમિશ્રિત છે. ધર્મ વિના જીવનમાં સુખ નહિ, શાંતિ નહિ. જેમ શરીર સારું ન હોય તો ગમે તેટલો પૈસો હોય તો પણ માણસને ચેન પડતું નથી, તેમ જીવનમાં ધર્મ ન હોય તો બહારની ગમે તેવી વસ્તુઓ પણ આત્માને શાંતિ આપી શકતી નથી.

### અંતર ઉજજડ છે

જગત પર નજર નાખો! બહારથી સુખી દેખાતા અંતરથી બળી રહેલા જણાશે. તેમને બહારથી જોનાર કોઈ ભલે કહે કે, 'ભાઈ! તમે તો પરમ સુખી છો.' પણ સાંભળનારનું અંતર જાણતું હોય છે કે તેમના અંતરમાં કેટલા કાંટા ભર્યા છે! પોતાની પીડા પોતે જ જાણે! કપડાં ઉતારે ત્યારે શરીર પરનાં ગુમડાં દેખાય. બહારથી તો સૌ કહે કે, 'ભાઈ દસ લાખના ધણી છે, બબ્બે મોટરો છે અને આલીશાન બંગલો છે, શો વૈભવ છે!' પણ એકાન્તમાં એને પૂછશો તો કહેશે કે, 'આ બધું જે,

પણ ભાઈલા! અંતરનો બાગ ઉજ્જડ છે. અંતરને તો આ ઉકરડો લાગે છે.' જીવનમાં ધર્મનું સંગીત નથી, તેથી જ બહાર ને અંતરમાં ભેદ છે.

હમણાં છાપામાં વાંચ્યું હશે. એક કરોડપતિ એરોપ્લેનના અકસ્માતમાં મરી ગયો. એ ઘણો વૈભવશાળી હતો. પોતાની આવડતથી તેણે પૈસાનો તો ઢગ કર્યો હતો, અને ઝવેરાતની પેટીઓ ભરી એ બહારગામ એરોપ્લેનમાં જતો હતો. રસ્તામાં એરોપ્લેન સળગ્યું અને આકાશમાં એ પણ સળગ્યો. ધરતી અને આકાશ વચ્ચે એનું કરુણ મૃત્યુ થયું. આ સુખ! મરતી વખતે ભગવાનનું નામ સંભળાવનાર પણ કોઈ ન મળે! અને હાય! હાય! કરતો વચમાં જ મરી પડે. આવાં કરુણ મૃત્યુઓ સાંભળો છો ત્યારે કમકમાટી છૂટે છે, પણ એરોપ્લેનમાં જવાનો મોહ છૂટતો નથી. બીજાને ઊડતા જોઈ તમને મનમાં થાય છે કે આપણે રહી ગયા. પણ વિચારકો તો જાણે છે કે પંખીના ભવમાં કેટલીય વાર આમ આકાશમાં ઊડચા હતા.

કેટલાક રસ્તામાં ગાતા ગાતા જાય છે: "દુનિયાંકી મઝા લે લો, દુનિયા તુમ્હારી હૈ" પણ હું કહું છું કે દુનિયા તમારા પૂર્વજો કે મહાન્ ચક્રવર્તીઓની પણ નથી થઈ, તો તમારી કઈ રીતે થવાની છે? તમારા પૂર્વજો પણ મારું મારું કરતાં મરી ગયા. એ શું લઈને ગયા? કઈ વસ્તુઓ સાથે ગઈ? હા, જે સારાં કાર્યો કર્યાં તે જરૂર સાથે ગયાં, બાકી તો માથે પાપનો ભાર જ.

## નમિરાજનું દૃષ્ટાંત

તમને ખબર છે કે પાપનો ઉદય આવે છે ત્યારે મધુર વસ્તુઓ પણ અમધુર લાગે છે. કોયલનો મધુર ટહુકો પણ કારમો લાગે છે. નમિરાજ કેટલા વૈભવશાળી હતા? એ મહારાજવીને વૈભવનો પાર નહિ. અંતઃપુર પણ સુંદરીઓથી ભરેલું. પણ એક

દિવસ એના દેહમાં ભયંકર રોગ ફાટી નીકળ્યો. શરીર જ્વરની જ્વાળાઓમાં તપવા લાગ્યું, ત્યારે તેના અંગો પર ચંદનવિલેપન કરવા માટે એની યૌવનવંતી પત્નીઓ ચંદન ઘસવા બેઠી. સુંદરીઓના હાથે રત્નનાં કંકણ હતાં. જે રત્નકંકણ અને નૂપુર-ઝંકારનાં કવિઓએ ભારોભાર વખાણ કર્યાં છે, જેના શ્રવણથી હૃદય નાચી ઊઠે અને દિલમાં રણકાર જાગે; એ જ કંકણનો મધુર અવાજ આજે શૂળની જેમ નમિરાજના કાનમાં ભોંકાય છે. એ કહે છે: 'આ કર્કશ અવાજ ક્યાંથી આવે છે?' એક વાર જેને સાંભળવાની એ ઝંખના કરતો હતો તે જ આજે એને ગમતું નથી; કારણ કે શરીરમાં સુખ નથી. પાપનો ઉદય થાય ત્યારે તેનું પરિણામ દુઃખ. તેવે સમયે વૈભવમાં શાન્તિ ન દેખાય તે સહજ છે.

મંત્રીએ કહ્યું: 'આ અવાજ કંકણનો છે.'

નમિરાજ કહે: 'મને આ કર્ણકટુ અવાજ ગમતો નથી.'

સ્ત્રીઓએ એક એક કંકણ કાઢી નાંખ્યું અને ચંદન ઘસવા લાગી. થોડી વાર થઇ અને નમિરાજે પૂછ્યું : 'કેમ! હવે અવાજ કેમ થતો નથી?'

મંત્રીએ કહ્યું: 'કંકણ બેને બદલે એક થવાથી.' એકમાં શાન્તિ, બેમાં અશાન્તિ. આપણે શીખ્યા છીએ ને! એકડે એક અને બગડે બે. એનો અર્થ શો? બે થાય એટલે બગડે.

નમિરાજને માંદગીમાં કંકણમાંથી પણ આત્માના એકત્વનું ભાન થયું અને આત્મજ્ઞાની થયા.

## સમાધિ મરણ

વિદાયવેળાએ અનેકમાંથી આત્મા એક જ રહેવાનો. સૌને પાછળ મૂકી એ આગળ વધવાનો. આ પળ ઘણી જ કપરી હોય છે.

જીવનના મર્મને ભેદી નાંખે એવી આ પળ હોય છે. આ સમયે પ્રભુનું નામ કોને મોઢે ચઢે? જેણે સારાં કાર્યો કર્યાં હોય, જેણે જીવનમાં પ્રકાશનો વિચાર કર્યો હોય, તે માણસ આવા સમયે પ્રભુનું સ્મરણ કરી શકે. આખી જિંદગી જે ઘૂંટયું હશે તે અંતસમયે આવીને ઊભું રહેશે. પણ જેણે જીવનભર પાપનો અને અંધકારનો વિચાર કર્યો હોય તેને કોઈ **'નમો અરિહંતાણં'** સંભળાવે તોય સાંભળવું ન ગમે; કેમકે જિંદગીમાં તે અંગે પ્રેમ કેળવ્યો નથી, તેનું મહત્ત્વ એને સમજાયું નથીઃ એટલે છેલ્લી પળે આ નામનું સ્મરણ કરવું પણ આકરું લાગે છે. મૃત્યુની નોબત વાગતી હોય ત્યારે પ્રભુ–નામની પિપુડી કયાંથી સંભળાય? મૃત્યુની ભયંકર કલ્પનામાં એનો આત્મા ગૂંગળાતો હોય ત્યાં શાંતિ કયાંથી હોય? સમાધિ કેવી રાતે મળે? ભગવાન પાસે રોજ ચૈત્યવંદન કરતા હો, ને જે સૂત્ર બોલતા હો, તેનો અર્થ સમજતા હો, તો ખબર પડે કે આપણે જય વીયરાયમાં શી માંગણી કરીએ છીએ! ધન નહિં, સ્ત્રી નહિ, પુત્ર–પુત્રી નહિ, પણ સમાધિ મરણની પ્રાર્થના કરીએ છીએ. **સમાધિ-મરણં**! પ્રભુ, મારે કાંઇ ન જોઇએ! મને સમાધિ મરણ મળો, શાંતભર્યું પ્રશાન્ત મૃત્યુ મળો.

આહ! જ્ઞાનીઓએ મૃત્યુને પણ સત્કાર્યું! એની પણ માંગણી કરી! જ્ઞાનીની મૃત્યુ માટે પણ કેવી તૈયારી!

ગમે તે ઘડીએ જવાનું છે તો દરેક માણસે જીવનની તૈયારી કરી રાખવી જોઇએ. વેપારી તો ડાહ્યા કહેવાય. પાણી પહેલાં પાળ બાંધે. તમે કહેશો અમને વેપારમાં સમજણ પડે, આમાં સમજ ન પડે. પણ જ્ઞાનીઓ કહે છે; આને પણ સમજે જ છૂટકો છે. નહિ સમજો તો અંતસમય બગડી જશે. વસ્તુપાળ ને તેજપાળ પણ તમારી જેમ સંસારી હતા, પણ જીવન ધર્મમય

હતું. એમણે એમનો વૈભવ આબૂનાં સંગેમરમરમાં ને આરસમાં કોરીને એમના વૈભવને, એમના જીવનને, અમર બનાવ્યું. એમનું મૃત્યુ થયું, પણ તે ક્યાં? યાત્રાએ જતાં-જતાં. કેવું પવિત્ર પ્રસ્થાન? જાણે યાત્રાને બહાને મરણની સામે ગયા! એમણે મૃત્યુને પણ શરમાવ્યું!

એવો જ પ્રસંગ ગુજરાતના મહામંત્રી ઉદયનનો છે. એમનું વીરમૃત્યુ વિચારવા જેવું છે. ગુજરાતને એની પૂરી પિછાન નથી. શ્રી. મુનશી જેવા કેટલાક લેખકોએ ઐતિહાસિક સાહિત્યને અન્યાય કર્યો છે. ઇતિહાસનાં તેજસ્વી પાત્રોને પોતાની મનસ્વી વૃત્તિઓથી રંગીને પોતાના માનસનું પ્રદર્શન ભર્યું છે! પ્રતાપી પાત્રોની પવિત્રતા સામાન્ય માનસમાં આવતી જ નથી.

મહામંત્રી ઉદયનને શ્રી. ક. મા. મુનશીએ પોતાની નવલ-કથાઓમાં સાવ હીણુ ચીતર્યા છે. એમની એ નવલકથાઓ અંગ્રેજી નવલકથાઓમાંથી સરજાઈ છે. એ નવલકથાઓમાં જે જે પાત્રો હતાં, તે તે પાત્રો પોતાની નવલમાં ખડાં કરવાં, ને ઇતિહાસનો આભાસ આપવા એમણે સોલંકી યુગ લઈને એ વખતનાં પાત્રો મનફાવતાં ગોઠવીને ગમે તે રીતે ઘડ્યાં છે. તેઓએ એક પ્રસંગે જાહેર કર્યું હતું કે મુંજાલને ઠેકાણે પહેલાં શાંતુ મૂક્યો હતો, પણ પછી ફેરવી નાખ્યો. મંજરી એમની કલ્પનાનું પાત્ર છે! આમ એમણે નવલકથાનો રસ જમાવવા ગુજરાતનાં પ્રતિભાશાળી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે.

આ વખતે એક ભરવાડનું દૃષ્ટાંત યાદ આવે છે. સ્ત્રી પુરુષ નદી ઊતરતાં હતાં. સ્ત્રીએ પોતાના પગે સુંદર મેંદી મૂકી હતી. પુરુષને એનો મોહ હતો. સ્ત્રીને પગે પાણી ન અડે એટલે એણે સ્ત્રીને અવળી પકડી. માથું નીચે ને પગ ઉપર. સ્ત્રી પાણી પીને મરી ગઈ, પણ પેલા પુરુષે કહ્યું: “ભલે જીવ ગયો, પણ

રંગ તો રહ્યો. " આમ એમણે નવલકથાનો ટેસ્ટ જાળવવા કેટલાંય મહાપ્રતાપી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે. આજના ઉદાર યુગમાં શ્રી. મુનશી જેવાએ એ પાત્રોને ન્યાય આપી પોતાના અપકૃત્યનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. આ તો એક પ્રાસંગિક વાત થઈ. હવે આપણે મૂળ વાત પર આવીએ. ગુર્જર-ઇતિહાસના ઘડવૈયાઓમાં મહામંત્રી ઉદયનનું સ્થાન અનુપમ છે.

એંશી વર્ષના મહાયોદ્ધા ઉદયન મૃત્યુશય્યા પર પોઢ્યા છે. સમરાંગણની એ ભૂમિ છે. એમણે સૌરાષ્ટ્ર પર કપરો વિજય તો મેળવ્યો, પણ દેહ ઘાથી જર્જરિત થયો છે. આ વિદાય વેળાએ એમને ગુરુ-દર્શનની પ્યાસ જાગી. જેણે સમગ્ર જીવનમાં દેવ-ગુરુ-ધર્મની ઉપાસના કરી, તેને તે અત્યારે કેમ વીસરી શકે ? એમણે કહ્યું: 'મને એક જ ઇચ્છા છે. પ્રભુનું નામ સંભળાવનાર કોઇ ત્યાગીના સાંનિધ્યમાં મારો દેહ છોડું...'

આ સમરભૂમિમાં ત્યાગી સાધુ લાવવા કયાંથી? રણમેદાનમાં એક તરગાળો હતો. એણે સાધુનો વેશ ભજવવા હા કહી. એ સાધુનો વેશ પહેરી હાજર થયો અને દૂરથી જ ધર્મલાભ કહી ઊભો રહ્યો. મહામંત્રી ઉદયન સાધુને જોતાં જ પથારીમાંથી અર્ધા બેઠા થઇ ગયા. એમની આંખોમાં પ્રેમનાં ઝળઝળિયાં આવ્યાં. એમને થયું, મારું કેટલું પુણ્ય કે અંતસમયે આવા ત્યાગી મહાત્માનાં પણ દર્શન થયાં. એણે ચરણરજ લીધી. પેલાએ **નમો અરિહંતાણં** સંભળાવ્યું. ઉદયનનું માથું નમ્યું. એણે છેલ્લું શરણ લીધું. **અરિહંતં શરણં પવજ્જામિ.** અરિહંતને શરણે જાઉં છું.

**ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તનસે નીકલે,**
**ગુરુરાજ હો નિકટમેં, ઔર ધર્મ હો મેરે ઘટમેં.**

જીવન ધર્મમય ને પવિત્ર હોય તો જ એ સમયે ગુરુ યાદ

આવે. મહામંત્રી ઉદયને પ્રભુનું નામ જપતાં મૃત્યુનું શરણુ લીધું. એ પછી રાજ્ય તરફથી તરગાળાને સારું ઇનામ આપવા લાગ્યા, ત્યારે એણે એનો અસ્વીકાર કરતાં કહ્યું: 'ના, દ્રવ્ય મારે ન ખપે. જે વેશના દર્શનથી મહામંત્રી જેવાનું મરણ સુધર્યું, જે વેશના ચરણોમાં ઉદયન જેવા મહામંત્રી પણ નમે એવો પાવનકારી પવિત્ર વેશ મળવા છતાં હું છોડું તો મારા જેવો નિર્ભાગી કોણ? મને ત્યાગના પંથે જવા દો. હું કોઈ જ્ઞાની ગુરુના શરણમાં જઈ, શાસ્ત્રનો અભ્યાસ કરી, ચારિત્ર પાળી મારા જીવનને ધન્ય બનાવીશ. મને જવા દો: **અરિહંતં શરણં પવજ્જામિ.**'

વેશ લઈને ભજવતાં આવડવો જોઈએ. તમે પણ મનુષ્ય-ભવનો વેશ ભજવો છો ને? છપ્પન ઈંચનો ડગલો પહેરવા માત્રથી કાંઈ મનુષ્ય ન થવાય. બહારના વેશમાં સૌ સારા દેખાય છે, સારા દેખાવાનો પ્રયત્ન પણ કરે છે; પણ ખરેખર સારા થવાને પ્રયત્ન કેટલા કરે છે? ફોટો પડાવવા જાઓ ત્યારે કેવા દેખાઓ છો? બહાર સુંદર અને અંદર બગાડ, આ ક્યાં સુધી ચાલશે? અંતે પ્રભુના દરબારમાં તો અંદરનું બહાર આવ્યા વિના નહિ રહે ને?

કુદરતે આપણી છાતીમાં વિચારો જોવાની બારી નથી મૂકી. એવી બારી હોય તો શું પરિણામ આવે? પોલ બધી ઊઘડી જ જાય ને! બધા દાવપેચ દેખાવા લાગે ને! તમારા દિલમાં કોણ રમે છે! અને કેવા વિચારો આવે છે એ બધું દેખાય તો પછી તમારો કોઇ સંગ પણ ન કરે! પેટનો છોકરો પણ કહે કે તમે દૂર રહો; સ્ત્રી પણ સંભળાવી દે કે તમે કેવા છો તે હવે જોઇ લીધા. પતિ પણ કહી દે કે તું કેવી સતી છે તે સમજાઇ ગયું. પણ સારું છે કે એવી બારી નથી. પણ દુનિયા ન જુએ તો કાંઇ નહીં. અનંત સિદ્ધો તો જુએ છે ને? પ્રભુ આપણા કાર્યોનો સાક્ષી છે, માટે મનુષ્યત્વની છબીને ધર્મની ફ્રેમથી મઢો.

એક કવિ કહે છે :

'નરભવ નગર સોહામણું પામીને કરજે વેપાર.' ચોરાશી લાખના ફેરામાં આ નરભવ નગર અનુપમ છે. મનુષ્ય દેહરૂપી ઉત્તમ બંદર મળ્યું છે. જીવન એવું બનાવો કે ગમે તે પળે મૃત્યુ આવે તો પણ મુખ ઉપર પ્રસન્નતા હોય. આજે તો અંત-સમયે દવાખાને લઇ જાય, ત્યાં અભક્ષ્ય અને અપેય દવા પીને મૃત્યુ પામે! દવા પીને કોઇ અમર થયું છે કે?

## અમરત્વને આરે

અમરત્વ ક્યાં છે? દવા અને ડોકટરો અમર નહિ બનાવી શકે. અમરત્વ માટે એક રૂપક છે. દેવોએ ઘણા કષ્ટે અમરત્વ શોધ્યું. પણ રાખવું ક્યાં કે જેથી તે માનવને મળે નહિ. એકે કહ્યું :

'પર્વતની ટોચ પર મૂકો.' જવાબ મળ્યો: 'જે માનવ માઉન્ટ એવરેસ્ટને સર કરી શકે તે કયા શિખરે ન પહોંચે?' ત્યારે ક્યાં સંતાડવું?

બીજા દેવે કહ્યું : 'પર્વતની ગુફામાં કે ખીણમાં સંતાડો.' ઉત્તર મળ્યો: 'જે માણસોએ માઈલ માઇલ ઊંડી ખીણો અને ખાણો ખોદી, તે ગુફાઓને રહેવા દેશે ખરા?'

એટલામાં એક વિબુધ બોલ્યો : 'અમરત્વને એવે સ્થાને મૂકો કે જ્યાં માણસને શોધવાનું મન ન થાય...જેનો વિચાર સરખો ય ન આવે!' એટલે અમરત્વને માણસના હૈયામાં મૂક્યું, તે દિવસથી માણસ બહાર સર્વત્ર અમરત્વને શોધતો ફરે છે. પણ અંતરમાં, પોતાના હૈયામાં તો તપાસતો પણ નથી. એની સામે જ છે. એની જ ઉપર પગ મૂકી એ આગળ વધે છે!

જ્ઞાનીઓ આ વાતને સાદી ભાષામાં સમજાવે છે 'જેમ વન ઢૂંઢે મૃગ કસ્તૂરિયો, લેવા મૃગમદ ગંધ.' હરણની ડૂંટીમાં કસ્તૂરી

છે, પણ એ ત્યાં શોધતું નથી, જે દિશાથી પવન આવે તે દિશા ભણી એ દોટ મૂકે છે! તેમ અમરત્વ આપણી પાસે છે, પણ આપણે અંતરમાં ડૂબકી મારતા નથી અને જ્યાં ત્યાં શોધતા ફરીએ છીએ. લોકો ધર્મને બાહ્યાચારમાં શોધી રહ્યા છે. મંદિરોમાં જઈ જોરશોરથી ઘંટ વગાડ્યા કરે, જાણે ભગવાનને જગાડતા ન હોય! સૌને બાહ્ય ધર્મ જોઈએ છે, અંતરધર્મ અદૃશ્ય થતો જાય છે. અરે ભાઈ! સાચો ધર્મ અંદર છે, માટે અંદર આવો.

આજ જડ–વિજ્ઞાન વધ્યું છે, પણ આત્મ–વિજ્ઞાન વિના બધું નકામું છે. એ દુનિયાનું બધું અપાવશે, પણ અમરત્વ નહિ અપાવે. અમરત્વ આત્મામાંથી જ પ્રગટવાનું છે, દેહ ભલે પડે, પણ આત્મા નથી પડવાનો. આ દૃષ્ટિ આજના વિજ્ઞાનમાં કયાં છે?

સાગરજી મહારાજ માંદા હતા. ભક્તોએ ડૉક્ટરને બોલાવ્યા. મહારાજશ્રીની છેલ્લી સ્થિતિ હતી. ડૉક્ટરે તપાસીને ખાનગીમાં જઈને એક ભાઈને કહ્યું. 'સીરિયસ છે.' મહારાજશ્રીને કાને આ શબ્દો પડ્યા: 'અરે, ભલા ડૉક્ટર! આ વાતને ખૂણામાં જઈને શું કહો છો? હવે ભય કયાં છે કે ગભરાવાનું હોય! સમરાંગણના મરણિયા લડવૈયાને મૃત્યુનો ભય કેવો? એ લડવા માટે તો નીકળ્યો છે. અમે મૃત્યુની સામે જંગ ખેલવા તો સાધુ થયા છીએ.'

આ સાંભળી સૌ નમી પડયા. મૃત્યુની છેલ્લી પળે પણ કેવું ધૈર્ય! મૃત્યુ પ્રત્યે કેવી બેપરવાઈ? કિંમત દેહની નહિ, પણ આત્માની છે! એ માટે એક સુંદર દૃષ્ટાંત આપું.

### જીવનનાં મૂલ્ય

એક કંજૂસ કરોડપતિનું શબ સ્મશાનમાં પડ્યું હતું. એ સ્મશાન નદીના કિનારે હતું. આ વહેતી નદીના કિનારે એક યોગી બેઠા હતા. એટલામાં એક ભુખ્યું શિયાળ પેલા શબ પાસે આવ્યું અને શબ પર તરાપ મારી. ત્યાં યોગી બોલ્યા: રે રે

जम्बूक ! मुञ्च मुञ्च सहसा नीचस्य निन्द्यं वपुः 'શિયાળ ! રહેવા દે, રહેવા દે. આ નીચ દેહ છે. એની કાયા નિંદાને પાત્ર છે, એને ખાઈશ તો તારી પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે.'

શિયાળે કહ્યું : 'બાપુ ! મને ખૂબ ખૂબ ભૂખ લાગી છે. હું બીજું કાંઈ નહિ ખાઉં, હું તો માત્ર એના હાથ જ ખાઈશ.'

યોગી કહે : 'હાથ ન ખવાય કારણ કે हस्तौ दानविवर्जितौ આ હાથ દાન વર્જિત છે. આ હાથે દાન કર્યું નથી. આ હાથથી એણે લૂંટ જ ચલાવી છે. આ હાથથી એણે નોટનાં બંડલો જ ભેગાં કર્યાં છે. કેવી રીતે ભેગાં કર્યાં છે તે તને ખબર છે ? લૂંટીને, લોકોને ફસાવીને, અજ્ઞાનમાં રાખીને, વિશ્વાસઘાત કરીને–ભેગાં કર્યાં છે.'

આ વાત વિચારવા જેવી છે. ભેગું તો કર્યું પણ સાથે શું આવવાનું ? પાછળ મૂકીને જવા માટે કેટલાં પાપો થઈ રહ્યાં છે ? પુણ્યનો સૂર્ય તપે છે ત્યાં સુધી પૈસાનો પ્રકાશ આવે છે, એ આથમતાં આત્માનું શું ?

જબ લગ તેરે પુણ્યકા, આયા નહીં કરાર,
તબ લગ સબકુછ માફ હૈ, ગુના કરો હજાર.

જ્યાં સુધી પુણ્ય છે, ત્યાં સુધી ધમધોકાર ચાલે. ઊંધું નાખશો તોય સીધું પડશે. પુણ્યનો કરાર પૂરો થશે એટલે પાપનો વારો આવશે. પછી સવળું કરશો તોય અવળું પડશે. લક્ષ્મીને રાખવા માગશો તોય તે તાળી દઈને ચાલી જશે. અત્યારે તમારી પાસે છે, ત્યારે તમે વાપરો નહિ, તો લક્ષ્મી તમારી પાસે કઈ રીતે ટકે ?

આજ તો લોકોની એવી વૃત્તિ થઈ છે કે, હું આખા ગામનું ખાઉં, મારું ખાય એનું નખોદ જાય. આવી વૃત્તિ હોય ત્યાં

ઉદારતા કેમ સંભવે? આવા માણસો કદાચ દાન કરે તે પણ કીર્તિ માટે. પાંચ હજાર રૂપિયા આપે. બીજે દિવસે કયાં જુએ? ‘છાપા’માં: ‘છાપા’માં પોતાના સમાચાર અને ફોટા ન જુએ તો પેટમાં ગોટા જ ઊપડે!

દાન એક પ્રકારનો વ્યાપાર ન બનવો જોઇએ. દાનવીર પુરુષોએ પાલીતાણામાં મંદિરોનું નગર ઊભું કર્યું, પણ કયાંય નામ ન મળે, આજ તો એક ‘પટ’ કરાવે તોય અંદર નામ કોતરાવે!

તમે કહેશો: ‘અમે અમારા પૈસા આપીએ તો બદલો ન માગીએ?’ પણ હું તમને પૂછું: તમે આ પૈસા લાવ્યા કયાંથી? ગરીબો પાસેથી ને? તો જેમનો છે, તેમને આપો છો, તેમાં આટલા શાના ફુલાઓ છો? એક ઠેકાણે ટેકરો છે એનો અર્થ એ જ કે બીજે ઠેકાણે ખાડો પડયો છે!

પહેલાંના જમાનામાં સુખી માણસો ઘરમાંથી નીકળતા ત્યારે અપંગ માણસો તેમની વાટ જોઇને બેસતા. લૂલા, લંગડા, આંધળાઓનું એ પોષણ કરતા, અને ખીસ્સામાં સોનામહોરો પણ રાખતા. જરૂરિયાતવાળા સારા માણસને જોઈ સોનામહોરથી પણ ખીસું ભરી દેતા. એવા દાતાઓ ગયા. આજ તો કેવા રહ્યા છે તે કવિ કહે છે:

દાતા દાતા મર ગયે, રહ ગયે મખ્ખીચૂસ,
લેને દેને મેં કુછ નહિ, લડને મેં મજબૂત.

આજ તો મોટરમાં જાય. આગળ કોઇ ગરીબ આવે તો કચરાઇ મરે અને પાછળ પડે તો ધૂમાડાના ગોટા મળે. ગરીબો ધનિકો પાસે આશા ન રાખે તો કોની પાસે રાખે? કોઇ ગરીબ શ્રીમંતના બંગલા પાસે જાય તો ભૈયો ચોર જાણી ધક્કા મારે. જો કે કેટલાક સારા શ્રીમંતો પણ હોય છે. પણ તે કેટલા? આંગળીના વેઢા પર આવે એટલા જ ને?

ભીખ માગવા આવનાર તો ભિક્ષા માગે છે, અને જાણે આડકતરો તેમને ઉપદેશ પણ દે છે. 'શેઠ, ગયા ભવમાં અમારી પાસે પણ તમારા જેવો જ વૈભવ હતો, સંપત્તિ હતી, પણ અમે ન આપ્યું એટલે અમારે તમારે ત્યાં માગવા આવવાનો વારો આવ્યો. તમે આજ નહિ આપો તો આવતા ભવે તમારે પણ અમારી જેમ માગવું પડશે. માટે આપો, થોડામાંથી પણ થોડું આપો...' આ હાથ દાનથી શોભે છે, કંકણ કે ઘડિયાળથી નહિ. હાથથી દાન ન અપાયું તો એ શિયાળ જેવા પશુના ખાવાના કામના પણ નહિ રહે.

## ચાંદાં તો કાગડો પણ જોઈ શકે

યોગીએ જ્યારે શિયાળને કહ્યું કે આ મૃતદેહીના હાથે દાન કર્યું નથી, પણ લૂંટ કરી છે; માટે આ હાથ ખાવા લાયક નથી ત્યારે શિયાળે કહ્યું: 'આના બે કાન ખાઉં?'

યોગી કહે: 'નહિ, કાન પણ નહિ. **श्रुतिपटौ सारश्रुति-द्रोहिणौ** આ કાને ધર્મકથા સાંભળી નથી, દર્શનકથા આ કાનને સ્પર્શી નથી. તેણે તો રેડિયોનાં ગાણાં શાંતિથી સાંભળ્યાં છે. દુનિયાના ન્યૂઝ સાંભળ્યા છે, આત્માના ન્યૂઝ સાંભળવાની એને પુરસદ નહોતી.

કાનને રાજ્યકથા સાંભળવી ગમે. દેશકથા સાંભળવામાં રસ આવે. ખાવાપીવાની વાતમાં–ભોજનકથામાં કાન સવળા થઈ જાય અને સ્ત્રીકથા આવે ત્યાં તો એમાં તલ્લીન થઈ જાય, એકાગ્ર બની જાય પણ નીતિકથા કાઢો તો ભાઈને ઝોકાં આવે, આળસ ચઢે. સમય નથી. કદાચ કોઈ પ્રસંગમાં સાંભળવા બેસી જાય તો એવા શાહુકાર જરાય સાથે લઈને ન જાય! સાંભળેલું બધું જ અહીં મૂકી જાય! લઈ જાય તો ચોરમાં ખપે ને!

આત્માની વાત એક કલાક પણ સાંભળવા માટે સમય ન

મળે તો માણસાઈ કઈ રીતે આવે? માનવતા કઈ રીતે જાગે? આત્મપ્રબોધ કઈ રીતે થાય? ત્રેવીશ કલાક આ કાનમાં દુનિયાનું ઝેર રેડાઈ રહ્યું છે. એ ઝેરને ધોનાર કોઈ હોય તો વીતરાગની આ પવિત્ર વાણી છે. આ વાણીનાં પાણી ન મળે તો આત્માની મલિનતા કઈ રીતે ટળે? આખો દિવસ દુનિયામાં જોશો તો નિંદા સિવાય કાંઈ ન મળે. ચાર માણસ ભેગા થાય તો નિંદા કરવાના. પ્રશંસા કોઈનાય મોઢે આવે છે? આખા દિવસમાં તમે કેટલા માણસના સદ્ગુણ જુઓ છો? અને દુર્ગુણ કેટલાના જુઓ છો? તમારા ધ્યાનમાં પહેલા ગુણ આવે છે કે અવગુણ? ચાંદાં જોવાનું કામ તો કાગડા પણ કરી શકે છે; એ જ કામ માનવ-દૃષ્ટિ કરશે તો માનવીની મહત્તા શી? પાપીઓનાં પાપો જ પાપીઓને મારશે. નિંદા કરી તમે શું કરવા તમારા આત્માને મલિન કરો છો? યાદ રાખજો કે નિંદા પણ દારૂ જેવી માદક વસ્તુ છે. એનો કેફ ચઢ્યા પછી માણસ ચૂપ રહી શકતો જ નથી. પછી તો એ વગર બોલાવ્યો, વિના પૂછ્યેપણ જેના તેના અવર્ણવાદ બોલતો ફરવાનો.

જૂની કહેવત હતી: ચાર મળે ચોટલા, તોડી નાખે ઓટલા. હવે એ કહેવતને ફેરવવી પડશે. બહેનોને ઘરની જવાબદારીને લીધે એ ઓટલા તોડવાની ફુરસદ નથી. હવે તો પુરુષો જ ભેગા થઈને ચૂંટણીમાં ને ઉમેદવારીમાં ઓટલા તોડતા હોય છે. એટલે ચાર મળે ચોટલી તો (કો'કની) તોડી નાખે રોટલી! સવારથી ઊઠીને પ્રભુનું નામ લેવાને બદલે ઓટલા પર છાપાં લઈને બેસી જાય અને દાતણ કરતાં કરતાં છાપું વાંચતો જાય અને આખી દુનિયાનું જાણે પોતે ન જાણતો હોય એમ વાંચતો જાય! બે-પાંચ એની પાસે બેસીને આવી વાતો સાંભળી મનમાં ડોલતા જાય. અરે, આવી કારમી કાળી કથાઓ સાંભળવા માટે આ કાન મળ્યા છે?

## પત્રકારોનો ધર્મ

મારે કહેવું જોઈએ; આજે કેટલાક પત્રકારો પણ પોતાનો ધર્મ ભૂલ્યા છે. પ્રજાને શું પીરસવું એ પત્રકારના વિવેક પર આધાર રાખે છે. પત્રકાર વિવેકી હોય તો પ્રજાને તારી શકે, પ્રજાને મહાન્ બનાવી શકે અને પ્રજા ઉન્નત ભાવનામય બને એવું સાત્ત્વિક સાહિત્ય પીરસી શકે. ઉપદેશકોનું સ્થાન છાપાઓએ લીધું છે. ઉપદેશકો ખૂણામાં છે, પત્ર જાહેરમાં છે. પ્રજામાનસ ઉપર પત્રની અસર જેવી તેવી નથી. એ ધારે તે કરી શકે. એટલે પત્રકારની પ્રજ્ઞા પણ વિવેક માંગે છે, તેમ વાચકની પાસે પણ વિવેકનો ચીપિયો હોય તો એ ગ્રહણ કરવા લાયક ગ્રહણ કરે ને નિંદ્ય તેમજ અયોગ્ય હોય તેને જતું કરે. આવો વિવેક હશે તો આ કાન ધન્ય થશે, નહિ તો આ કાન શિયાળના ખાવાના કામમાંય નહિ આવે.

## સૌંદર્યના અશ્વનો સવાર કોણ થઈ શકે?

જોયું કે? યોગીએ હાથને નિંદ્ય ગણ્યા, પવિત્ર શ્રવણ વિનાના કાનને અયોગ્ય કહ્યા, ત્યારે શિયાળે પૂછ્યું: 'તો આંખ ખાઉં?'

યોગી કહે: **नेत्रे साधुविलोकनेन रहिते** આ આંખોએ સાધુપુરુષોનાં દર્શન નથી કર્યાં, સાધુપુરુષો એને ગમ્યા જ નથી. સત્પુરુષોને સામે આવતા જોઈ, એણે આંખ આડી કરી છે. આ આંખોએ સ્ત્રીઓનાં ઉદ્ભટ રૂપ જોવામાં જ જન્મારો કાઢ્યો. રૂપમાં, રંગમાં, સૌન્દર્યમાં આ આંખો ખૂંચી ગઈ. જે વસ્તુને જોવાની ના પાડી ત્યાં આ નયનો ઠર્યાં, અને જ્યાં નયનોને ઠરવાનું કહ્યું ત્યાંથી ખસ્યાં.

તમે રસ્તા પરથી પસાર થાઓ છો ત્યારે જુઓ છો ને? માણસોની આંખો ઠેકાણે છે ખરી? એ કેવી આડીઅવળી ભટકે છે? કેટલીકવાર તો આ આંખો એવા એવા સ્થાનમાં તલ્લીન થઈ

જાય છે કે કોઇની સાથે અથડાય ત્યારે જ એને ભાન આવે, એથી જ તો અકસ્માતો (Accidents) વધ્યા છે ! દેખતા આંધળાઓની સંખ્યા આજે ઓછી નથી. આવા અંધોને સાચાં સૌન્દર્ય-દર્શન કયાંથી લાધે ?

સંયમની લગામ જેના હાથમાં હોય તે જ સૌન્દર્યના અશ્વ ઉપર ચઢી શકે. આ આંખોને ચામડીના રૂપનો, સૌન્દર્યનો કેવો રસ છે તે જુઓ. ચિંતનાત્મક સાહિત્ય વાંચતાં આંખની પાંપણો પર ઊંઘ ચઢી બેસે, પણ સિનેમા કે નાટકમાં ઝોકાં આવે ખરાં ? એનું કારણ એ જ કે આંખમાં વિકાર છે, વિકારને વિકારી વસ્તુ જ ગમે.

## સૌંદર્ય કાંટો નથી; ફૂલ છે.

એક કવિએ કહ્યું છે :

' Beauty is to admire and not to touch. If it is touched it is spoiled.'

સૌન્દર્ય પ્રશંસાભરેલી દૃષ્ટિથી જોવા માટે છે, સ્પર્શવા માટે નથી. સ્પર્શતા નાશ પામે. પણ તે કયું સૌન્દર્ય ? આ ચામડામાં વસેલું કે પ્રકૃતિમાં વણાયેલું ? દેહદેશવાસી સૌન્દર્યને ઢૂંઢનારી આંખો પાપી છે. આવી આંખો એક સ્થાનથી બીજે સ્થાને અથડાયા જ કરવાની. એને સ્થિરતા ક્યાંથી હોય ? આત્મદેશવાસી સૌન્દર્ય માટે કહેવાય છેઃ **शुद्धम् अपापविद्धम् सौन्दर्यम्** એ સૌન્દર્ય શુદ્ધ છે; પાપને નહિ સ્પર્શેલું તે પવિત્ર છે.

આપણા મહાકવિ કહે છે :

' ઓ રસતરસ્યાં બાળ ! રસની રીત ન ભૂલશો !
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.'

ચામડાની રૂપકડી પૂતળીઓની શોધમાં જ્યાં સુધી આંખો

પછાડા ખાતી હોય ત્યાં સુધી તેનામાં સૌન્દર્યરસ ઉપાસકો શુદ્ધ ચેતના છે એમ કેમ કહેવાય? હું કહું છું, સૌન્દર્યના ભક્ત બનજો, એને પૂજજો. પણ તે સૌન્દર્ય આત્મિક હોવું જોઇએ. સૌન્દર્ય કાંટો નથી, ફૂલ છે. એના દર્શનથી ઘા ન વાગે, પણ હ્રદય સુવાસિત થાય. ડંખ વાગે ત્યાં સૌન્દર્ય નથી, પણ વાસના છે. સિનેમા જોઇને આવ્યા પછી હૈયું નિર્મળ ને હળવું નથી બનતું, પણ વિકલ્પોના ભારથી ભારે બને છે. જ્યારે વીતરાગનાં દર્શનથી મન વિકલ્પોથી મુક્ત બની હળવું ને સુવાસિત બને છેઃ એટલે કવિએ કહ્યું છેઃ

અખિયનમેં અવિકારા જિનંદા, તેરી અખિયનમેં અવિકારા,
શાંત રુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા.

હે ભગવાન ! તારી આંખોમાં અવિકાર છે, કારણ કે શાંત અને પવિત્ર પરમાણુઓથી ઘડાયેલી તારી મનોહર મુદ્રામાં વિકાર ક્યાંથી હોય ? અમારી આંખો વિકારી છે, કારણ કે રાગ અને દ્વેષના અપવિત્ર પરમાણુઓથી ઘડાયેલા અમારા દેહમાં અવિકાર ક્યાંથી હોય ? અમારા વિકારના અંધકારને તારાં દર્શનની જ્યોતમાં અમે બળવા માટે આવ્યા છીએ. તેને તું બાળી નાખ અને અમને પણ અધિકારી બનાવ.

આપણી આંખોમાં શું ભર્યું છે તે આપણને દેખાતું નથી. જેમ મોં પર ડાઘ હોય પણ આપણને ન દેખાય, અરીસો મળે તો જ આપણે આપણા મુખ પર રહેલા ડાઘને જોઇ શકીએ. તેમ આગમશાસ્ત્રનો અરીસો મળે તો આપણી આંખોમાં રહેલા વિકારને જોઈ શકીએ પણ આપણને તે જોવાની પુરસદ નથી. મોહની મહાપ્રમાદ મદિરા પીને આપણો આત્મા ચકચૂર બન્યો છે; ઘેલો બન્યો છે. ઘેનમાં એ પોતાના દોષનો ટોપલો બીજા પર નાખે છે.

એક માણસને અમદાવાદથી મુંબઈ જવું હતું. એણે મુંબઈની ટિકિટ કઢાવી અને પ્લેટફોર્મ પર આવ્યો. તે દારૂ પીને ચકચૂર બન્યો હતો. કેફમાં કઇ ગાડીમાં બેસવું એનું એને ભાન ન રહ્યું. તે આબુ ભણી જતી ગાડીમાં ચઢી બેઠો. ગાડી ઉપડી. મહેસાણા આવતાં ટિકિટ-ચેકર આવ્યો. એણે ટિકિટ માંગી. ટિકિટ જોઇ. એણે કહ્યું, 'આ તમારી ટિકિટ તો મુંબઇની છે, અને તમે તો દિલ્હી મેલમાં બેઠા છો. તમે ભૂલ્યા લાગો છો!'

આ સાંભળી પેલો દારૂડિયો તાડુકયોઃ 'હું ભૂલું? હું તો બરાબર જોઇને બેઠો છું. પણ તમારા ડ્રાઇવરે દારૂ પીધો લાગે છે! એ મુંબઇ લઈ જવાને બદલે આ બાજુ ગાડી લઇ આવ્યો છે. એને નીચે ઉતારો અને કહો કે ગાડી પાછી મુંબઇ ભણી લઇ જાય....'

વિચારો. દારૂ કોણે પીધો હતો? આવી દશા જગતની છે! પોતે ભૂલોની આંધીમાં અટવાઇને બીજાની ભૂલો શોધી રહ્યું છે. કેફમાં પોતાને પોતાના ગામની ખબર નથી. આપણું ગામ એ આ ફાની દુનિયા નથી. અહીં તો અલ્પ સમય માટે આવ્યા છીએ. અહીં વિસામો લીધા પછી અહીંથી આગળ વધવાનું છે. આપણું ધામ દૂર છે, ઉપર છે, સૂર્ય ને ચંદ્રનીયે પેલી પાર છે. જ્યાં સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો લાગે એવા પ્રકાશમય, સૌન્દર્યમય મોક્ષ-પ્રદેશનો નિવાસી આપણો આ આત્મા છે. એનો વિચાર સ્વપ્નેયે આવે છે?

એક ગામમાં એક ભાઇએ પ્રશ્ન કર્યો. 'ત્યાં મોક્ષમાં ખાઈ પીને વાતો કરવાની ખરી કે નહિ?'

મેં કહ્યું: 'ત્યાં વાતો કેવી? ત્યાં તો આપણો આત્મા અનંત જ્ઞાનમય-પ્રકાશમય હોય છે. વીતરાગને વાતો કેવી?'

ત્યારે ફરી પ્રશ્ન કર્યો. 'તો પછી વાતો વિના અમારો સમય કઈ રીતે પસાર થાય ? અમે તો મૂંઝાઈ જઈએ....'

મને વિચાર આવ્યો : જે લોકો વાત વિના રહી શકતા નથી, ઘોંઘાટ વિના જીવી શકતા નથી, કોલાહલ વિના જેમને પોતાનું જીવન શૂન્ય લાગે છે, આવા માણસોને આ મોક્ષની પ્રકાશમય પ્રદેશની કલ્પનાય કયાંથી આવે ? કેફમાં કદી સ્વસ્થ વિચાર આવતો જ નથી. મોહનો પણ કેફ છે. એમાં આત્માની સહજ ને વાસ્તવિક દૃષ્ટિનો વિકાસ કયાંથી હોય ?

આત્માની નૈસર્ગિક દૃષ્ટિ જાગે તો સમજાય કે આત્મા જ એક એવી ચીજ છે, જેને અગ્નિ બાળી ન શકે, પવન સૂકવી ન શકે, તલવાર છેદી ન શકે, પાણી ભીંજવી ન શકે, તે સ્નાન વિના પણ પવિત્ર છે અને આભૂષણો વિના પણ સુંદરતમ છે.

આવા આત્મસૌન્દર્યનું એકાદ કિરણ પણ મળે તો આ દૃષ્ટિ ધન્ય બને. એ વિના તો આ આંખ શિયાળને ખાવા ય યોગ્ય નથી.

યોગીએ હાથ, કાન, આંખ ખાવાની ના કહી, ત્યારે શિયાળે કહ્યું: 'તો આ બે પગ ખાઉં ?' યોગી કહે: **पादौ न तीर्थगतौ** ભાઈ, પગ પણ ખાઈશ નહિ કારણ કે એ તીર્થે ગયા નથી. કદાચ કોઈક વાર તીર્થે જાય તો પણ ઘોડાગાડીમાં, મોટરમાં કે ડોળીમાં. બીજાને પોતાનો ભાર આપી તીર્થે ગયા તેથી શું વળ્યું ? પોતાના સ્નેહી આવવાના છે એમ જાણવા મળે અને વાહન ન હોય તો પગે ચાલીને પણ સામે જાય. સવારે ફરવા જવાનું, walking જવાનું હોય તો માઈલો સુધી ચાલે. કોઈ આસામી ફેઈલ થઈ જવાની છે, એમ સાંભળે તો અધરાતે પણ વાહન વિના ત્યાં દોડી જાય, પણ યાત્રાએ જતાં થાક લાગે.

## તીર્થસ્થાનોની ધર્મશાળાઓ

પૈસાનું નામ આવે ત્યાં પગમાં જોર આવે. પ્રભુનું નામ આવે ત્યાં કંટાળો આવે! શરીરને શ્રમ આપ્યા વિના, પગે ચાલીને ગયા વિના યાત્રાનો પૂર્ણ લાભ કઈ રીતે મળે? આજ કાલ યાત્રાનાં ધામો, તીર્થસ્થાનો અને ધર્મસ્થાનો અયોગ્ય આત્માઓને લીધે કર્મસ્થાનો બની રહ્યાં છે. ત્યાં જાય એટલે ન ખાવાનું ખાય, ન પીવાનું પીએ. જુગાર રમે અને લહેર કરે. તમે તીર્થસ્થાનોમાં રહેલી ધર્મશાળાઓની ઓરડીઓ જોશો તો તમને લાગશેઃ કયાંક બીડીનાં ઠુંઠાં પડયાં હશે, કયાંક સિગારેટનો કચરો પડ્યો હશે, દીવાલ પર પાનની પિચકારીઓ મારેલી હશે અને આવનાર સપૂતોનાં નામ કાળા કોલસાના કાળા અક્ષરોમાં કોતરેલાં હશે!

આ બધું બની રહ્યું છે, કારણ કે જીવનમાં ધર્મ નથી. ધર્મને લોકોએ મંદિરમાં જ પૂરી રાખ્યો છે. એને હવે બહાર લાવો. જીવનમાં લાવો. માણસ જેમ જમે છે રસોડામાં, પણ એ ખોરાકને પચાવે છે બજારમાં. પચાવવા માટે રસોડામાં જ બેસી રહેવું પડતું નથી. તેમ માણસે ઉપાશ્રય ને મંદિરોમાંથી ધર્મને ગ્રહણ કરી, એનો ઉપયોગ વ્યવહારમાં કરવો જોઈએ. ધર્મને મંદિરમાં જ ન રખાય. ધર્મ જીવનમાં, વ્યવહારમાં અને વર્તનમાં આવશે તો જ એનો મહિમા વધશે. તો જ એ ધન્ય થશે. તો જ એ જીવંત બનશે.

## સાચી યાત્રા કોનું નામ?

થોડાં વર્ષો પહેલાંની આ વાત છે, જયારે લોકો યાત્રા વાહનમાં નહિ પણ પગપાળી કરતા હતા, તે દિવસની આ વાત છે. એક શેઠ તખતગઢથી પાલિતાણાની યાત્રાએ ગયા. સાથે એમનાં પત્ની

પણ હતાં. બંને જણ લાંબો પ્રવાસ કરી પાલિતાણા પહોંચ્યાં. ગિરિરાજ ઉપર ચાલીને જઈ દેવનગરીનાં દર્શન કર્યાં. પ્રભુનાં દર્શનથી એમનો આત્મા નાચી ઉઠ્યો.

જે વસ્તુ ઘણા કષ્ટ પછી લાંબે ગાળે મળે તેનું મહત્ત્વ કોઇ ઓર હોય છે. શેઠે પણ ઘણા પ્રવાસ પછી જીવનમાં પ્રથમ વાર જ આદીશ્વર પ્રભુને જોયા. એમનો આત્મા ડોલી ઊઠયો. આનંદમાં ડોલતા શેઠ મંદિરની બહાર નીકળ્યા, ત્યાં એક સાધુનો ભેટો થયો. શેઠે એમને પણ પ્રેમથી નમન કર્યું. સાધુએ પૂછયું: "શેઠ તમે દૂરથી યાત્રાએ આવ્યા દેખાઓ છો?"

શેઠ એ હાથ જોડી 'હા' કહી.

સાધુએ કહ્યું : 'તમે દર્શન કર્યાં, હવે તો તમે તમારા ગામ ભેગા થશો, પણ દર્શનની મીઠી યાદ હૈયામાં કઇ રીતે રાખશો? જો આ પવિત્ર સ્થળમાં કોઈ નિયમ લો, કોઇ સંભારણું લો, તો કંઇક મીઠી સ્મૃતિ હૈયામાં સદા ટકી રહે, બાકી પથ્થર ઉપાડીને તો મજૂરો પણ આ તીર્થ ઉપર આવે છે. એમને થોડા જ યાત્રાનો લાભ મળવાનો હતો! યાત્રા તો તે કે જેની મીઠી યાદ આપણા જીવનને કોઇ સદ્‌ગુણથી ભરી દે!'

રંગમંડપમાં પ્રભુની સામે ઊભા રહીને જ શેઠે સાધુનાં વચન સાંભળ્યાં. એમને આ વચનો મીઠાં લાગ્યાં. એમણે કહ્યું: 'આપની વાત સાચી છે. દેવનાં દર્શન થયાં. ગુરુનાં વચનમૃતો પણ સાંભળવા મળ્યાં. હવે એક નિયમ લઉં તો ધર્મ પણ જીવનમાં આવે... તો ગુરુદેવ! મને નિયમ આપો. ગમે તેવા પ્રસંગમાં પણ મારે ક્રોધ ન કરવો. જે ક્રોધે મારા જીવનને કટુ બનાવ્યું, એ ક્રોધને અહીં આવ્યા છતાં પણ ન છોડું તો યાત્રાનો અર્થ શો? ક્રોધને અહીં મૂકતો જાઉં અને પ્રેમની હવા અહીંથી લેતો જાઉં; એ જ યાત્રાની મીઠી સ્મૃતિ.'

સાધુએ કહ્યું: 'શેઠ, જો, જો, જો, નિયમ લીધો છે. પણ એ તૂટે નહિ. પ્રતિજ્ઞા લેવી સહેલી છે, પણ પાળવી ઘણી કઠિન છે. પ્રતિજ્ઞા લેવામાં ઘણા સિંહ જેવા શૂરા બની જાય છે, પાળવામાં શિયાળ જેવાં કાયર...'

'ના, ગુરુદેવ! ના. એવું નહિ બને. દેહના ટુકડા થશે તોય નિયમ નહિ તૂટે.' દૃઢતાનું તેજ આંખમાં લાવી શેઠે કહ્યું.

શેઠ આ મીઠી સ્મૃતિ લઇ, યાત્રા કરી પોતાને ગામ આવ્યા. એ જમાનામાં આવી યાત્રા કરી આવનારનો કુટુંબી આખા ગામને આ ખુશાલીમાં જમણ આપતો. સૌ સ્નેહપૂર્વક સહભોજન કરતા અને યાત્રાની પવિત્ર હવા આખા ગામમાં છવાઇ જતી.

આ શેઠને એક ભત્રીજો હતો. એણે પોતાના કાકાની આ સફળ યાત્રા નિમિત્તે ગામને ભોજન આપવાનો નિર્ણય કર્યો. પણ એણે જ્યારે કાકાના નિયમની વાત સાંભળી ત્યારે એને કુતૂહલ થયું. કાકા એક કલાક પણ ક્રોધ વિના રહી શકે? ક્રોધ છોડે તો પછી એ કાકા શેના? આખું ગામ જાણે છે. ક્રોધ એટલે કાકા અને કાકા એટલે જ ક્રોધ. જોઉં તો ખરો કે કાકા કેવી રીતે નિયમ પાળે છે? સૌની વચ્ચે કાકાનું સ્વરૂપ પ્રગટ કરાવું તો જ હું ખરો ભત્રીજો.

એણે આખા ગામમાં જમવાના નોતરાં ફેરવ્યાં, પણ પોતાના કાકાના ઘરનો ટાળો કરાવ્યો. સાંજે સૌ થાળીવાડકો લઇ જમવા જવા લાગ્યા, ત્યારે શેઠ પણ જવાની તૈયારી કરવા લાગ્યા. શેઠાણી છંછેડાઇ ગયાં: 'વગર નોતરે જમવા જતાં શરમાતા નથી? કાળ-ભૂખ્યાની જેમ આ ચાલ્યા.'

શેઠ તો પ્રેમની હવા લઇને આવ્યા હતા. એણે હસીને કહ્યું: 'તારી બુદ્ધિને પણ ધન્યવાદ છે. અરે, ઘરમાં તે વળી નોતરાં શાં ને નિમંત્રણ શાં? આપણે ક્યાં પારકાં છીએ? આપણી

યાત્રાનિમિત્તે તો આ પ્રેમભોજન છે ! ચાલ, ચાલ, હવે નિમંત્રણવાળી !'

શેઠાણી બબડતી એની પાછળ ચાલી. વાડીની ડેલીમાં એનો ભત્રીજો સૌનું સ્વાગત કરી રહ્યો હતો. કાકાને જોતાં જ એ પૂંઠ કરીને ઊભો રહ્યો. શેઠ એની પાસે થઇને પસાર થઈ ગયા. આગળ જતાં શેઠાણીએ કહ્યું: " જોયું ? નિમંત્રણ વિના આવ્યા તો કેવી ફજેતી થઈ ? સૌનું એ માનપૂર્વક સ્વાગત કરી રહ્યો છે. આપણને 'આવો' એટલુંય કહ્યું ? એ ગામને જમાડે છે. તમારી તો સામુંય એ જોતો નથી. જાઓ તમારે જવું હોય તો, હું તો આ ચાલી....'

ભત્રીજો દૂર ઊભો ઊભો આ વાતાલાપ સાંભળી રહ્યો હતો. એની આંખ બીજી બાજુ હતી, કાન અહીં હતા.

શેઠે કહ્યું: ' તીર્થ જઇ આવી, પણ તું તો આવી જ રહી. એકલો માણસ કેટલાનું ધ્યાન રાખે ? જોતી નથી, એ કેટલી ધમાલમાં છે. એ તો આપણું બાળક કહેવાય. ચાલ હવે.'

ભત્રીજાએ કાકાને સાંભળ્યા. એનું હૈયું નમી પડયું, પણ એને એક વધારે કસોટી કરવાનું મન થયું. એણે જઇને કાકાની થાળીમાં લાડવા પીરસવાને બદલે એક ગોળ પહાણો મૂકયો. શેઠે ઊંચે જોયું. આસપાસ બેઠેલા સૌ હસી પડયા. દૂરથી શેઠાણીએ આ અપમાનજનક દૃશ્ય જોયું અને એ સળગી ઊઠી. પણ શેઠ તો તીર્થથી વિવેક ને પ્રેમ લઇને આવ્યા હતા. પ્રતિજ્ઞાની મૂડી એ એમ જવા દે ? એમણે પોતાનો જ કાન પકડતાં કહ્યું: ' મારા ભાણામાં પકવાન ન શોભે. પહાણો જ શોભે. હું વૃદ્ધ છતાં મારામાં એટલો ય વિવેક ન આવ્યો કે ગામનાં માણસો પહેલાં જમે, ઘરનાં માણસો છેલ્લે જમે. ઘરનો થઇને હું

પહેલો બેઠો, એ મારી ભૂલ તેં ઠીક સુધારી.' એમ કહી એમણે પીરસવાનું કમંડલ હાથમાં લીધું.

ભત્રીજાની આંખમાં આંસુ ધસી આવ્યાં. કાકાના ચરણોમાં એ ઢળી પડયો. એમની પવિત્ર ચરણરજ લેતાં એણે કહ્યું: 'કાકા! આપે સાચી યાત્રા કરી. આપ ક્રોધને શેત્રુંજી નદીના નિર્મળ નીરમાં ધોઇ આવ્યા. આપ ત્યાંથી ક્ષમા અને પ્રેમનું અમૃત લઈને આવ્યા. મને હતું કે કડવી તુંબડીને ગંગામાં સ્નાન કરાવવા માત્રથી એની કડવાશ ન જાય. પણ ના, મારી ભૂલ છે. પારસમણિનો સ્પર્શ થાય તો લોખંડ પણ સોનું થાય છે. આપને દર્શનનો સ્પર્શ બરાબર થયો છે. આપની આ પ્રેમયાત્રા ધન્ય છે. મને ક્ષમા આપો.'

જમનારાઓએ જયારે આ પ્રેમકથા સાંભળી ત્યારે તો એમના ભોજનની મીઠાશમાં કોઈ અપૂર્વતા આવી વસી.

## યુદ્ધના લોહીનો પૈસો આવ્યો.

શિયાળ વિચાર કરે છે: 'હવે મારે શું ખાવું? હાથ, કાન, આંખ, પગ બધાં જ અપવિત્ર છે, તો લાવ પેટ ખાઉં.'

ત્યાં યોગી બોલ્યા:

'પેટ પણ ખાઈશ નહિ, કારણ કે પેટ તો અન્યાયથી, અત્યાચારથી મેળવેલા અનીતિના દ્રવ્યથી ભરેલું છે. આ પેટ ખાઈશ તો તારી બુદ્ધિ ભ્રષ્ટ થશે. પછી તું તારા જાતભાઇઓને મદદ નહિ કરે, જાતભાઈથી દૂર ભાગીશ; તું બીજાઓની સાથે તો લુચ્ચાઈ કરે છે, પણ પછી તો તું જાતભાઇને, તારા કુટુંબને પણ નહિ છોડે, માટે આ અન્યાયના દ્રવ્યથી ભરેલું પેટ ખાવું રહેવા દે.'

## સાધુઓમાં દ્વેષનું કારણ

અનીતિનું ખાય તો માણસની પ્રકૃતિમાં વિકૃતિ આવે છે. એ સગાભાઈઓ સાથે પણ કલહ કરે, વંચના કરે. આજકાલ સાધુઓ

પણ અંદર અંદર કલહ કરતા હોય છે, કારણ કે એમના પાત્રમાં આ અન્ન પડે એટલે એમની બુદ્ધિમાં વિકૃતિ આવે. નહિ તો સાધુઓમાં વેરઝેર, દ્વેષ, કલહ, કુસંપ હોય શાના? એમનામાં તો મૈત્રી હોવી જોઇએ, પણ મૈત્રીથી ભરેલા સાધુઓ આજે કેટલા દુર્લભ છે! સાધુ, સાધુને જોઈ દૂર ભાગતા હોય તો જાણજો કે અન્ન તેવું મન છે.

ભગવાન મહાવીરે દીક્ષા લઇ વિહાર કર્યો. પહેલે જ દિવસે એ પોતાના પિતાના મિત્ર એક તાપસના આશ્રમે આવી ચઢ્યા. તાપસને જોતાં જ પ્રભુના હૈયાંમાં પ્રેમની છોળ ઊછળી. એ બંને હાથ પહોળા કરી હૈયેહૈયું દબાય એ રીતે એકબીજાને ભેટી પડ્યા.

પ્રભુ તો મહાન સાધુ છે. પેલો સામાન્ય તાપસ છે, છતાં કેવો પ્રેમ? સાધુનું દર્શન એ જ પુણ્ય છે. સાધુઓ તો હરતા-ફરતા તીર્થ જેવા છે, પણ તે કયા સાધુ? જે ત્યાગી હોય, બ્રહ્મચારી હોય, મૈત્રીભાવથી છલકાતા હોય, એવા સાધુના નમનથી આપણામાં જરૂર નમ્રતા ને સભ્યતા આવે.

આજના યુગમાં લોકો નમન ભૂલ્યા. દંડવત્ પ્રણામ ભૂલ્યા અને નમસ્કાર પણ ભૂલતા જાય છે. હવે તો દૂરથી સલામથી (Salute) પતાવે. આ અશુદ્ધના અનાજથી માણસનું માનસ બગડ્યું છે. માણસ માણસથી દૂર ભાગે છે. માણસ એક બીજાને મળે છે તો વચ્ચે અવિશ્વાસનો પડદો રાખીને જ મળે છે. માણસના માનસમાં પાપ આવ્યું છે એટલે માણસો માને છે કે દૂર રહેવામાં જ સાર છે. કેટલાક કહે છે: ભાઈ! ચેતીને ચાલવાનો આ જમાનો છે. આહ! માનવતાની પ્રતિષ્ઠા ગઈ! હવે આપણી પાસે શું રહ્યું? માણસમાં કેટલો અવિશ્વાસ જાગ્યો છે તે તમને નીચેના પ્રસંગ પરથી ખ્યાલ આવશે.

એક છોકરો દીવાલ પર બેઠો હતો. એનો પિતા નીચે ઊભો

રહી કહી રહ્યો હતો; 'બેટા! ઉપરથી ઠેકડો માર, હું તને ઝીલી લઈશ. જરાય ગભરાઇશ નહિ, હું નીચે ઊભો છું ને! તારે ડરવાનું હોય નહિ. ચાલ કૂદકો માર જોઇએ.'

છોકરો મૂંઝાતો હતો. એને બીક હતી. ત્યાં ફરી એના બાપે કહ્યું 'અરે, ડરે છે શાનો? તું પડતું મૂકીશ એવો જ તને હું ઝીલી લઇશ.' અને છોકરાએ ભૂસકો માર્યો. એનો બાપ ત્યાંથી ખસી ગયો. છોકરાને જરાક વાગ્યું. એણે બાપની સામે જોયું.

બાપે કહ્યું: 'મેં તને ભૂસકો નથી મરાવ્યો, પણ જીવનભર યાદ રહે તેવી-લાખ રૂપિયાની શિખામણ આપી છે. સગા બાપના વચન પર પણ વિશ્વાસ કરવા જેવો આ જમાનો નથી. કોઇના આધાર કે કોઇના વચન પર, કોઇ પણ કામ કરીશ તો હાથપગ ભાંગી જશે. તું ઉપર પડીશ એમ લાગતાં તારો બાપ પણ ખસી ગયો, ત્યાં બીજો તો ખસી જાય એમાં નવાઈ શી? માટે કોઈનાય આધારે ભૂસકો ન મારીશ. શત્રુ સાથે પણ એવી રીતે વર્તજે કે કોઇવાર મૈત્રી કરવાનો પ્રસંગ આવે તોય વાંધો ન આવે, અને મિત્ર સાથે એવી રીતે વર્તજે કે કોઇવાર એ તારા શત્રુ બની જાય તોય તને મુશ્કેલીમાં ન મૂકી શકે. કોઇને ય હૈયું ન આપતો.'

આજે જીવન કેવું છે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. માનવીના મનનાં દ્વાર આજ ખુલ્લાં નથી, પણ બિડાયેલાં છે. એનામાં પ્રકાશ આવી શકતો નથી, અને અંદરનો અંધકાર બહાર જતો નથી. માણસ મળે છે, વાતો કરે છે, સાથે ખાય છે, પીએ છે. એકબીજા સાથે પ્રેમગોષ્ઠિ કરે છે. પણ વચ્ચે દીવાલ છે-પડદો છે. પ્રકાશ નથી, તિમિર છે. આવા સંજોગોમાં માનવતાની જ્યોત એકબીજાના હૈયામાં કઇ રીતે પહોંચી શકે?

શું થાય, દ્રવ્ય એવું આવ્યું! કાળાં બજારોનો, યુદ્ધના અત્યાચારોનો, વિશ્વાસઘાતનો પૈસો આવ્યો એટલે માનવી માનવતા-

વિહોણો બન્યો. માણસ હવે ખવડાવીને નથી ખાતો, પણ લૂંટીને એકાન્તમાં બેસી એકલો ખાય છે. ત્યાં સાધર્મિકવાત્સલ્ય કે સહ-ભોજનની તો વાત જ કયાં રહી? અતિથિને ભોજન આપવાની વાત, આજ તો કેટલાકને કલ્પનાસૃષ્ટિ જેવી લાગે છે, છતાં આપણું ભાગ્ય કે આવી હવામાં પણ વાત્સલ્યથી ભરેલા, મૈત્રીથી છલકાતા હૈયાવાળા માનવો મળી આવે છે. એવાઓને જોઉં છું ત્યારે માથું એમના ચરણમાં નમી પડે છે.

થોડા વર્ષો પહેલાં મુંબઈની નિશાળના બે શિક્ષકો કેટલાક પ્રશ્નો પૂછવા આવેલા. અમારો વાર્તાલાપ ચાલતો હતો. મેં એ પ્રસંગને ઉદ્દેશીને શ્રીરામ અને ભરતનું નામ લીધું, ત્યાં પેલા બીજા ભાઈએ કહ્યું: ' આ ભાઈને આ યુગના ભરત કહીએ તો ય ખોટું નથી. એવો એમનો ત્યાગ છે. એમની ઉંમર ૪૫ વર્ષની છે. એ અપરિણીત છે. બ્રહ્મચારી છે. પોતાના ભાઈના કુટુંબ ખાતર એમણે જીવનભર બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે. '

મને એમની વાત જાણવાની જિજ્ઞાસા થઈ. મેં એમને જ પૂછયું: ' આ વાતનું રહસ્ય શું છે? '

એમણે નમ્રતાથી કહ્યું: ' એવો કોઇ મહાન ત્યાગ મેં કર્યો નથી. આ ભાઈ મારા મિત્ર છે એટલે પ્રશંસા કરે છે. મેં તો મારી ફરજ બજાવી છે. અમે બે ભાઇઓ હતા. મારા મોટા ભાઇએ કેટલાંય દુઃખ ને કષ્ટ વેઠી મને ભણાવ્યો, પુસ્તકો લેવા માટે ને ટર્મ ફી ભરવા માટે પણ પૈસા અમારી પાસે ન હતા. ત્યારે મહિનાઓ સુધી એકટંક ભૂખ્યા રહી એમણે મને ભણાવ્યો. એમને યાદ કરું છું એટલે થાય છે એ કેટલા મહાન હતા? આજથી વીસ વર્ષ પહેલાં હુલ્લડમાં એ અણધાર્યા મૃત્યુ પામ્યા. પાછળ ચાર બાળકો અને ભાભી રહ્યાં. આજીવિકા માટે કોઈ સાધન ન હતું. સૌ નિરાધાર થઇ ગયાં. તે વખતે હું અમદાવાદમાં ભણાવતો હતો. એ જ વર્ષમાં

મારાં લગ્ન થવાનાં હતાં. ભાવિનાં મધુર સ્વપ્નો મને ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ મારા ભાઈનું નિરાધાર કુટુંબ હતું. મારે શું કરવું ? હું લગ્ન કરું તો મને મળતા સો રૂપિયા મારા સંસારમાં જ પૂરા થાય. ભાભી અને બાળકોનું શું ? જે ભાઈએ મને પરસેવે પાડીને, ભૂખે રહીને, દુઃખની શિલા હૈયા પર લઈને ભણાવ્યો, એની ગેરહાજરીમાં એનાં બાળકો રઝળે, ભૂખે મરે, શિક્ષણ વિના રહે! એ હું જોયા કરું ? હું લગ્ન કરીને આણંદ માણું ને મારા ભાઈનું કુટુંબ ભીખ માગે તો મારી માનવતા ન લાજે ? જેણે મને પોષ્યો અને શિક્ષણ આપ્યું એના કુટુંબને પોષવું અને શિક્ષણ આપવું એ શું મારો ધર્મ ન હતો ? પણ એ ક્યારે બને ? હું લગ્ન ન કરું તો ! મેં તરત જ નિર્ણય લીધો. ગુરુ પાસે જઈને પ્રભુની સાક્ષીએ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી. આપના જેવાના આશીર્વાદથી આજ સુધી તો નિયમ પળાયો છે અને હવે તો બહોત ગઈ, થોડી રહી.'

'મારા ભાઈનું કુટુંબ મારી સાથે જ છે. મોટી દીકરીને તો પરણાવી. મારા ભાઈનો મોટો દીકરો એમ. એ. માં છે. એ મારા વચનને દેવવચન તુલ્ય ગણી સેવા કરે છે. એવી સેવા અને એવી ભક્તિ તો હું જોઉં છું કે સગો પુત્ર પણ પિતાની નથી કરતો. મેં નિષ્ઠાથી કર્તવ્યપાલન કર્યું તો એનો બદલો મને સો ગણો મળ્યો છે. આજ હું કેટલો સુખી છું ? મને થાય છે, બીજું કોઈ મહાન કાર્ય ભલે મેં નથી કર્યું, પણ કર્તવ્ય પાલન તો જરૂર કર્યું છે.'

## લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર

જે માણસ કર્તવ્યની કેડી પર ચાલે છે, તેનું જીવન ફૂલ જેવું સુવાસિત, સુવિકસિત તેમજ પ્રફુલ્લ હોય છે. પણ જે કર્તવ્યને બરાબર સમજતો નથી તેથી તેનું જીવન કેવું હોય છે, તે આપણે જોઈ રહ્યા છીએ.

યોગીને શિયાળે પૂછ્યું : "તો આ મડદાનું માથું ખાઉં ?" યોગીએ કહ્યું 'ના, ભાઈ, ના ! આ માણસનું માથું પણ ખાવા લાયક નથી. કારણ કે **गर्वेण तुंगं शिरः** ગર્વથી આનું માથું સદા ઊંચું જ રહ્યું છે, એ ક્યાંયે નમ્યું નથી. હા, અધિકારીઓ આગળ એણે માથું ઘસ્યું હશે, ધનવાનોને નમન પણ કર્યાં હશે, પણ દેવ આગળ, ગુરુ આગળ અને ધર્મ આગળ તો એ અક્કડ જ રહ્યું છે. પોતાને ઘેર આવનારની સામે એ નમ્રતાથી કદી ગયો નથી. પોતાને ત્યાં આવેલા અતિથિઓનો એણે નમ્રતાપૂર્વક સત્કાર પણ કર્યો નથી, અને પોતાના ગુરુજનો આગળ પણ એ અક્કડ થઈને ચાલ્યો છે.

માણસમાં જેમ લાયકાત આવતી જાય છે, તેમ તેમ એમાં નમ્રતા આવવી જોઈએ. આંબાને જેમ ફળ આવતાં જાય તેમાં તે નમે છે. નમ્રતામાં જ એની મહત્તા રહેલી છે. એટલે આપણે કહીએ છીએ, "લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર" લાયક માણસ કેવા નમ્ર હોય છે અને અલ્પ સત્ત્વવાળા કેવા ઉદ્ધત હોય છે એનો એક પ્રસંગ મને યાદ આવે છે.

અમે અંધેરીમાં ચાતુર્માસ હતા. અમારા નજીકના બંગલામાં એક ભાઈ ગ્રેજ્યુએટ થયેલા રહે. પણ એમનામાં અભિમાન તો માય નહિ. એ ચાલે ત્યારે અક્કડ, ઘરથી નીકળે ત્યારે તો એની ચાલ પણ જોવા જેવી. તાડ વળે તો એ વળે. અમારા સાધુઓ સામે મળે તો ભાઈ મોઢું મરડીને ચાલે. એને થાય કે આ તો પૃથ્વી ઉપર ભારભૂત ! આ સાધુઓ શું કામના ? મફતનું ખાય અને ફર્યા કરે !

એક દિવસ ગમ્મત થઈ. હું એક ભાઈને બંગલે આહાર લેવા ગયેલો, ત્યાં એ બંગલાના માલિકે મારી સાથે જ્ઞાનગોષ્ઠિ માંડી. વાતો ચાલતી હતી, એટલામાં પેલા અક્કડભાઈ આવ્યા.

શેઠને જોતાં જ એ એકદમ નમ્ર બની ગયા. શેઠને ખૂબ જ સભ્યતાથી સલામ કરી.

શેઠે કહ્યું: "આટલું મોડું! નોકરી કરો છો કે હજામત?"

પેલાએ અતિ નમ્રતાથી અને દીનતાથી કહ્યું: "સાહેબ, આજે જરા મોડું થઈ ગયું. માફ કરો. હવેથી આવી ભૂલ નહિ થાય." અને એમના ઇશારા પ્રમાણે કામે લાગી ગયા.

મેં પૂછયું: "આ ભાઇને કેટલો પગાર આપો છો?"

ઉત્તર મળ્યો 'દોઢસો.' મને મનમાં થયું દોઢસો માટે આટલી દીનતા? આટલી કાકલૂદીભરી વિનંતી?

જ્યારે ભોગને રોગ જાણી લાત મારનાર ત્યાગીઓને જોઇ અક્કડ બને અને ધનવાનની આગળ દીન બને, ત્યારે દ્રોણાચાર્યનું વચન યાદ આવે છે. **अर्थानां दासा वयम्** અમે ધનના દાસ છીએ, ધર્મના નહિ!

ધનની આગળ તો સૌ નમે. રોટલો આપનાર આગળ તો કૂતરું પણ નૃત્ય કરે. માણસ પણ એકલા પેટ પોષનારને જ નમે અને મહાપુરુષોની કદર ન કરે, વડીલોના વિનય ન સાચવે, અધ્યાપકો પ્રત્યે આદર ન દાખવે તો એની માનવતા કઇ રીતે વિકસે? નમ્રતા માટે વસ્તુપાલનો પ્રસંગ વિચારવા જેવો છે.

પાલિતાણાની યાત્રાએ નીકળેલો સંઘ મહામંત્રી વસ્તુપાળના ગામમાં આવ્યો. એમણે સપ્રેમ સંઘને ભોજનનું નિમંત્રણ આપ્યું. સંઘ પોતાના ઘેર આવ્યો ત્યારે એમના હૈયામાં હર્ષ માય નહિ. સુવર્ણના થાળ અને સુવર્ણની ઝારી લઈ બારણા પાસે મહામંત્રી પોતે જ સંઘના પગનું પ્રક્ષાલન કરવા બેઠા. વસ્તુપાળ સંઘમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને પ્રેમથી નમન કરી એનાં ચરણ ધૂએ. અને મહાસેનાપતિ તેજપાળ અતિથિને અંદર લઇ જાય, આ રીતે સમસ્ત સંઘના પગ ધોતાં એમના શરીર પર પરસેવાની ધારા વહેવા લાગી.

નોકરોએ કહ્યું: માલિક! આ કામ અમને સોંપો. થોડા બાકી રહ્યા છે, એમના પગ અમે ધોઈશું. આપના શરીર પર પરસેવાની ધારા વહી રહી છે: આપને થાક લાગ્યો હશે.'

મહામંત્રી વસ્તુપાળે આપેલો ઉત્તર કદી ન ભૂલાય તેવો છે: 'અરે થાક! થાક તો જન્મોજન્મનો ઊતરી ગયો. તમને આ પરસેવાની ધારા લાગે છે, પણ મને તો આ પ્રેમની ધારા લાગે છે. તીર્થને સ્પર્શી આવેલા માનવીના પગ ધોવાનું સૌભાગ્ય મને ક્યારે મળે? આ ધારાની બુંદેબુંદમાં વાત્સલ્ય, પ્રેમ ને મૈત્રી ભરેલાં છે!'

આવા મહાન્ માણસોમાં પણ કેવી ઉન્નત ભાવના હતી!

માનવ પ્રત્યે કેવું સન્માન હતું! કેવી ઉન્નત ભાવના હતી!

માનવ જીવન એકલા ધનથી મહાન નથી બનતું. 'Greatness does not consist in Riches' મહત્તા ધનની નહિ; મનની છે.

આજના પ્રવચનમાં આપણે જોઈ ગયાં કે, જે હાથે દાન દીધું નથી, જે કાને સદ્‌વચનો સાંભળ્યાં નથી, જે આંખે ત્યાગનાં દર્શન કર્યાં નથી, જે પગે તીર્થની યાત્રા કરી નથી, જે પેટમાં ન્યાયનું–પ્રમાણિકતાનું દ્રવ્ય ગયું નથી, અને જે મસ્તક ગુરુજનોના ચરણમાં નમ્યું નથી, તે દેહ તો મારે માટે પણ લાયક નથી, એમ જાણી શિયાળ પણ ભૂખ્યું ચાલ્યું ગયું.

આ સાંભળીને વિચાર આવે છે. આપણા જીવનમાં ધર્મ ન હોય તો આપણું જીવન પણ અર્થહીન ગણાય. જીવનમાં ધર્મ હોય તો જ જીવનની મહત્તા છે.

આપ સૌ આ પ્રવચન પર ખૂબ ગંભીરતાંથી વિચાર કરજો, અને જીવનમાં રૂઢિનો નહિ, પણ આચરણનો, મરેલો નહિ પણ જીવતો ધર્મ લાવી જીવનને પ્રકાશમય બનાવો એ શુભેચ્છા.....

☆

# માનવતાનાં સોપાન

अप्पा चेव दमेअव्वो
अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ
अस्सिं लोए परत्थ य ॥

—ઉત્તરાધ્યયનસૂત્રમ્

પોતાના આત્માને જ દમવો જોઇએ, એને રાગ અને દ્વેષમાંથી ઉપશાન્ત કરવો જોઇએ.—કેમ કે બાકી બધાનો જય થઇ શકે—આત્મા જ ખરેખર દુર્જય છે. દાન્ત આત્મા જ આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

---

ભાવનગર સમવસરણના વંડામાં હજારોની માનવ-મેદનીમાં આપેલ એક યાદગાર પ્રવચનમાળા.

# માનવતાનાં સોપાન

: ૧ :

માનવભવ એ એક એવું સ્થાન છે કે એને એકે છેડે પશુતા છે અને બીજે છેડે દેવત્વ. માણસ વિવેકપૂર્વક પ્રસ્થાન કરે તો એ દેવ બને અને વિવેક ભૂલે તો પશુ! માણસ પશુતા ભણી ન લપસી જાય, એ માટે જીવનદ્રષ્ટાઓએ માનવતાનાં અમુક સોપાન નિશ્ચિત કર્યાં છે. માણસ જાગૃતિપૂર્વક એ સોપાને ચઢે તો એ સોપાનદ્વારા પ્રકાશને પામી શકે, માટે આજના પ્રવચનનો વિષય માનવતાનાં સોપાન રાખવામાં આવ્યો છે.

સોપાન એટલે પગથિયાં. સોપાન કોનાં? માનવતાનાં, પશુતાનાં નહિ. પશુતાનાં સોપાન ન હોય, એનો તો ખાડો હોય, પતન હોય; ઉત્થાન તો માનવતાનું હોય, તો પછી એ માનવતાનું મૂલ્યાંકન કરતાં તો આપણને આવડવું જોઈએ ને? એનું મૂલ્યાંકન કરતાં ન આવડે તો આ માનવભવનો ફેરો નિષ્ફળ જાય. આ ભવનો ફેરો નિષ્ફળ ન જાય અને સફળ થાય એ માટે માનવ ભવની નીસરણીનાં સોપાન ચઢવાની જરૂર છે. માનવતાનું એક પછી એક સોપાન જે માનવી ચઢયો નથી, એવો માનવી બાહ્યદૃષ્ટિએ માણસ દેખાવા છતાં અન્તરમાં તો પશુતાનું પ્રદર્શન જ ભરીને બેઠો હોય છે. પશુતાનું પ્રદર્શન પોતાના જીવનમાં ન ભરાઈ જાય એ માટે માણસે સતત જાગૃતિપૂર્વક પોતાના જીવનનું અને કર્તવ્યોનું અવલોકન કરવું જોઈએ. માણસે માણસાઈના ગુણોવડે આ દુનિયાને માનવતાથી ભરેલી બનાવવાની છે, દૈત્યોની દુનિયા બનાવવાની નથી. માનવ જ્યાં વસતો હોય ત્યાં

તો હવામાં પણ ફૂલની જેમ માનવતાની સુવાસ હોય; પણ આજ આપણા કમભાગ્યે જગતમાં માનવતાના અંશો ઓછા થઇ રહ્યા છે. ભગવાન મહાવીરની અહિંસાથી ભરેલા જગતના ચિત્ર સાથે આજના વિજ્ઞાનથી ઘાતક બનેલા જગતના ચિત્રને સરખાવી જોજો! માણુસાઇના દીવા જો બળતા હશે તો આ ચિત્ર જોતાં જ હ્રદય ધ્રૂજી ઊઠશે.

## જગતનું ચિત્ર

આજના જગતનું દૃશ્ય કેટલું બિહામણું છે? કેટલાક શ્રીમંતો ઐહિક સુખમાં જ મગ્ન બની, જીવનના ઉદ્દાત તત્ત્વને ભૂલી બેઠા છે; સત્તાધીશો સત્તાના ઘેનમાં મૂર્ચ્છિત થઇ ઉદ્‌ઘાટન ક્રિયામાંથી ઊંચા આવતા નથી, કેટલાક ધર્મગુરુઓ પોતાને માટે મઠ–મંદિર બનાવવાની ધૂનમાં જયાં ત્યાં ભમી રહ્યા છે, મધ્યમવર્ગ જીવન-નિર્વાહની ચક્કીમાં પિસાઇ રહ્યો છે; વિજ્ઞાનનાં બિહામણાં સાધનો લાખ્ખો માનવીઓને મૃત્યુના મોંમાં ધકેલી રહ્યાં છે; અશાંતિ ડાકણની જેમ આંખો કાઢી માનવી સામે ઘૂરકી રહી છે; આવા વિષમ સમયમાં માનવતાનાં તત્ત્વોને વિકસાવે એવા ઉપદેશકની, એ ઉપદેશને જીવનમાં વણનાર જિજ્ઞાસુ શ્રોતાઓની, કોઇ પણ સમય કરતાં આજે વધારેમાં વધારે જરૂર છે. જો કે આજકાલ વ્યાખ્યાનો ચારે બાજુ થાય છે, પ્રવચનસપ્તાહ પણ ગોઠવાય છે, લોકો હજારોના પ્રમાણમાં સાંભળે પણ છે, પણ ઘણીવાર તો સાંભળનાર અને સંભળાવનારનો હેતુ દિલને ડોલાવવાનો, મનને બહેકાવવાનો, જગતમાં ખ્યાતિ મેળવવાનો અને વાણીના જાદુથી માણસોને મૂર્ચ્છિત કરવાનો હોય છે, એમ આજના પ્રવાહ પરથી તમને નથી લાગતું? સાચા ઉપદેશકો અને સાચા જિજ્ઞાસુ શ્રોતાઓ આટલા બધા હોય તો જગતનું ચિત્ર આવું હોય? આવી સ્વાર્થની આંધી હોય ખરી? એટલે જ પ્રશ્ન થાય છે કે

ઉપદેશને જીવન સુધારવા માટે સાંભળનારા સાચા જિજ્ઞાસુ શ્રોતા કેટલા? કેટલાક આગમો અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે પણ તે જીવન સુધારવાની બુદ્ધિથી કરે છે કે પછી એમાંથી પણ વિજ્ઞાનના મારકણા પ્રયોગો કરવા માટે કરે છે, તે મને કહેશો? કહેવાય છે કે શાસ્ત્રો જર્મનીમાં ગયાં, ત્યાં વંચાણાં, શોધાણાં અને એમાંથી અણુવાદ અને પરમાણુવાદ સિદ્ધ કર્યો, અંતે એમાંથી નીકળ્યો તો એટમબોમ્બ (atombomb) ને? શાસ્ત્રોનો પણ કેવો ઉપયોગ? જે સર્જનહાર હતું તેને જ સંહારક બનાવ્યું! કારણ કે માનવ માનવતાના સામે મોરચે જઈને ઊભો છે. સામા મોરચે ઉભેલા માનવને માનવતાના નિકટમાં લાવવાનાં સાધનો જીવનદ્રષ્ટાઓ આપણને ચિંધી ગયા છે. એ સાધનોનો વિચાર આ પ્રસંગે કરવાનો છે. ક્રમેક્રમે એ સોપાનદ્વારા, એ સાધનદ્વારા માનવતાના સિંહાસન પર આરૂઢ થવાનું છે. માનવતાના સિંહાસન પર ચઢવાના આ ચાર સોપાન છે; શૂર, પંડિત, વક્તા અને દાતા!

આ ચાર નામ સાંભળી તમે મલકાઈ ન જતા. મનમાં એમ ન માનતા કે બે ચારને મારી શકું છું, માટે હું શૂરો છું, થોડું ભણ્યો છું, એટલે પંડિત છું. બોલતાં આવડે છે, માટે વક્તા છું અને થોડું દાન પણ દઉં છું એટલે દાતા છું. અને મહારાજે કહેલાં ચારે સોપાન હું ચઢી ગયો છું, એટલે માનવતાના મહાસિંહાસનને માટે હું યોગ્ય છું.

न रणे विजयाच्छूरोऽध्ययनान्न च पण्डितः,
न वक्ता वाक्पटुत्वेन, न दाता चार्थदानतः।
इन्द्रियाणां जये शूरः, धर्मं चरति पण्डितः,
सत्यवादी भवेद् वक्ता, दाता भूतहिते रतः॥

રણમાં જિતી જાય તે શૂરો નહિ, ભણી જાય એટલાથી તે પંડિત નહિ, ભાષણ કરવામાં કુશળ હોય એટલા માત્રથી વક્તા નહિ અને જે માત્ર દાન જ દઇ જાય એટલા માત્રથી દાતા નહિ. પણ જે ઇન્દ્રિયોને જિતે તે શૂરવીર; ધર્મને આચરે તે પંડિત; સત્યથી પવિત્ર બનેલી વાણીને ઉચ્ચારે તે વક્તા અને પ્રાણીઓના હિતમાં જે આસક્ત હોય–અભયદાન આપતો હોય–તે દાતા; આ ચાર ગુણોમાંથી કયા ગુણમાં આપણે પ્રગતિ કરી છે તેનો અહીં વિચાર કરવાનો છે.

**इन्द्रियाणां जये शूरः**

જગતને જિતવું સહેલું છે, જગત પર પશુબળથી સામ્રાજ્ય ચલાવવું એ પણ સહેલું છે; પણ ઇન્દ્રિયો પર વિજય મેળવવો, ઇન્દ્રિયો પર આત્માનું સામ્રાજ્ય ચલાવવું એ કઠીન નહિ, પણ અતિ દુષ્કર છે. સાચો વિજયી, તે દેશને જિતનારો નહિ, પણ ઇન્દ્રિયો અને મનને જિતનારો છે. ઇન્દ્રિયો જેના કાબૂમાં નથી, મન જેના હાથમાં નથી એને વિજયી કેમ કહેવાય? એ તો પરાજિત, પરતંત્ર ગણાય. માણસ માને છે કે હું ભોગને ભોગવું છું; પણ ખરી રીતે ભોગો માણસને ભોગવી રહ્યા છે. માણસ ચા પીતા હોય છે ત્યારે ચાને અમૃત માની ગર્વથી કહે છે કે–'હું ચા પીઉં છું' પણ પચ્ચીસ વર્ષ પછી શક્તિ ક્ષીણ થતાં ખબર પડે છે કે, હું ચા નહોતો પીતો પણ ચા મને પી રહ્યો હતો. ત્યારે એને ખબર પડે છે કે ચા મારે આધીન નહોતો પણ હું ચાને આધીન હતો. બીડી પીનારા પણ ઘણીવાર તાનમાં આવી કહે છે કે–અમે બીડીની મઝા માણીએ છીએ. બીડી એ તો સ્વર્ગની સીડી! આવું બોલનારાઓનું વૃદ્ધાવસ્થામાં હૈયું ખવાઇ જાય છે અને આખી રાત ખૂં ખૂં કરી ઊંઘે પણ નહિ અને પાડોશીને ઊંઘવા પણ દે નહિ, ત્યારે એને ખબર

પડે છે કે, બીડીની મઝા હું નહોતો માણતો પણ બીડી મારા કાળજાની મઝા માણતી હતી!

આજ સ્વતંત્રતાના નામની બાંગ પોકારનારા તો ઘણા છે પણ સ્વતંત્રતા એ કયા પંખીનું નામ છે એ તો મને સમજાવો! જીવન પર જરા ય કાબૂ રાખવો નહિ ને છાતી ઠોકીને સ્વતંત્રતાની વાતો કરવી છે? તમારી આંખો અપવિત્ર રૂપ અને લાવણ્યને માટે તલસતી હોય; જીભ ભક્ષ્ય–અભક્ષ્યનો વિચાર કર્યા વિના જુદી જુદી વાનીઓ ચાખવા તલસાટ કરતી હોય; કાન ન સાંભળવા લાયક વાતો અને નિન્દાઓ સાંભળવા તૈયાર હોય; ચામડી અપવિત્ર અને સુંવાળા સ્પર્શો માટે ઝંખના કરતી હોય; મન બીજાનું ભુંડું ચિંતવતું હોય; નાકને સુંદર સુવાસ આપવા માટે કુદરતનાં દીધેલાં કોમળ પુષ્પોનો કચ્ચરઘાણ કઢાતો હોય; નાદિરશાહે માણસનાં માથાં કાપી જેમ થાંભલામાં મઢયાં, તેમ તમે પણ સુંદર ફૂલોને તોડી ફૂલદાનીમાં મઢતા હો; ગરીબોથી દુર્ગંધ કહી દૂર ભાગતા હો; તો કઇ રીતે માનવું કે તમે ઇન્દ્રિયોને જિતી છે અને સ્વતંત્ર બન્યા છો?

આ તો સારું છે કે માણસના હૈયામાં સામાના વિચારોને જોવાની બારી નથી, એવી બારી હોત તો કેવું પરિણામ આવત? માણસ છપ્પન ઇંચનો ડગલો પહેરી, શાહ થઈ આગળ બેસી શકે છે, તે બેસી શકત ખરો? માણસના વિચારો એ બારી દ્વારા બીજા માણસને દેખાત તો માણસ માનવ લાગત કે દાનવ? આ દૃષ્ટિએ તો હૈયામાં વિચારો જોવાની બારી ન કરીને કુદરતે માનવ જાતની લાજ રાખી છે ને? માણસ કેવો ક્રૂર બન્યો છે એનો એક દાખલો તમને આપું. હમણાં થોડા દિવસ પર હું એક ભાઈને બંગલે આહાર લેવા ગયો હતો. એના બંગલાના દિવાનખાનાની દીવાલ પર હરણ અને રોઝનાં શિંગડાં શોભા માટે

ટાંગ્યાં હતાં. આ જોઈ મને થયું : માણસ કેવો ક્રૂર બન્યો છે! પોતાના ઘરને શણગારવા માટે હરણ અને રોઝ જેવાં નિર્દોષ પ્રાણીઓને મારીને પણ એનાં શિંગડાંથી ગૃહશોભાને વધારે છે અને પોતાની જાતને કલારસિક કહેવડાવે છે! માણસે વિવેક-શક્તિ ખોઈ, સ્વાર્થી બની, ઇન્દ્રિયોના પ્રવાહમાં તણાઇ અને આત્માની અનંત આનંદમય શક્તિ પર પાણી ફેરવ્યું.

આત્માના સામર્થ્યને હણનાર વાસના છે. વાસનાનાં વસ્ત્રોએ આત્માના પ્રકાશને ઢાંકયો છે અને આત્મા એ પહેરી એમાં ઢંકાયો છે. આ જ કારણે વાસનાના સામ્રાજ્યમાં આત્માને ઘણાં પિછાનતા પણ નથી, પિછાનતા હોય તો પણ એ માટે સચિન્ત નથી. આત્માને નિરખે, એના સામર્થ્યને પારખે, તો એને સમૃદ્ધિથી છલકાતા રાજાધિરાજનો વૈભવ પણ તુચ્છ લાગે. એ શ્વાનની જેમ સત્તાધીશોની અને શ્રીમંતોની ખોટી ખુશામત ન કરે. તમને ખબર હશે કે બર્નાર્ડ શૉએ ભગવાન મહાવીરના કલ્યાણક વખતે કહ્યું હતું :–

'Give me that man, who is not passions' slave and, I will wear him in my hearts core.'

મને એવો માણસ આપો કે જેણે ઇન્દ્રિયોને જીતી હોય, જે વાસનાનો–વિષયોનો ગુલામ ન હોય, તેને હું મારા હૈયાના ઊંડામાં ઊંડા ખૂણામાં પધરાવીશ. શૉનું આ વાકય કેટલું ભવ્ય છે! એ કહે છે કે મારા હૈયાના દિવાનખાનામાં શહેનશાહની છબી નહિ ટાંગું, પણ ઇન્દ્રિયોને જિતનારની છબી ટાંગીશ. વાહ! કેવી માંગણી! હું તમને પૂછું : તમે તમારા દિલના દિવાનખાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની? ધર્મની કે ધનની? વાત્સલ્યની કે વાસનાની? જવા દો. એ તમે નહિ કહો તોય ચાલશે. પણ એ વાત ચોક્કસ છે કે દિલનું

દિવાનખાનું છબી વિના ખાલી તો કદી નહિ જ રહે. તમે વિકાસની છબી નહિ ટાંગો તો વિનાશની છબી એની મેળે ટિંગાઈ જશે. વિનાશની છબી પસંદ ન હોય તો વિકાસની છબી લાવો અને વિલાસની છબી લાવવા માટે વાસના પર વિજય મેળવો!

સિકંદરના દિલમાં ઉપસેલી વિનાશની ભયંકર છબીને ભૂંસી નાખવાનો વિચાર ઇ. સ. પૂર્વે ૩૨૫ માં ઍરિસ્ટોટલને આવેલો. મેસિડોનીઆના મહાન્ વિજયી સિકંદરે દિગ્વિજય કરવા પ્રયાણ કર્યું અને ભારત ભણી કૂચ આદરી ત્યારે તેના ગુરુ એરિસ્ટોટલે, એને જીવનની મહત્તાનું ભાન કરાવવા એની પાસે એક માંગણી કરી.

> यदि जो हो शके राजन ! तो जैनी गुरुको ले आना ।
> जिनोंने ज्ञानको पाकर गहरे तत्त्वको जाना ॥

યુદ્ધને અન્તે પંજાબથી પાછા ફરતા સિકંદરે એરિસ્ટોટલે માંગણી કરેલા જૈન સાધુની શોધ કરાવી. શોધ કરવા એના સૈનિકો ચારે તરફ ફરી વળ્યા. ઘણી શોધ પછી એક નદીકિનારે બેઠેલા અને આત્મસમાધિમાં ડૂબેલા એક મસ્ત સાધુ મળી આવ્યા. સૈનિકોએ કહ્યું: 'મહારાજ! ચાલો, જલદી કરો; દિગ્વિજયી સિકંદર તમને યાદ કરે છે, તમારું તો કામ થઈ ગયું! અરે, તમારો ઉદ્ધાર થઇ ગયો. જલદી કરો, જલદી."

તમે વિચાર કરી જુઓ, સિકંદર સંતનો શું ઉદ્ધાર કરવાનો હતો? પણ આ તો રહ્યા દાસ! એ તો એમ જ માને કે સિકંદર જેને પ્રેમથી યાદ કરે, તેનું ભાગ્ય ઊઘડી ગયું. તમને પણ અહીંના પ્રધાન આ રીતે બોલાવી માનપાન આપે તો ખુશખુશ થઇ જાઓ ને? અને બધે કહેતા ફરો ને કે, મારે તો પ્રધાનો સાથે દોસ્તી છે! હું આમ કરું ને તેમ કરું, પણ આ તો રહ્યા સંત. એરિસ્ટોટલે જાણીને જ આવા જૈન સાધુને

લાવવાની માગણી કરી છે. ઘડીમાં રીઝે ને ઘડીમાં ખીજે તો તે સંત કેમ કહેવાય ? એ તો મેરુ પર્વતની જેમ અડોલ હોય. મેઘ ગંભીર વાણીમાં સંતે કહ્યું : 'સિકંદર કોણ છે, તે હું જાણતો નથી. તમે કહો છો કે, એ દિગ્વિજયી છે તો આનંદની વાત છે; પણ મહાન્ વિજેતાને મારો એક નમ્ર પ્રશ્ન પૂછજો:' તમે દિગ્વિજય તો કર્યો પણ ઇન્દ્રિયવિજય કર્યો ? ઇન્દ્રિયોનો વિજય કર્યો હોય તો તમારા ચરણોમાં આવવા હું તૈયાર છું, પણ જો માત્ર જગતને જ જિત્યું હોય, તો હું આવવા તૈયાર નથી.'

સિકંદરને આત્મા શું વસ્તુ છે એની ખબર ન હતી. એને તો વિશ્વવિજયની ધૂન લાગી હતી, એ ધૂનમાં જ એ પાગલ બન્યો હતો. આવા ધૂનીને આત્મચિન્તા માટે કે આત્મજાગરિકા માટે સમય ક્યાંથી હોય ? ભૌતિકતાના રંગે રંગાયેલા સિકંદરને સંતે પૂછાવેલો પ્રશ્ન સાવ જ નૂતન લાગ્યો. એને તો એમ જ થયું કે, પોતાનું નામ સાંભળી ભલભલા યોદ્ધાઓ પણ ઝૂકી પડે, ત્યાં આ વળી કોણ કે જે સામે થઇ પ્રશ્ન પૂછે ? રાજાઓ મળ્યા, મહારાજાઓ મળ્યા, વીર પણ મળ્યા અને ધીર પણ મળ્યા, પણ આવો પડકાર કરનાર તો હજુ સુધી કોઈ નહોતું મળ્યું. પ્રશ્ન કરનારનું કેવું સામર્થ્ય ? અને આનો પ્રશ્ન ? એ તો વળી સાવ જ વિચિત્ર ? અને છતાં કેટલો ઊંડો, ગંભીર ને હૃદયસ્પર્શી ? એટલે, એ જાતે જ મુનિ પાસે પહોંચ્યો, મુનિનો પ્રેમાળ ધર્મલાભ સાંભળતાં જ એના હૃદયમાં ભાવનાનું પૂર આવ્યું.

'સંત! આપ મારી સાથે પધારો. અતિ માનથી હું આપને મારા દેશમાં લઇ જઇશ. વિજયયાત્રાના પ્રસ્થાન કાળે મારા ગુરુ ઍરિસ્ટોટલે જૈન સંતને સાથે લાવવાની માગણી કરી હતી, તો આપ પધારો. સુંદર વાહનો, ભવ્ય મહેલો, આનંદથી

ઊભરાતાં ઉપવનો, હીરા, માણેક, મોતી...જે જોઈએ તે આપને માટે તૈયાર છે. માત્ર તમે મારી સાથે ચાલો...' વિજયના ગર્વથી છલકાયેલો યોદ્ધો એક પછી એક શબ્દ ઉચ્ચારવા લાગ્યો. કેટલાક શ્રીમંતો અને સત્તાધીશો એમ જ માને કે પૈસાથી ને સત્તાથી બધું ખરીદી શકાય છે. એમાં સંતો થોડા જ બાકી રહે છે? એ લોકોની વાત શું કરવા કરીએ? તમારી જ માન્યતાનો વિચાર કરો ને? તમેય એમ જ માનો છો ને કે–ધનથી ધર્મ ને સ્વર્ગ બધું મેળવી શકીશું, માટે ધન ભેગું કરો. આહ! મોહના સામ્રાજ્યે જગત ઉપર કેવો ઘેરો ઘાલ્યો છે? પણ અહિ તો મુનિએ પોતાનો ધર્મ સમજાવ્યો. ધન, વાહન, વૈભવ, વનિતા વગેરેનો સ્પર્શ પણ ન કરાય એવી શ્રમણધર્મની મર્યાદા સમજાવી, અને પોતાના ધર્મક્ષેત્ર અને કાર્યક્ષેત્રને છોડી ત્યાં ન આવવાની મક્કમતા જણાવી. પણ સિકંદર જેનું નામ! એ શેનો માને? એનો ગર્વ છંછેડાયો, આજ્ઞા આગળ ધર્મ કેવો! ને મર્યાદા કેવી! ધરતીને ધ્રૂજાવી નાંખે એવા સત્તાવાહક શબ્દોમાં સિકંદર પ્રગટયો. “મહારાજ! ધર્મ ને મર્યાદા એ તો નિર્બળોનું આશ્વાસન છે. એ ઉપદેશ કોઇ શક્તિહીનને આપજો. અત્યારે હું મર્યાદા અને ધર્મ સાંભળવા નથી આવ્યો. પણ તમને લેવા આવ્યો છું. તમારે આવવું જ પડશે. મારી આજ્ઞાનો અનાદર કે પ્રતિકાર કરનાર રાજાધિરાજ પણ ધૂળમાં મળી ગયા, એ તમે જાણો છો? તમે મને ના કહેશો તો તમારી શું સ્થિતિ થશે તેનો વિચાર તમે કર્યો છે?....” એનો હાથ સોનાંના મૂઠ્ઠાથી ચમકતી તલવાર પર ગયો અને તેજસ્વી તલવાર મ્યાનમાંથી બહાર નીકળી.

ચાંદની જેવું શાંત ને મધુર સ્મિત કરી આત્મશ્રદ્ધાથી ઝળહળતા શબ્દોમાં મુનિએ કહ્યું : “સિકંદર! દિગ્વિજયી સિકંદર! જરા શાંત થાઓ. આ સમરાંગણ નથી, પણ સમતાંગણ છે!

અને તલવાર તો રાજન ! શરીરને છેદે, પણ તારી સામે તો આત્મા છે. આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, પાણીથી ભીંજાતો નથી, પવનથી સુકાતો નથી ને પ્રચંડ અગ્નિની જવાળાઓથી પણ દાઝતો નથી. આત્મા તો અમર છે. નાશ પામે એ તો આ શરીર છે. રાજન ! શાશ્વત આત્માને અશાશ્વત તલવાર કઈ રીતે કાપી શકે ? "

જીવનમાં કદી નહિ સાંભળેલી સંતની અજેય વાણી સાંભળતાં સિકંદરનું હૃદય આત્માની અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યું. આત્માની પ્રચંડ શક્તિનું ભાન એને થવા લાગ્યું. મૃત્યુના ગુરુ જેવા આ સંતના શબ્દો સાંભળતાં, એના હાથમાંથી તલવાર સરી ગઈ. સમરાંગણમાં મોરચા પર એણે મરણિયા થઈ ઘૂમતા લાખો વીર યોદ્ધા જોયા હતાં; પણ મૃત્યુના મંડપમાં પણ આ સંતના મુખ ઉપર અમરતાની જે કાન્તિ ઉપસી આવી તે તો સાવ જ અલૌકિક હતી. આની સાથે જાણે કોઈની ય સરખામણી ન થાય !

આ શબ્દો ગંભીરતાથી વિચારવા જેવા છે. આવા મરણોપસર્ગના વિષમ સમયે પણ મુનિ કેવો નિર્ભય ઉપદેશ આપે છે ? કારણ કે એમણે ઇન્દ્રિયોના વિષયોને જિતી, આત્મસ્વરૂપ જાણ્યું છે. ઇન્દ્રિયોના વિજેતાને મરણ ધ્રૂજાવી શકતું નથી, એથી તો મરણ પોતે જ ધ્રૂજે છે ! મરણનો ભય વધ્યો છે, મરણનું નામ સાંભળી માણસ કંપે છે; કારણ કે અમરતાની વાત ભૂલાઈ અને કાયાની માયા વધી. કાયાની મમતાએ માણસને પામર બનાવ્યો છે, સત્વહીન બનાવ્યો છે અને હિંસક ભાવનાથી તરબોળ બનાવ્યો છે. જેણે અમરતાનાં ગીત ગાયાં છે, એ તો વિષમ વિપત્તિમાં પણ નિર્ભય ને વાત્સલ્યભર્યો હોય. ચંડકૌશિક નાગ જયારે ચારે બાજુ પોતાની વિષદૃષ્ટિ ફેંકતો હતો ને પ્રાણીઓનો સંહાર કરતો હતો ત્યારે પ્રેમદૃષ્ટિ લઈ પ્રભુ

મહાવીર ત્યાં પહોંચ્યા. એમને જોતાં જ વિષધર ધસી આવ્યો. ફૂંફાડો મારી, પ્રભુના ચરણે જોરથી ડંખ મારી દૂર ભાગ્યો. એના મનમાં એમ જ હતું કે, હમણાં મારા કાતિલ ઝેરથી મૂચ્છિત થઇ આ માણસ મારા પર ગબડશે. પણ ત્યાં તો પ્રભુએ એમની અમીભરી પ્રેમદૃષ્ટિ એ વિષધર પર વર્ષાવી અને બોલ્યા: "ઓ ચંડકૌશિક! જરા સમજ! બૂઝ! તું કોણ હતો, તેનો તો તું વિચાર કર. તું તો એક વખત પવિત્ર સાધુ હતો, પણ ક્રોધ કરવાથી, અને પ્રેમની દૃષ્ટિ ખોવાથી તું મરીને નાગ થયો. મૈત્રીની દૃષ્ટિ ખોઈને ઝેરી દૃષ્ટિ કેળવી; એટલે તું સંત મટી સર્પ થયો!" ભ૦ મહાવીરની પ્રેમના પ્રકાશથી ભરેલી અમરવાણી સાંભળી સર્પને પણ આત્મજ્ઞાન થયું. એણે ઝેરને વમી અમૃતનો માર્ગ લીધો. સર્વ સમર્પણ કરી, અનશન સ્વીકારી, અમરત્વને પામ્યો.

આહ! પ્રેમનો કેવો પ્રભાવ! પ્રેમના સામ્રાજ્યમાં કોઇ વૈરી નથી, કોઈ ઝેરી નથી, કોઇ અધમ નથી, કોઇ ઉત્તમ નથી, કોઈ ઉચ્ચ નથી, કોઇ નીચ નથી! ત્યાં તો કેવળ નિર્ભયતા અને વાત્સલ્યનો પ્રકાશ વિલસે છે!

મુનિએ કહ્યું: સિકંદર! માનવી મૃત્યુથી ગભરાય છે, કારણ કે એણે ઇન્દ્રિયવિજય કર્યો નથી. જો એણે ઇન્દ્રિયોને જિતી જ હોય તો તો એ એમ જ કહે:—

અનન્તના પ્રવેશ દ્વારે, મૃત્યુ તો પરિચારિકા,
જે જીર્ણ વસ્ત્રો પરિહરીને, નવીનને પહેરાવતી;
એ મૃત્યુથી હે માનવી! તું કાં ડરે? તું શા ડરે?

મૃત્યુ આવે તો આવવા દો. એ નવાં નવાં વસ્ત્રો પહેરાવનારી સુંદર સેવિકા છે. એને જોઇ ગભરાઓ છો શા માટે? પણ આ સુંદરી તેને જ નવાં ને સુંદર વસ્ત્રો પહેરાવે

છે કે જેણે જીવનમાં કંઇક સારા કાર્યો કર્યાં હોય, જેણે સંયમ પાળ્યો હોય, પ્રેમની હવા ફેલાવી હોય, વાત્સલ્યનો પ્રકાશ પાથર્યો હોય. એવો માણસ તો મૃત્યુ–કુમારિકાને જોતાં આનંદ પામવાનો પણ જેણે ઇંદ્રિયોને જિતી નથી, વેર–ઝેરનો દાવાનળ પ્રગટાવ્યો છે, એવો માણસ તો મૃત્યુનું નામ સાંભળતાં જ કંપી જવાનો–ધ્રૂજી ઊઠવાનો! તમે મરણથી ગભરાઓ છો કે નિર્ભય છો? જો ગભરાતા હો તો એ ભયનું કારણ શોધી કાઢો. સત્કર્તવ્યોનો અભાવ અને ઇન્દ્રિયગણની સ્વચ્છન્દતા તો મૃત્યુના ભયનું કારણ નથી ને? એ સિવાય બીજું શું હોઇ શકે?

સંતના આ પ્રભાવશાળી વીર વચનો સાંભળી, સિકંદર એમના ચરણોમાં ઢળી પડ્યો. એણે કહ્યું: "હવે મને સમજાય છે કે મારા ગુરુએ જૈન સાધુની માંગણી કેમ કરી હતી! મારા અભિમાનને ગાળવા જ એમણે આ ભલામણ કરી હતી. આત્મા માટે દેહને ડૂલ કરનારા વીરો પણ આ વિશ્વમાં છે એમ આપના દર્શન પહેલાં મને કોઇએ કહ્યું હોત તો હું ન માનત. પણ આજ આપના દર્શનથી તો એ સત્યની મને ખાત્રી થઇ છે. આપના મિલનથી મને સમજાયું કે જગતને જિતનાર કરતાં પણ ઇન્દ્રિયોને જિતનાર મહાન છે–શૂરવીર છે! ધીર ને વીર તે જ કહેવાય કે, જે વાસનાનો ગુલામ નહિ, પણ જે સંતોષનો સંતાન છે. આપ મને કંઈક એવો સંદેશ આપો જે લઇ હું મારી માભોમ તરફ જાઉં અને એ અમર સંદેશ મારા જીવનમાં ઉતારી, એ દિવ્ય સંદેશ મારા દેશબાંધવોને પહોંચાડું!...."

જોયું, ત્યાગનો પ્રભાવ કેવો છે? સિકંદર જેવો ઘમંડી પણ ત્યાગ આગળ ઝૂકી પડયો. વિશ્વની એવી કોઈ તાકાત નથી, જે ત્યાગ સામે પડકાર કરે! સૂર્યનો ઉદય થતાં જેમ અંધકારના ડુંગરા પણ ઓગળી જાય, તેમ ત્યાગનો મહિમા પ્રગટતાં, ભોગીઓ

એની આગળ ઓગળી જાય! અને તેથી જ કોઈને ય નહિ નમનારો અક્કડ સિકંદર નમ્ર બની સંતના ચરણમાં ઢળી પડ્યો. એના આત્માનાં દ્વાર ઊઘડી ગયાં અને ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય બન્યો. તમારે પણ ઉપદેશ સાંભળવા માટે આવી નમ્રતા અને જિજ્ઞાસા કેળવવી જોઈએ ને? નમ્રતા અને જિજ્ઞાસા વિનાના શ્રોતાને ઉપદેશ સંભળાવવો એ તો ઊંધા ઘડા પર પાણી રેડવા જેવું છે. એથી બન્નેને નુકશાન. પાણી નિષ્ફળ જાય ને ઘડો ખાલી ને ખાલી રહે. જો કે આ તો વિવક્ષાએ વાત છે. નહિતર વક્તાને તો એકાન્તે લાભ છે જ. એ તો એક કલાક નિર્જરા જ કરતો હોય છે, પણ સાધારણતઃ વ્યાખ્યાનકારે પણ સભા નિરીક્ષણ તો કરવું જ રહ્યું કે–આમાં કોની કેટલી પાત્રતા છે? પાત્રતાનો પ્રભાવ કોઈ અજબ છે. પાણી એકનું એક જ છે. પણ પાત્રના ભેદથી પરિણામ જુદું આવે છે. સ્વાતિ નક્ષત્રનું પાણી છીંપમાં પડે તો મોતી થાય, ફળદ્રૂપ ભૂમિમાં પડે તો સારું અનાજ થાય, ને સર્પના મોંમાં પડે તો ઝેર થાય.

पात्राऽपात्रविवेकोऽस्ति, धेनुपन्नगयोरिव ।
तृणात् संजायते क्षीरः, क्षीरात् संजायते विषम् ॥

પાત્ર અને અપાત્રનું કેટલું અંતર છે તે બતાવવા માટે આ એક સુભાષિત જ બસ છે. ગાયને તૃણ—ઘાસ ખવડાવો તો ય તેનું દૂધ થાય અને સર્પને દૂધ પાઓ તો ય તેનું હલાહલ ઝેર થાય! પાત્રનો કેવો પ્રભાવ!

મુનિએ પણ સિકંદરમાં હવે નમ્રતા અને જિજ્ઞાસાદ્વારા પાત્રતા જોઈ, અને કહ્યું: "તમે જે આપી ન શકો તે તમારે લેવું નહિ....!" મુનિનું આ રહસ્યપૂર્ણ વાક્ય એમને ન સમજાયું, એટલે સિકંદરે કહ્યું: "હું આ મહાવાક્યનો અર્થ સમજી શક્યો નથી એટલે કૃપા કરી આપ મને વિસ્તારથી સમજાવો..."

કરુણાપૂર્ણ સંતે કહ્યું:–"રાજન! કોઈનું લૂંટેલું ધન તમે એને પાછું આપી શકો છો, કોઈનું ઝૂંટવેલું રાજ્ય પણ તમે પાછું અર્પી શકો છો; પણ કોઇના લીધેલા પ્રાણ તમે આપી શકો ખરા? જે પ્રાણ દેવાનો અધિકાર તમને નથી તે પ્રાણ તમને લેવાનો અધિકાર પણ નથી. માણસ બધી વસ્તુઓ આપી શકે છે, પણ એ જીવન કોઇને ય આપી શકતો નથી, તો પછી બીજાનાં જીવન યુદ્ધના પડદા નીચે લેવાનો હક્ક તમને કોણે આપ્યો....?" સંતના આ વચનો સાંભળી એ નાચી ઉઠયો. યુદ્ધ-વિરામ અને અહિંસાનો મહામંત્ર એને આ વચનોમાં દેખાયો અને અહિંસક જીવન જીવવાની પ્રતિજ્ઞા લઇ મુનિને પ્રેમ અને બહુમાનથી નમન કરી, એ પોતાના દેશ ભણી ઉપડયો!

એરિસ્ટોટલે સિકંદરને પૂછ્યું: "કેમ મેં મંગાવેલી વસ્તુ લાવ્યા? ન લાવી શકયા ને? ભાઇ! મારે એ સંતને અહિ લાવવા નહોતા, પણ મારે તો તમારું ઘેન ઉતારવું હતું. સત્તા ને શ્રીમન્તાઇથી જગતની બીજી કોઇ પણ વસ્તુ ખરીદી શકાતી હોય તો પણ, ત્યાગ તો નથી જ ખરીદી શકાતો. સત્તા ને શ્રીમન્તાઇ આગળ બીજી કોઇ પણ વસ્તુ પીગળી શકે પણ, ત્યાગ જ એક ઉન્નત ને અણનમ રહી શકે છે. સર્વ વસ્તુને ભયં છે પણ ત્યાગ જ એક અભય છે. એરિસ્ટોટલની આ વાત સાંભળી સિકંદર એમને ભેટી પડયો.

: ૨ :

धर्मं चरति पण्डितः

સંત અને સિકંદરના આ પ્રસંગ દ્વારા ઇન્દ્રિયોને જિતે તે શૂર, આ વાત આપણે વિચારી ગયા. હવે આવે છે પંડિત. પંડિત કોણ? શાસ્ત્ર ભણે, શ્લોકો પોપટની જેમ બોલી જાય કે બડભડ સંસ્કૃત બોલવા માંડે એટલા માત્રથી તે પંડિત ન

કહેવાય. પંડિત તે જ કહેવાય કે જે ધર્મને વિવેકપૂર્વક આચરતો હોય, પોતાની ફરજ જે સમજતો હોય, અને અત્યારે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય શું છે એનો વિચાર કરી, અયોગ્યને છોડી, યોગ્યનો આદર કરતા હોય; તે પંડિત કહેવાય. આવો પંડિત આ દુનિયાના ભોગમાં રાચે ખરો? એ વિલાસનાં સાધનો મેળવી નાચે ખરો? એ જગતની સંપત્તિમાં માચે એમ તમે માનો છો? ત્યારે સાચો પંડિત આ દુનિયાને શું માને? કહો જોઈએ? સાચો પંડિત આ દુનિયાને એક વિશાળ મુસાફરખાનું માને. આ મુસાફરખાનામાં રોજ લાખો આવે છે અને લાખો જાય છે. માણુસ માને છેઃ હું કંઈક છું. એ હું-પદના ઘમંડમાં ડોલનારા પણ ધૂળમાં મળી ગયા. જેઓ એક ફૂંક મારી જગતની રાખ કરી શકતા હતા, એમની રાખ આજે શોધીયે જડતી નથી. જગતના ગમે એવા સત્તાધીશ કે ધનવાન માણસને પણ આ જગતમાંથી જવાનું છે એ તો નક્કી છે ને?

માણુસ મોટો છે, માટે કંઇ મૃત્યુ એની વાટ જોઇને ઊભું રહેવાનું નથી. મૃત્યુની ગાડી તો રાતદિવસ ચાલી જ જાય છે. અને જે એના ઝપાટામાં આવે, તેને ઉપાડતી જ જાય છે. જગતની ગાડી તો મોટા માણસની શરમને લીધે કદાચ થંભાવી શકાય, પણ આ મૃત્યુની ગાડીને ગમે એવો સત્તાધીશ પણ થંભાવી શકે એમ તમને લાગે છે? શું તમારો પૈસો મૃત્યુની ગાડીને એક સેકન્ડ (Second) પણ નહિ રોકી શકે? એમ માથું ડોલાવે નહિ ચાલે. જરા સ્પષ્ટ શબ્દોમાં કહો તો આ સામાન્ય માણસોને પણ ખબર પડે કે આ શેઠ આટલા શ્રીમંત હોવા છતાં પણ કહે છે કે, અમારો પૈસો ને અમારી આવડત અમને બચાવશે તો નહિ, પણ એનો સદુપયોગ ન થયો તો અમને ખેંચીને નર્કમાં લઇ જશે. કેમ આ વાત ખરી છે ને? 'જી' વાહ, રંગ રાખ્યો. આમ જોરથી બોલો તો આ માનવ

મેહની પણ સાંભળી શકે. સુખી માણસોએ તો વળી આ વાત ઉપર ખૂબ વિચાર કરવો જોઈએ કે, 'સંસાર એ મુસાફરખાનું છે. અહિ ગમે એટલું ભેગું કરીશું તોય છોડયા વિના છૂટકો નથી. હું આ વૈભવને નહીં છોડું તો એ મને છોડશે. હસતાં હસતાં નહિ ત્યજ્યું તો રડતાં રડતાં ત્યજવું પડશે.' બાપડા થઈને છોડવા કરતાં બહાદૂર થઈને છોડો ને! કે જેથી લોકો પણ તમારી પાછળ એમ કહે કે :–ખરો ભડનો દીકરો નીકળ્યો. ભોગોએ એને નથી છોડયો પણ એણે ભોગોને લાત મારી. ધન્ય છે આના ડહાપણને! સંસારમાં રહ્યો પણ એમાં ફસાયો નહિ. ધન મળ્યું પણ એમાં મુંઝાણો નહિ. સંસારને મુસાફરખાનું માની નીકળી ગયો!

## રઘુકુલનો ત્યાગ

શ્રી રામના વનવાસની વાત તો જગપ્રસિદ્ધ છે ને! રામાયણનો એ કરુણ છતાં સોહામણો પ્રસંગ વિચારવા જેવો છે. આખી અયોધ્યામાં આનંદની હવા જામી છે. શ્રી રામચંદ્રજીના રાજ્યાભિષેકની તૈયારી ઘણા જ ઉત્સાહપૂર્વક પૌરજનો કરી રહ્યા છે. આ ઉત્સવ એકલા રાજાનો નહિ, પણ પ્રજાનો પણ ખરો. કારણ કે આવા ભલા રાજાના રાજ્યાભિષેકથી પ્રજાને શાન્તિ ને સુખ મળવાનાં છે. એટલે આજની જેમ કેવળ રાજ્યને જ ખર્ચે એ ઉત્સવો નહોતા થતા, પણ પ્રજાનાં તન–મન અને ધન પણ એમાં મળતાં; એટલે એ ઉત્સવનો આનંદ કોઈ ઓર જ આવતો! આ સમયે શ્રીરામ શૃંગારગૃહમાં વસ્ત્રાલંકાર પહેરી રહ્યા છે. હાથમાં હીરાથી જડેલો મુગટ લેતાં એ વિચાર કરે છે કે:–આ મુગટના ભારને વહન કરવા હું સમર્થ છું ખરો? આજ હું નાગરિક છું, આવતી કાલે હું રાજા થઈશ અને આખી અયોધ્યાની જવાબદારીનો બોજો મારા શિરે

આવશે. તો આ વિશાળ જવાબદારીના ભારને ઉપાડવા હું સમર્થ છું ખરો? રાજ્યાભિષેકના આનંદ-ભર્યા પ્રસંગે, ગંભીર બની શ્રીરામ વિચાર કરે છે. આવા પ્રસંગે પોતાની જવાબદારી ને લાયકાતનો વિચાર કરનારા કેટલા? આજકાલ પોતાની લાયકાતનો વિચાર કર્યા વિના સત્તાની પડાપડી માટે જે દોડાદોડ કરે છે, એનું જ આ કલેશમય પરિણામ છે. સૌને સત્તા જોઈએ છે, શક્તિનો કે સંયમનો વિચાર કોઈનેય કરવો નથી. જ્યાં સત્તાની જ ભૂખ જાગે ત્યાં કેવું કારમું પરિણામ આવે, તેનો જ અહિ વિચાર કરવાનો છે. જે સમયે શ્રીરામ પોતાના કર્તવ્યની વિચારણા કરી રહ્યા છે, તે જ પ્રસંગે કૈકેયી પોતાના તુચ્છ સ્વાર્થનો વિચાર કરે છે. શ્રી દશરથજી પણ આજે આનંદમાં છે, પોતાના લાયક પુત્રનો રાજ્યાભિષેક થવાનો છે. પોતે આજ દિવસ સુધી ઉપાડેલી રાજ્ય ધૂરા પોતાના યોગ્ય ઉત્તરાધિકારીને ખાંધે મૂકાય છે, એની ખુશાલીમાં એ મનમાં મલકાય છે, પોતે મુક્ત બને છે અને યોગ્યના હાથમાં રાજ્યનો દોર સોંપાય છે. રાજ્યની દષ્ટિએ જીવનનો આ છેલ્લો પ્રસંગ શાન્તિથી પતી જાય તો પોતે હવે જીવનના ઉત્તરાર્ધમાં કંઈક આત્મસાધના કરી શકે, એમ એ માને છે. એટલે જ એ સુંદર વસ્ત્ર પહેરી મહેલમાંથી બહાર નીકળવા જાય છે ત્યાં બારણામાં જ કૈકેયી આવી ઊભાં રહ્યાં. આ ચતુર સ્ત્રીએ આજે સોળે શણગાર સજ્યા છે. માણસને મત્ત બનાવી દે એવો એનો શૃંગાર છે. સ્વાર્થની મદિરાથી એની મસ્ત આંખો ઘૂમી રહી છે. આકર્ષણ વૃદ્ધ ઉપર પણ શું કામ કરે છે તે તમે વિચારી જોજો. જ્ઞાનીઓ કહે છે કે, પ્રલોભનકારી પદાર્થોથી દૂર રહો. એનો મારકણો સ્વભાવ જતો નથી. ઝેર તે ઝેર છે. તે વૃદ્ધને ય મારે ને યુવાનનેય મારે, ભણેલાને ય મારે અને અભણને ય મારે. જે ખાય તે મરે! ઘણા કહે છે ને કે અમે તો હવે વૃદ્ધ થયા; અમારી ઇન્દ્રિયો શિથિલ થઈ. હવે

અમને વિષયની ભૂખ ન જાગે. અમે તો હવે અનાસક્ત છીએ—પણ હું કહું છું કે, જવા દો એ દંભને! તમે કેવા અનાસક્ત છો તે જ્ઞાનીઓ અને માનસશાસ્ત્રીઓથી અજાણ્યું નથી. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને બસો ને બાવન વિકારોમાં મગ્ન રહેવું અને પાછી અનાસક્તિની વાતો કરવી!

કેટલાક વૃદ્ધો માટે તો કહેવાય છે કે શારીરિક શિથિલતાને લીધે બાહ્ય દૃષ્ટિએ શાન્ત દેખાતા હોય પણ સિનેમામાં કે નાટકમાં જાય એટલે નટીઓને જોઇ વેંતવેંત ઊંચા થઇ જાય! જોઇ ને આ બુઢાઓની અનાસક્તિ! વૃદ્ધ થવા છતાં વાસના ન જાય તો એ આખા કુળને કુમાર્ગે લઇ જાય. જેમ વાળ ધોળા થતા જાય તેમ તેમ હૈયું પણ ધોળું થવું જોઈએ.

શ્રી દશરથજી ઉપદેશ સાંભળ્યા પછી વિરાગી બન્યા છે. એમને પોતાના હૈયાને કેળવ્યું છે. એટલે એ વિચાર કરતા આવે છે કે—હવે રાજ્યનો ભાર ઉતારી હું હળવો બનું ને સંયમની સાધના કરું—એ જ પ્રસંગે બારણામાં ઉભેલાં કૈકેયીને જોઇ એમણે પૂછ્યું: 'કાં બારણામાં કેમ? આજે તમે ઉદાસ કાં જણાઓ છો? આજ તો આનંદનો દિવસ છે, જે જોઇએ તે માંગો. આજે કંઇ જ મોંઘું નથી.' ત્યારે કૈકેયીએ કહ્યું: 'શું માંગું? મારે બીજું માંગવાનું શું હોય? તમારી જેમ મારો ભરત પણ ત્યાગના રંગે રંગાયો છે. મારા હાથમાંથી તો પતિ ને પુત્ર બંને જાય છે. એટલે પુત્રને રોકવાનો માર્ગ એક છે. રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરો, અને તમે લગ્નકાળે આપેલું વચન પાળો; એ જ પ્રાર્થના.'—કૈકેયીના આ વચનો સાંભળતાં શ્રી દશરથજીને પોતાની છાતી પર મોટી શિલા પડી હોય એવો કારમો આઘાત થયો. આનંદ ઊડી ગયો. લોહી થીજી ગયું. એકદમ મૂર્છા આવી ને ધરણી પર ઢળતાં કહ્યું. "તથાસ્તુ..." મોહનું

સામ્રાજ્ય કોઈ અજબ છે. મોહ એ વૈરાગ્યવાસિત હૈયાઓના બંધને પણ તોડી નાંખે છે. નાવિક સાવધાન ન રહે તો કિનારે આવેલી નૌકાને પણ મોહના મારકણા વાયરા મધદરિયે ખેંચી જાય !

શ્રી દશરથજીની મૂર્છાના દુઃખદ સમાચાર અન્તઃપુરના માણસે શ્રી રામચન્દ્રજીને આપ્યા. આ સમાચાર સાંભળતાં વિનયી શ્રીરામ સ્તબ્ધ બની ગયા. આ વખતે શ્રી રામચન્દ્રજીને એક જ વિચાર આવ્યોઃ મારું કર્તવ્ય શું ? મારો ધર્મ શું ? પુત્ર તરીકેની મારી ફરજ શું ? પિતાજીની ઇચ્છા એ જ મારી ઇચ્છા. પિતાજીના વચનનું પાલન કરવું એ જ સુપુત્રનો ધર્મ ! પિતાના વચનનો ભંગ કરે તે પુત્ર નહિ પણ પથ્થર ! એ સપૂત નહિ પણ કપૂત ! પંડિતાઈભર્યો આ દીર્ઘ વિચાર કરી, એમણે તેજથી ઝળાંહળાં થતો રત્નમુકુટ હાથમાંથી નીચે મૂકયો અને વિચાર કર્યો કે-" હું જ્યાંસુધી અયોધ્યામાં હોઉં, ત્યાંસુધી શ્રી ભરતનો રાજ્યાભિષેક થાય નહિ, અને એ રાજ્યને સ્વીકારે પણ નહિ. અને એ રાજ્ય ન સ્વીકારે તો પિતાજીના વચનનું પાલન કઇ રીતે થાય ? અને વચનભંગ જેવું બીજું પાપ કયું ? વચનભંગ જેવો બીજો દ્રોહ કયો ? એ વચનભંગના પાપમાં હું નિમિત્ત બનું ? એ કદી ન બને. બસ, ત્યારે રાજ્ય છોડી વનમાં જાઉં અને ભરતનો માર્ગ નિષ્કંટક બનાવું. પિતાજીની પ્રતિજ્ઞા અખંડ રહો."

કરુણાર્દ્ર વીર માતા શ્રી કૌશલ્યાજીના પવિત્ર આશીર્વાદ લઈ શ્રી રામચંદ્રજી ચાલી નીકળ્યા. આગળ શ્રી રામ, પાછળ પુણ્યવતી શ્રી સીતાજી અને એની પાછળ શ્રી લક્ષ્મણજી—આ ત્રિમૂર્તિને જંગલની વાટે જતી જોઇ અયોધ્યાનાં નરનારીઓ રુદન કરવા લાગ્યાં. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. આનન્દભર્યા સૂરને છેડતી શરણાઇઓ બંધ પડી. શોકનું વાતા-

વસમુ જામતું ગયું. પ્રજાના હૃદયના બંધને તોડી નાખે એવી વિયોગની વાંસળી વાગવા લાગી. પ્રજા શ્રી રામની પાછળ ચાલી નીકળી. ત્યારે શ્રી રામે સૌને પ્રેમથી સમજાવીને પાછા વાળ્યા અને એ વન ભણી ચાલી નીકળ્યા.

ધર્મ કોણ આચરી શકે ? પંડિત હોય તે ! પંડિત ધર્મનો–કર્તવ્યનો વિચાર કરે છે, જ્યારે મૂર્ખ હક્કની માથાકૂટ કરે છે. શું શ્રી રામ ધારત તો રાજ્યના માલિક ન બની શકત ? એ આજના લોકોની જેમ કહેત કે "ચાલો ચૂંટણી કરો. મતદાન કરાવો. બહુમત કોને મળે છે ? મને કે ભરતને ? મેં પ્રજાનો પ્રેમ કેટલો સંપાદન કર્યો છે એની મારે કસોટી કરવી છે." એમ કહી શ્રી રામે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હોત તો ? તો શું ? આજ ચૂંટણીવાળાઓ પ્રત્યે જે નજરથી પ્રજા જુએ છે એ જ નજરથી શ્રી રામને પણ જોત ! બીજી એક વાત વિચારો. શું શ્રી રામ એમ ન કહી શકત કે–"આ ડોસાની બુદ્ધિ તો હવે ભ્રષ્ટ થઇ છે. એણે શું કરવા બીજી પત્ની કરી ? અને શું કરવા આવું વગર વિચાર્યું વચન આપ્યું ? એણે આપ્યું છે તે એ જાણે. મારા હક્કના રાજ્યને ભરતને આપનાર એ કોણ ? એ બૂઢાના વચનને પાળવા કંઇ હું બંધાયો નથી." આવી દલીલ કરી હોત તો ? પણ એ જમાનામાં આજના જેવા સ્વાર્થી વકીલો નહોતા, એ જમાનામાં આજના જેટલી હક્કની મારામારી નહોતી. સૌને પોતાના ધર્મની પડી હતી, સૌને પોતાનું કર્તવ્ય યાદ આવતું. એટલે શ્રી રામચંદ્ર તો એક જ વાત સમજતા હતા કે ત્યાગ કરવો એ મારો ધર્મ છે. પિતાના વચનને અભંગ રાખવું એ મારું કર્તવ્ય છે. અને એની જ અસર શ્રી સીતાજી પર પણ પડી, અને એટલે જ એમણે પણ પોતાના પતિના કાને ન ભંભેર્યા અને એમણે વિચાર્યું : પતિને પગલે

ચાલી નીકળવું એ સતીનો ધર્મ! પતિના સુખે સુખી ને પતિના દુઃખે દુઃખી થાય તે સતી! સતી તરીકે મારે અત્યારે બીજું કંઈ જ કરવાનું ન હોય. પતિનો માર્ગ એ જ મારો માર્ગ!

શ્રી લક્ષ્મણજીને થયું: વડિલ ભાઈ વનમાં જાય ને હું અહિ પડયો રહું? એ ઘોર અરણ્યમાં ભાઈ–ભાભીની સેવાનો અપૂર્વ અવસર ફરી નહિ મળે! ગુણિયલ ભાઈનો વિયોગ કેમ વેઠાય? અને શ્રી લક્ષ્મણજી પણ ચાલી નીકળ્યા. જોયું? સૌએ પોતપોતાનો ધર્મ બજાવ્યો. તમે તમારી દુકાન આ રીતે ભાઈને આપી ચાલી નીકળો તો તમને તમારી પત્ની શું કહે? તમારે ઘેર પત્ની તો હશે ને? જો કે તમારો સ્વભાવ જોતાં તમે કંઈ આવું અર્પણ કરો એમ લાગતું નથી, છતાં પણ ધારો કે આ ઉપદેશ સાંભળ્યા પછી તમે કંઈક એવું અર્પણ કરી બેસો તો એ સમાચાર સાંભળી તમારી સ્ત્રી પ્રસન્ન થાય કે થયેલા રોટલા પણ ચૂલામાં ફેંકી મોઢું ચડાવી બેસી જાય? આ પ્રસંગ ચાલે છે ત્યારે સૌએ પોતાના ઘરની સ્થિતિ પણ વિચારવી તો જોઇએ ને?

શ્રી ભરતજી માતાજીને પ્રણામ કરવા જાય છે. પુત્રને આશીર્વાદ આપતાં કૈકેયીએ આનંદથી કહ્યું: વત્સ! તારી માતા તારા હિતની કેટલી ચિન્તા કરે છે! આજની વાત સાંભળતાં તું હર્ષથી નાચી ઊઠવાનો! આજ મેં મારા વરદાનની માંગણી તારા પિતા પાસે કરી લીધી છે. હવે રાજ્યાભિષેક રામનો નહિ, પણ તારો થવાનો.”

શ્રી ભરતે કહ્યું: “મા, મા! તું આ શું બોલે છે? ઇક્ષ્વાકુકુળમાં આ સ્વાર્થાંધતા! તને હજુ મારામાં અને શ્રી રામમાં ભેદ લાગે છે? મા, હું માનતો હતો કે તું મારી કલ્યાણકારી માતા છે, પણ આજ મેં જાણ્યું કે તું માતાના વેષમાં પૂર્વનું વેર લેવા આવેલ કોઈ વેરણ છે! આહ! આ ઉત્તમ-

કુળમાં સ્વાર્થ અને સત્તાની દુર્ગંધ! મા, તું તારા ધર્મ ચૂકી! સ્વાર્થમાં અંધ બની, તેં મારા જીવનમાં ઝેર રેડવા પ્રયત્ન કર્યો! ધિક્કાર હો આ સ્વાર્થાંધતાને!" આટલું કહેતાં કહેતાં તો એ મૂર્છા પામ્યા. દાસદાસીઓ દોડી આવ્યાં. ચંદનનું વિલેપન અને ગુલાબજળનું સિંચન એમના પર કરવા લાગ્યાં.

આ પ્રસંગ ચાલે છે ત્યારે, આપણા હૈયાને પણ તપાસવાની જરૂર છે. આવા સુખદ સમાચાર આજની કોઇ માતાએ આજના કોઇ યુવાનને આપ્યા હોય તો યુવાન શું કહે? આવી વાત સાંભળી માતાને ઠપકો દેવાની વાત તો દૂર રહી, પણ સાંભળીને નાચવા જ માંડે ને? "હેં અયોધ્યાનું રાજ્ય મને મળશે?"

આમ બોલતાં જ એની ડાગળી ચસકી જાય ને? રાજ્યાભિષેકની વાત દૂર રહે અને ગાંડાઓના દવાખાના ભેગા કરવાની ધમાલમાં ઊતરવું પડે ને? કારણ કે આજે સૌને સત્તાની લાલસા જાગી છે! અન્યનું પડાવીને ભોગવવાની લાલસાવાળાને પહેલાં તો મળે નહિ, મળે તો ટકે નહિ અને ટકે તો ભોગવી શકે નહિ!

આજ જગતમાં જોશો તો થોડીશી સંપત્તિ માટે સગા ભાઇઓ કોર્ટે ચડે છે, વર્ષો સુધી લડે છે, વકીલો, સોલિસીટરો અને બેરિસ્ટરોનાં ઘર ભરે છે. પોતે ફના થઇ જાય પણ નમતું જરા ય ન આપે! આનું કારણ એ જ કે સૌ પોતપોતાનો ધર્મ ભૂલ્યા છે. ધર્મને આચરે તે પંડિત અને ધર્મને ચૂકે તે મૂર્ખ. શું ભરતને ભાષાનું નાટક ભજવતાં નહોતું આવડતું? એ પ્રજાને એમ ન કહી શકત કે, "પ્રજાજનો! હું શ્રી રામચંદ્રના વિયોગથી અતિ દુઃખી છું. મારે રાજ્યની કંઇ પડી નથી, પણ શું કરું? મારી માતાએ આવી ફરજ પાડી છે, એટલે રાજ્યનો આ કાંટાળો મુગટ મારે અનિચ્છાએ પણ વહન કરવો પડે છે?"

આવી ભભાની ભવાઇ શું એ ન કરી શકત? અને રાજ્ય ન પચાવી શકત? પણ ભરતજી ધૂર્ત નહોતા. ધૂર્ત હોય તે જ આવી રમતો રમે! એક કવિએ કહ્યું છેઃ–

मुखं पद्मदलाकारं वाचा चंदनशीतला ।
हृदयं कर्तरीतुल्यं त्रिविधं धूर्तलक्षणम् ॥

દંભીઓ કેવું નાટક ભજવે છે, તે આમાં કહ્યું છે. મોં કેવું ઠાવકું રાખે તો કે' સૌમ્ય કમળ જેવું રાખે, અને વાણી તો ચંદનથી ય શીતળ; પણ હૃદય? હૃદય તો કે' કાતર જોઇ લો કાતર! જ્યાં જાય ત્યાં ધીમે રહીં કાપવાની જ વાત કરે, એકના બે કરે, બેના ચાર કરે અને ચારના આઠ કરે! ભાગલા સિવાય વાત જ નહિ! છતાં મોંથી તો સંપ અને ઐકયતાની જ વાત કરતા હોય! કોઇ સભામાં તમે ગયા હો તો તમને ખ્યાલ હશે; સભાનો પ્રમુખ કહે છે, 'હું આ ઉચ્ચ સિંહાસન માટે લાયક નથી, પણ તમે મને આ જવાબદારીભર્યું સ્થાન સોંપ્યું છે, તો મિત્રોના આગ્રહને હું કેમ નકારી શકું?' આમ બોલનાર વ્યક્તિને એ સભાનો પ્રમુખ ન બનાવ્યો હોય તો, એ સભાનું કેવું દુઃખદ પરિણામ આવે એ માટે મારે કહેવાની જરૂરિયાત ખરી? તમે જ કહો. તમે તો આવી ઘણી સભાઓ જોઇ છે. રણસંગ્રામમાં યોદ્ધાની જેમ મ્યાનમાંથી ચમકતી તલવાર નીકળે તેમ એના મુખમાંથી પણ તીખી ને તમતમતી ઝેરી વાણી જ નીકળે ને? વાણીની તલવાર એવી વીંઝે કે સભાના ટૂકડે ટૂકડા થઇ જાય ને? ઘણીવાર તો આવા દંભીઓ, 'મારામાં કંઇ નથી' એમ કહી જગતને છેતરે છે! અને આડકતરી રીતે એમ સૂચવે છે કે, જે છે તે અમારામાં છે અને અમારામાં જે નથી તે જગતમાં કયાંય નથી! પણ ભરતજી આવા ન હતા. એ તો મહાપુરુષ હતા.

મૂર્છા ઉતરી એટલે શ્રી ભરતે પૂછયું : 'શ્રી રામ કયાં છે?' ઉત્તર મળ્યોઃ 'એ તો વનમાં ચાલ્યા જાય છે!' આ શબ્દો સાંભળતાં એમનું હૃદય ધ્રૂજી ઉઠયું, અને શ્રી રામને મળવા, એ અયોધ્યાની ઊભી શેરીએ દોડવા લાગ્યા. લોકોની આંસુભીની આંખો, ઊઘાડા પગવાળા અને વિખરાયેલા વાળવાળા ભરતને જોઇ જ રહી. શું એમનો ભાઇ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ! શું એમનો ત્યાગ! સૂની શેરીઓમાંથી એક જ અવાજ આવતો હતોઃ આનું નામ ભ્રાતૃભાવ! સગા ભાઈ ન હોવા છતાં કેવો અદ્ભુત પ્રેમ! શ્રી ભરત તો શ્રી રામની પાછળ દોડ્યા જ જતા હતા. દૂરથી શ્રી ભરતને જોતાં જ શ્રી રામનું હૃદય ભરાઇ આવ્યું. **वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि** તે આનું નામ. કર્તવ્યને પંથે કઠોર રીતે ચાલનાર કૃતનિશ્ચયવાળા રામનું હૃદય ભાઇના સ્નેહ આગળ મીણ જેવું બની ગયું. ભરતે પોતાનું માથું જેવું શ્રી રામના ચરણે મૂકયું, તે જ પળે શ્રી રામ ભરતને ઉચકીને હૈયે હૈયું દબાય એ રીતે ભેટી પડ્યા. બંને ભાઇઓની આંખમાંથી આંસુનાં ઝરણાં વહેવા લાગ્યાં. બંને દિલોમાં એક બીજા માટે અદ્ભુત લાગણીઓ છલકાતી હતી! આ પવિત્ર ઊર્મિઓના સાગરને ઝીલવા તો સમર્થ કવિનું પાત્ર પણ નાનું પડે! એ મીલનમાં શું ભાવનાના તરંગો ઊછળે! અરસપરસ એમ જ થાય કે, અમે એક બીજામાં સમાઈ જઇએ. આ પ્રેમભીના દશ્યને જોનાર શ્રી લક્ષ્મણ અને શ્રી સીતાજીની આંખો પણ ધન્ય બની હશે ને? શ્રી લક્ષ્મણજી મનમાં એમ બોલ્યા હશે ને કેઃ–

જાઓ ભૈયા, પ્યારે ભૈયા, રહેગા નામ તુમ્હારા,
જબ તક ચમકે ચાંદ સિતારે, ચમકે નામ તુમ્હારા.

કહો, તમે જ કહો, બંધુઓ! આ વિરલ દશ્યને જોતાં માતા ધરતીને કેટલો આનંદ થયો હશે? આ ઘરડી ધરતી

માતાના હૈયામાં પોતાના કુપાત્ર સંતાનોના વેર-ઝેરના કેટકેટલા દાવાનળો બળતા હશે, એમાં આ વાત્સલ્યભીના દૃશ્યે માતા ધરતીને કેવી અપૂર્વ શાન્તિ આપી હશે? કહો ધરતી ત્યારે કેવી હરિયાળી ને નવપલ્લવિત બની હશે? ભાઈ ભાઈ વચ્ચેના વાત્સલ્યનો આ આનંદજામ પીને તો આ વૃદ્ધ ધરતી પણ ત્યારે નવયૌવના બની ગઈ હશે ના? એને પણ એમ થયું હશે કે, ના, ના; મારા બધા સંતાનો કુપાત્ર નથી, આવા સુપાત્ર પણ છે!

આંખનાં આંસુ લૂછીને શ્રી ભરતે કહ્યું: "બંધો! આપ આ શું કરો છો? મને અહિ એકલો મૂકી આપ વનમાં જશો? તમારા વિયોગે હું કઇ રીતે રહી શકું? આપ વનમાં તડકામાં ભમતા હો ત્યારે હું મહેલની શીળી છાયામાં આનંદ કરું? આપ જંગલમાં સૂકાં ફળફૂલ પર આજીવિકા ચલાવતા હો ત્યારે હું ઉત્તમ રસવાળાં ભોજન કરું? આપ જમીન અને ઘાસ પર આળોટતા હો ત્યારે હું પલંગમાં અને શય્યામાં પોઢું? ભાઈ, ઓ પ્યારા ભાઇ! આવું કદી બન્યું છે? શું તમે મને આટલો હલકો માન્યો? શું તમે મને રાજ્યનો લોભી માન્યો? ભાઈ તમારા વિના આ અયોધ્યાનું તો શું પણ ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ હું એને તુચ્છ માનું! મારું મન તો સંયમના રંગે રંગાયું છે, આ રાજ્યના કીચડમાં મને કાં નાખો? માટે કૃપા કરી આપ અયોધ્યામાં પધારો અને મારા માર્ગે જવાની અનુજ્ઞા આપો!" એ પછી શ્રીરામે એમને ઘણી રીતે સમજાવ્યા પણ એ ન માન્યા. એ વખતે શ્રીરામના હૈયામાં કર્તવ્ય અને લાગણીઓનું યુદ્ધ જાગ્યું હતું. એક બાજુ ભાઇનો નિર્મળ પ્રેમ, માતાની મીઠી મમતા, સ્નેહીઓની લાગણીભરી હૂંફ—આ સૌ ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ કર્તવ્યનો કઠોર પંથ હતો. પ્રેમ, મમતા અને લાગણીઓ...સૌને કચડી કર્તવ્યના કઠોર પંથે જવાનું હતું.

શ્રીરામ સમજતા હતા કે આજ હું પોતે જ જો કર્તવ્યનો પાઠ નહિ ભણું તો પછી ભવિષ્યમાં મારા કુટુમ્બીઓને કર્તવ્યનો પાઠ કઇ રીતે ભણાવી શકીશ ?

મમતાથી આર્દ્ર બનેલા હૈયા પર કુમળી લાગણીઓનાં બાણોની અસર તીવ્ર થાય છે, પણ જેને કર્તવ્યનું બખ્તર પહેર્યું હોય છે, એ તો આવા આકરા ઘા પણ સમતાથી સહી લે છે, અને કર્તવ્યને પંથે આગળ વધે છે. પણ જે અસમર્થ છે એ તો કુમળી લાગણીઓમાં ખૂંચી જાય છે અને એમાં જ અટવાઇ પડે છે. કર્તવ્યને કઠોર બની સ્વીકારે છે તેનો વિકાસ થાય છે અને જે તરંગોમાં તણાય તેનો વિનાશ !

શ્રીરામે કર્તવ્યનો કઠોર પંથ સ્વીકારતાં કહ્યું: 'ભાઇ, વહાલા ભરત ! તારાથી વિખૂટા પડતાં મને કેટલું દુઃખ થાય છે, એ હું અત્યારે નહિ વર્ણવું. હું તો તને અત્યારે કઠોર બની આજ્ઞા કરું છું. નાના ભાઇએ મોટા ભાઇની યોગ્ય આજ્ઞા માનવી જોઇએ, આ રઘુકુળની મર્યાદા છે; તો હું આજ્ઞા કરું છું કે પિતાજીના વચનને અખંડ રાખવા માટે તારે આ માર્ગ સ્વીકાર્યા વિના છૂટકો નથી. હું પાછો ન આવું ત્યાંસુધી, મારી ગેરહાજરીમાં, તારે અયોધ્યાનું સિંહાસન સાચવવું અને રાજ્ય-ધૂરાને તારે વહન કરવી, એ મારી આજ્ઞા છે." આટલું બોલતાં તો શ્રી રામના હૈયાના બંધ તૂટી રહ્યા હતા. એમની આંખના ખૂણાઓમાં બે આંસુ છલકાયાં અને શ્રી ભરતના મસ્તક પર પડ્યાં. વન ભણી જવા ડગલાં ઉપાડતા શ્રી રામના ચરણોમાં માથું મૂકી શ્રી ભરતે કરુણ સ્વરે કહ્યું, "ભાઈ, પ્યારા ભાઇ ! હું રઘુકુળની મર્યાદા જાણું છું. અને **आज्ञा गुरूणामलङ्घनीया** એ નીતિવચનને પણ જાણું છું. પણ સ્નેહને આધીન બનેલું હૈયું કાબૂમાં રહેતું નથી."

માનવીના મનનું માપ આવા પ્રસંગે જ નીકળે છે. વાતોમાં તો સૌ ભાઇ ભાઇઓના માટે શુભેચ્છાઓ વ્યક્ત કરતા હોય છે, પણ જ્યારે ત્યાગનો આવો કોઈક વિષમ પ્રસંગ આવે છે, ત્યારે એના ભ્રાતૃપ્રેમની કસોટી થાય છે. હમણાં અહીં ટીપ કરીએ અને એમાં માત્ર રૂપિયા નોંધાવાના જ હોય અને ભરવાના ન હોય તો ટીપ કેટલે પહોંચે? લાખ, ક્રોડ કે અબજ કંઈ માપ રહે? કારણ કે રૂપિયા લખાવવામાં કોણ કંજુસ બને? ભરવાના હોય તો ચિંતા ને? તેમ ભ્રાતૃભાવ, વિશ્વવાત્સલ્ય, નિર્દોષ પ્રેમ વગેરે શબ્દો વાપરવા સહેલા છે, પણ જ્યારે કસોટી પર ચઢે છે, ત્યારે જ એની કિમ્મત થાય છે. આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘું બન્યું છે; કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે. કર્તવ્ય વિનાનાં ભાષણોથી તો છે એના કરતાં અંધારું વધશે એમ આજના યુગનાં આંદોલનો પરથી લાગે છે!

હૃદયના ઊંડાણમાં કોતરાઈ જાય એવી ગંભીર વાણીથી શ્રી રામે કહ્યું: "ભાઈ! હું જાણું છું કે પ્રેમ બળવાન છે. પણ એ તું કેમ ભૂલી જાય છે કે પ્રેમ કરતાં પણ કર્તવ્ય મહાન છે! કર્તવ્યની વેદી પર પ્રેમનું બલિદાન આપવું એમાં જ માનવની મહત્તા છે!

ધર્મ સમરમેં કભી ભૂલકર, ધૈર્ય નહીં ખોના હોગા.
વજ્રપ્રહાર ભલે શિર પર હો, કિન્તુ નહીં રોના હોગા.

માટે કહું છું કે શોક કર્યા વિના કર્તવ્યના પંથે લાગી જા."

આ વચનો સાંભળતા શ્રી ભરતથી ન રહેવાયું. એમનો આત્મા મમતાથી દ્રવી ગયો. એમણે કહ્યું: "ભાઇ! આ વાત હું જાણું છું પણ માનવીનું મન એ નિર્મળતાના પરમાણુઓથી ઘડાએલું છે. એટલે કો'કવાર એ દ્રવી જાય છે, છતાં હું આપની આજ્ઞા શિરોવંદ્ય ગણું છું. આપ મને આ રાજ્યધૂરા વહન

કરવાની આજ્ઞા કરો છો તો હું પણ પ્રતિજ્ઞા કરું છું કે આ અયોધ્યાના મહાન સિંહાસન પર હું નહિ બેસું પણ શ્રી રામની પાદુકાઓ બિરાજશે. રાજ્યાભિષેક ભરતનો નહિ પણ શ્રી રામના ચરણની ચાખડીઓનો થશે. આજથી ભરત એક રાજા તરીકે નહિ, પણ શ્રી રામના ચરણોની પાદુકાઓની આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે રહેશે." એમ કહી આંસુ નીતરતી આંખે શ્રી ભરતે શ્રીરામના પગની ચાખડીઓ ખેંચી લીધી. (અહિં સભામાં તાળીઓનો જોરદાર ગગડાટ થતાં પ્રવચનકારે કહ્યું) તમે શાંત થાઓ. તાળીઓ ન પાડો. શાંતિથી સાંભળો. આ તો તમને લાગણીઓનો ઉછાળો આવ્યો છે, એટલે તમે તમારો હર્ષ વ્યક્ત કરો છો. પણ આ પ્રસંગ ઉપર તો તમારે તાળીઓ પાડવા કરતાં, ઊંડો વિચાર કરવાની જરૂર છે. આપણા જીવનમાં આવો ભ્રાતૃભાવ અને સાચો ત્યાગ આવી જાય તો આજ સંસાર જે સળગતો લાગે છે એને બદલે એ સ્વર્ગનું નંદનવન બની જાય.

કલહના અંગારા ઝરતા આ સંસારમાં પ્રેમધર્મનાં આવાં સુધાબિન્દુઓ વર્ષવા માંડે તો સંસાર કેવો મધુર અને ભવ્ય લાગે? પણ વિષય અને સત્તાના કીડાઓએ આ સંસારમાં અર્થ ને કામના અંગારા ભરીને આ સંસારને દાવાનળ જેવો બનાવી દીધો છે. જીવનદ્રષ્ટાઓ કહે છે કે, તમે આ સંસારમાં નન્દનવન જોવા ઇચ્છતા હો તો આ સંસારને એક મુસાફરખાનું સમજીને જીવો. રહો ત્યાંસુધી સૌ મૈત્રી ને પ્રેમભર્યા સમ્બન્ધોથી રહો અને જરાની પળ આવે તો ગભરાઓ નહિ અને મૃત્યુને પણ કહો કે, "દોસ્ત! કંઇ જ વાંધો નથી. હું તૈયાર જ છું. ચાલો, હવે વિલંબ કરવાની કંઇ જ જરૂર નથી." બોલો, મૃત્યુ માટેની આવી તૈયારી છે? નથી. કારણ? કારણ કે માણસ જીવનનો ધર્મ સમજ્યો નથી. ધર્મ સમજ્યો હોય તો એ કહે

કે, મરણ એ તો પ્રકૃતિ છે, અને જન્મ એ જ વિકૃતિ છે. મૃત્યુ કે જે પ્રકૃતિ છે, સ્વભાવ છે, એથી ગભરાવું શા માટે? જે અનિવાર્ય છે તેથી ડરે શું વળે? મૃત્યુ ન જોઈતું હોય તો જન્મને અટકાવો. અને જન્મને અટકાવવા માટે જીવનનો ધર્મ સમજો. જે માણસ મનુષ્ય બનવા છતાં પોતાનો ધર્મ સમજતો નથી તે કેવો કહેવાય? સભામાંથી અવાજ આવ્યો: "પશુ જેવો" અને પશુમાંય ભયંકર સિંહ જેવો જ કહોને! સિંહ સાથે માણસની સરખામણી કરું તો તમે બહાર જઈને મારે માટે શું કહો? કહો ને કે "માણસ જેવા માણસને જંગલી સિંહ સાથે સરખાવ્યો." પણ તમે ગમે તે કહો તેનો મને વાંધો નથી. આજ તો હું તમારે જ મોઢે કબૂલ કરાવવાનો છું કે ધર્મને ભૂલે તો માણસ સિંહ જેવો ક્રૂર ખરો કે નહિ!

માણસે સિંહને ત્રણ હલકાં વિશેષણો આપ્યાં: જંગલી, હિંસક અને ક્રૂર. અને એના જ પ્રતિસ્પર્ધી ત્રણ શ્રેષ્ઠ વિશેષણો પોતાની જાત માટે વાપર્યાં: શહેરી, અહિંસક અને સૌમ્ય. પણ આ વિશેષણો કોના માટે કેટલાં સાર્થક છે એનો વિચાર તો કરવો જ રહ્યો ને? સિંહ શિકાર ક્યારે કરે? ભૂખ્યો થાય ત્યારે. ભૂખ ન હોય તો એ કોઈનોય શિકાર ન કરે. એની બાજુમાં થઈને એક નાનું બાળક પસાર થાય તોય એની સામે એ મીટ પણ ન માંડે. કારણ કે એનું પેટ ભરેલું છે. પેટ ભરેલું હોય તો વ્યર્થ શિકાર શા માટે કરે? કારણ કે એને સંગ્રહ કરવાની જરૂર નથી. હવે તમે મનુષ્યનો વિચાર કરો. મનુષ્ય શિકાર ક્યારે કરે? ભૂખ્યો હોય તો જ એ શિકાર કરે કે પેટ ભરેલું હોય તોય એ જગતને લૂંટ્યા જ કરે? આજે લોકોને નીચોવનારા, કાળાબજાર કરનારા, વસ્તુઓનો અપરિમિત સંગ્રહ કરનારા, બજારને ઊંચો–નીચો કરનારા શું બધા ભૂખ્યા છે? લોકોને ચૂસીને કરોડોના માલિક બન્યા છતાં લૂંટ

અટકતી નથી. જેમ ધન વધતું જાય તેમ શિકારીવૃત્તિ વિકસતી જાય. આનું કારણ શું? કારણ કે, માણસને પેટ નથી ભરવું પણ મોટા પટારા ભરવા છે. છતાં માણસ શહેરી અને સિંહ જંગલી! સંતોષમાં મગ્ન રહેનારો સિંહ જંગલી ગણાય અને અસંતોષથી જગતને લૂંટનાર શહેરી ગણાય!

હવે બીજી વાત પર આવો. સિંહ શિકાર ક્યારે કરે કે ભૂખ લાગી હોય ત્યારે. પણ એ શિકાર કરે કોનો? નાનકડા ઉંદર કે સસલાનો એ શિકાર કરે એમ માનો છો? ના, ના. એ નાના ક્ષુદ્ર પ્રાણીઓનો શિકાર કદી ન કરે. એ પોતાના સમોવડિયા હોય એવા પ્રાણીઓનો જ શિકાર કરે. મદોન્મત્ત હાથી કે એવા મોટા પ્રાણીઓને જ એ પકડે. હવે, મનુષ્ય કોનો શિકાર કરે? શું પોતાના જેવા સમૃદ્ધ માણસને એ છેતરી શકે ખરો? એ તો કોઈ ભોળા, નિર્દોષ અને ઓછું ભણેલાને છેતરવાનો. પોતાથી મોટા માણસનો શિકાર કરવા જાય તો એના દાંત ખાટા થઈ જાય! એવા મોટાના તેજમાં તો માણસ પતંગિયો થઇને પડતો હોય છે. એવાનો શિકાર કરવા જાય તો એ પોતે જ એનો શિકાર થઈ જાય. માણસ તો પોતાથી ઊતરતો હોય, એને શીશામાં ઉતારવાનો અને ભોળાને છેતરી મનમાં મલકાવાનો, છતાં માણસ અહિંસક અને સિંહ હિંસક. હલકા જંતુ પર ત્રાપ નહિ મરનારો સિંહ ભયંકર ગણાય અને નાના માણસોને જ છેતરવામાં બહાદુરી માનનારો માણસ દયાળુ ગણાય!

હવે ત્રીજી વાત. સિંહ શિકાર ક્યારે કરે, એ જાણ્યું. શિકાર કોનો કરે, એ પણ જાણ્યું. હવે શિકાર કઇ રીતે કરે, એ વિચારીએ. સિંહ અણધાર્યો કોઇનાય પર ન ત્રાટકે. ત્યારે એ કઇ રીતે ત્રાટકે? પહેલાં એ ગર્જના કરે, ત્રાડ નાખે, પૂછડું પછાડે, સામાને ચેતવણી આપે, અને સાવધાન કરી એ ત્રાટકે!

ત્યારે માણસ, સામા માણસને છેતરતો હોય ત્યારે ચેતવણી આપે ખરો ? એ ઘરાકને એમ કહે ખરો કે–" અમારે ત્યાં અસત્ય બોલાય છે, નવો માલ બતાવી જૂનો માલ અપાય છે, કાળાબજાર કરાય છે, અમારે ત્યાં આવનારે સાવધાન થઇને આવવાની જરૂર છે." એમ કહેનારો વેપારી તમને કોઈ મળ્યો ? જો કે નહિ હોય એમ ન કહેવાય પણ હોય તો એવા કેટલા ? એવો કોઇ આ સભામાં છે ખરો ? નથી. ત્યારે વેપારી પોતાની દુકાન પર શું રાખે ? પ્રામાણિકતાનાં પાટિયાં, સંત–મહાત્માઓના ફોટા, મહાન નેતાઓની છબીઓ–આ બધું શા માટે ? અહિંસામાં જરાય ન માનતો હોય, અહિંસાના એક પણ સિદ્ધાન્તને ન પાળતો હોય છતાં ખાદી પહેરીને ફરતો હોય છે; આ બધું શા માટે ? લોકોના દિલ પર પ્રામાણિકતાની છાપ બેસાડવા માટે ને ? અને પ્રામાણિકતાની છાપ પડયા પછી માણસ, માણસની સાથે વાત કરતો હોય ત્યારે મોંઢામાંથી સાકર ઝરતી હોય એવું બોલતો હોય છે. માદકતાની એવી ભૂરકી છાંટે કે સામો માણસ એ વાણીના ઘેનમાંથી જાગી જ ન શકે. માણસ પોતાના ઘરાકને સમજાવતાં શું કહે છે ? અરે, ભાઈ ! હું તે જૂઠું બોલું ખરો ! ભાઇ, જૂઠું બોલીને કેટલા ભવ કાઢવા છે ? આપણે તો સાચું જ બોલીએ, એક જ ભાવ અને હું ખોટું કહેતો હોઉં તો ભાઈના ગળાના સમ !" એમ કહી ઘરાકના ગળે હાથ નાંખે, પણ એને કયાં ખબર છે કે ભાઈ મરી જાય તો આ ભાઇને તો નાહવા–નીચોવવાનું ય નથી, એને તો માત્ર સમ જ ખાવા છે ને ? આ રીતે માણસ મનમાં કંઇક ઘાટ ઘડતો હોય, વચનમાં વળી કંઇ જુદું બોલતો હોય અને કાયાથી વળી ત્રીજું જ કરતો હોય; છતાં દંભ કરનાર માણસ સૌમ્ય અને ચેતવણી આપી શિકાર કરનારો સિંહ

ક્રૂર! આ સરખામણી કરીને હું શું કહેવા માગું છું, એ તમારા ધ્યાનમાં આવ્યું જ હશે. હું આખી માનવ જાતને સિંહ સાથે નથી સરખાવતો, પણ જે ધર્મ ભૂલ્યા છે, એવાઓની આ વાત છે. જે પોતાના ધર્મને સમજે છે, જેમને પોતાના કર્તવ્યનું ભાન છે, તે તો માનવ કોટિમાં દેવ છે. પણ જે ધર્મને ભૂલે છે, કર્તવ્યને યાદ કરતા નથી, વિવેકને છોડે છે તે તો આ સિંહ કરતાં કોઈ રીતે શ્રેષ્ઠ નથી જ. ભલે એ શહેરી, અહિંસક કે સૌમ્ય કહેવાતા હોય. વિશેષણોની મહત્તા નથી પણ વિશેષણોને અનુરૂપ જીવન જીવનારની જ મહત્તા છે.

આમ જુઓ, આ ઘડિયાળ ટકોરા મારીને કહી રહી છે કે–સમય થઇ ગયો છે, એટલે હું આજના પ્રવચનનો ઉપસંહાર કરું છું. આજના પ્રવચનમાં આપણે માનવતાનાં ચાર સોપાનમાંથી બે સોપાનનો વિચાર ઘણા જ વિસ્તારથી કરી ગયા. પહેલું સોપાન તે ઇન્દ્રિયવિજય. ઇન્દ્રિયોને જિતનાર તે શૂર. અને જે શૂર બને છે તે બીજા સોપાન પર ચઢી પંડિત બને. પંડિત વાતોડિયો ન હોય પણ ધર્મનું આચરણ કરનારો હોય. હજારો મીઠાઇઓ ગણાવવા કરતાં એક સૂકા રોટલાને પીરસવામાં માનનારો હોય તે પંડિત! પંડિત વાણી–વિલાસમાં ન માને પણ આચરણને માને! માનવતાનું ત્રીજું સોપાન તે વક્તા. સત્યથી પવિત્ર થયેલી વાણીને વદે તે વક્તા. ચોથું સોપાન તે દાતા. દાતા કોણ? પ્રાણીઓના હિતને ચિન્તવતો હોય, જીવમાત્રના કલ્યાણમાં જેનું મન રમતું હોય અને અભયદાનને આપતો હોય તે દાતા.

ઇન્દ્રિયો પર કાબૂ મેળવો, મનોમલને દૂર કરો, ધર્મનું આચરણ કરો અને આ સંસારમાં માનવતાની સૌરભ મહેકાવો એ જ શુભેચ્છા.

## ( ૩ )

## સત્ય

ગિરિરાજના કોઇ ઉન્નત શિખર ઉપર ચઢવું હોય તો એકદમ કૂદકો મારી ઉપર ન જવાય પણ ક્રમેક્રમે સોપાનદ્વારા ઉપર પહોંચાય, તેમ માનવતાના ઉન્નત શિખરે પહોંચવા માટે પણ જ્ઞાનીઓએ ચાર સોપાન નક્કી કર્યાં છે : શૂર, પંડિત, વક્તા ને દાતા. જેનામાં શૌર્ય હોય તે શૂર, જેનામાં પાંડિત્ય હોય તે પંડિત, જેનામાં વકતૃત્વ હોય તે વક્તા અને જેનામાં દાતૃત્વ હોય તે દાતા. ગયા રવિવારે આપણે વિચારી ગયા કે રણમાં જિતે તે શૂર નહિ, પણ ઇન્દ્રિયોને જિતે તે શૂર; શાસ્ત્રો ભણી જાય તે પંડિત નહિ, પણ ધર્મને આચરે તે પંડિત; તેવી જ રીતે વાણીનો વિલાસ કરનારો એ વક્તા નહિ પણ સત્યને ઉચ્ચારે તે વક્તા.

સત્યના સિદ્ધાન્તની સભા.

ઇંગ્લેન્ડમાં એક સંસ્થા છે. (Pedlock Society) આ મંડળમાં ઉમરાવ કુટુમ્બથી માંડીને ગરીબ કુળમાં જન્મેલો માણસ પણ સભ્ય થઈ શકે છે. એ મંડળની વિશિષ્ટતા એ છે કે : એના નિયમોને નહિ પાળનાર વડાપ્રધાનને પણ માન ન મળે, જ્યારે એના નિયમોને પાળનાર એક સામાન્ય વ્યક્તિને પણ માન મળે, એવું એનું બંધારણ છે. અને એના બંધારણીય સિદ્ધાન્તો અનુસાર જે વર્તે તે જ એનો સભ્ય ગણાય. એના સભ્યો તો મુઠ્ઠીભર જ છે, પણ જે છે તે ખરેખરા છે ! એમાં દાખલ થનારે આટલી પ્રાથમિક વિધિ કરવાની હોય છે. ત્યાં એક ચાંદીનું તાળું ને સોનાની કૂંચી છે, સભ્ય થનારે એ તાળાને ત્રણ વાર ઉઘાડવાનું ને ત્રણ વાર બંધ કરવાનું હોય છે.

આ રીત આપણને કેટલી વિચિત્ર લાગે ? પણ આપણે જો ઊંડા ઉતરીશું તો આપણને ખબર પડશે કે આ ઉઘાડવાસ કરવાની પાછળ કેવો ભવ્ય ઉદ્દેશ છે !

તાળું વાસનારો આવો સંકલ્પ કરે છે કે: આજથી હું મનથી કોઈનું ય બૂરું ચિન્તવવાનું બંધ કરું છું, વચનથી કોઇનું ય ખરાબ બોલવાનું બંધ કરું છું, ને કાયાથી કોઈનું ય ખરાબ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું. ચાંદીના તાળાને સોનાની ચાવીથી બંધ કરું છું. એટલે ચાંદી જેવા ઉજ્જવળ મુખને હું પ્રતિજ્ઞાની સુવર્ણકૂંચીથી બંધ કરું છું. આ તાળું ત્યારે જ ઊઘડશે કે જ્યારે આમાંથી સત્યની કે પ્રશંસાની વાણી ટપકશે; અસત્ય કે નિન્દા માટે તો આ મુખ હવે પછી બંધ છે. મારાં નયનો સત્યને જોશે, અસત્યને નહિ; મારા કાન સત્યને સાંભળશે, અસત્યને નહિ; મારી જીભ સત્યને ટપકાવશે, અસત્યને નહિ ! મનથી, વચનથી, કાયાથી કોઇનું ભલું થશે તો કરીશ; ભલું ન થાય તો કંઈ નહિ; પણ કોઇનું બૂરું તો નહિ જ કરું.

આ જ વાતને ભારતના તેજસ્વી સંતો હજારો વર્ષોથી પોતાના જીવનદ્વારા કહેતા આવ્યા છે.

વચન–રતન મુખ કોટડી, ચૂપ કર દીજે તાળ;
ઘરાક હોય તો ખોલીએ, વાણી વચન રસાળ.

*વચન એ તો રત્ન છે. મુખ એ આ મહામૂલાં રત્નોને* રાખવાની તિજોરી છે. રત્ન કંઈ જેમ તેમ અને જ્યાં ત્યાં રખાય ? એ તો બંધ તિજોરીમાં જ શોભે. પણ સદાકાળ કંઇ તિજોરી *બંધ રખાય ?* ઘરાક આવે, કોઈ ખરીદનાર આવે, કોઇ સારો પારખુ આવે તો તિજોરી ખોલવી જ પડે. પણ ખોલ્યા પછી તો એ રત્નો એવી રીતે સચ્ચાઈથી બતાવવાં કે જોનાર પણ ડોલી

ઊઠે. એ વચન–રત્નમાં પ્રિયતાના પાસા હોય, હિતચિન્તનનો આકાર હોય, સત્યનાં પ્રકાશિત કિરણો હોય, તો જોનાર પણ વાહ વાહ! પોકારી જાય! હું કહું છું કે સત્ય, તથ્ય ને પથ્યથી ભરેલું આપણું વચન હોય તો, એની આગળ કોહિનૂર પણ કંઇ જ હિસાબમાં નથી!

ઘણા વખત પહેલાં આગમ–સાહિત્યમાં વાણીના આઠ ગુણો મેં વાંચ્યા હતા. મને થયું કે આ આઠ ગુણોથી યુક્ત આપણું વચન હોય, તો તો આ સંસારમાં ય શાન્તિનું સ્વર્ગ ઊભું થાય! ત આઠ ગુણોને હું આપની આગળ મૂકું છું. વાણીનો પહેલો ગુણ તે મધુરમ્.

આપણું બોલવું એવું હોવું જોઇએ કે જેમાંથી મધુરતા ટપકે, મીઠાશ ઝરે, વાણીમાંથી સૌન્દર્ય નીતરે, સાંભળનારના કાન પણ એ પ્રિય વચન ફરી ફરી સાંભળવા તલસે. વાત એકની એક જ હોય, પણ એક માણસ એવી મીઠાશથી રજૂ કરે કે સાંભળનાર આનન્દથી ડોલી જાય, જ્યારે એ વાત બીજો એવા કટુ શબ્દમાં મૂકે કે સાંભળનાર હસતો હોય તો રડી પડે. મધુર શબ્દોમાં માતાને કહ્યું હોય કે: 'કેમ છો મારી મા?' તો માતા ખુશ થઇને કહેશે કે 'આવને મારા ભા.' પણ એ જ વાત કટુ શબ્દમાં કહી હોય કે: 'કેમ છો બાપની વહુ?' તો ઉત્તર મળશે કે "તારું કાળજું ખાઉં?" શબ્દોમાં કેવો જાદુ છે? એક જ વાત રજૂ કરવામાં પણ કેટલું અંતર? કવિએ કહ્યું છે:

શબ્દ શબ્દ તું ક્યા કરે? શબ્દકે હાથ ન પાંવ;
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ.

શબ્દને હાથ કે પગ ભલે નથી, પણ એનામાં એવી તાકાત છે કે સુંદર રીતે એનો ઉપયોગ થયો હોય તો એ દાઝેલા હૈયાના ઘા પર મલમપટ્ટાનું કામ કરે, પણ એ જ શબ્દને અબૂઝ રીતે

વાપર્યો હોય તો કોઇના દિલમાં ન હોય તો ય જખમ ઊભો કરે. એટલા માટે આપણી વાણી મધુર હોવી જોઇએ.

મધુરતાનું તો સમજ્યા, પણ મધુરતાના નામે ખુશામત આવી જાય તો ? તો તો જુલમ થાય. એ વાણી જ પતનનું સાધન થાય. ન બોલવાને ઠેકાણે બોલે અને બોલવાને ઠેકાણે મૌન થઇ જાય તો કેવું અયોગ્ય થાય ? એટલે બીજો ગુણ છે निपुणम्.

વચન જેમ મધુર હોય તેમ સાથોસાથ નિપુણ પણ હોવું જોઇએ. જેની વાણીમાં નિપુણતા હોય તે ખોટી ખુશામત કરે નહિ. કોઇની ખોટી શે'માં તણાય નહિ અને કોઇ બનાવવા આવે તો અવસરે એને ચેતવ્યા વિના પણ રહે નહિ.

એક કૂલણજી પતિ વારંવાર પોતાની પત્ની આગળ પોતાનાં કુળ, જાતિ, ગૌરવ અને કુટુંબનાં વખાણ કરતો, આથી સ્ત્રી કંટાળી જતી. એક વાર પતિએ પૂછયું : 'મારાં સગાંઓ પર તારો પ્રેમ કેવો છે?' નિપુણ શબ્દોમાં પત્નીએ ઉત્તર વાળ્યો. 'પ્રાણનાથ! આપનાં સગાંઓ પર મારો પ્રેમ કાં ન હોય ? હું તો મારી સાસુ કરતાંય આપની સાસુને વધારે ચાહું છું !' આ મધુર છતાં નિપુણ ઉત્તર સાંભળ્યા પછી એના પતિને થઇ ગયું કે અહિંથી ખોટી બડાઇ કે ખુશામત નહિ મળે. આ ઉત્તરમાં મધુરતા ને નિપુણતાનું મિશ્રણ છે.

ત્રીજો ગુણ છે : स्तोकम् । સ્તોક એટલે થોડું. બોલવું ખરું પણ થોડું બોલવું. જરુર પૂરતું જ બોલવું. બહુ બોલ બોલ કરનારના વચનની કિંમત હોતી નથી. બહુ ભાષણો કરનાર, જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે શિખામણ દેનાર વાચાળમાં ખપી જાય છે. એના પર લોકોને વિશ્વાસ બેસતો નથી. એ બોલે તો લોકો

એને શાન્તિથી સાંભળે નહિ અને સાંભળે તો એના પર વિશ્વાસ બેસે નહિ, માટે થોડું બોલવું. જરૂર પડે ત્યારે બોલવું અને થોડા શબ્દોમાં ઘણું કહેતાં શિખવું. એક પ્રસંગ મને યાદ આવે છે. મુંબઈમાં પૂ. આગમોધ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજને વંદન કરવા એક ગૃહસ્થ આવ્યા હતા. બે માળ ચઢીને પેલા ભાઈ ઉપર આવ્યા. આવનારનું શરીર જરા ભારે હતું. એ હાંફી ગયા. વંદન કર્યા પછી સ્મિત કરી એમણે કહ્યું:–' સાહેબ, આપ તો બહુ જ ઊંચે બિરાજો છો?' મહારાજશ્રીએ સ્મિત કરી માર્મિક ઉત્તર વાળ્યો: 'હા, ભાઈ! અમે ઊંચે છીએ એટલે જ તો તમે વંદન કરવા આવો છો!'

આ વાક્યમાં શ્લેષ હતો. એટલે કે અમે સદ્‌ગુણના સિંહાસન પર છીએ એટલે તમે વંદન કરો છો. સદ્‌ગુણો ન હોય તો અહીં કોણ આવે? આ ટૂંકા ઉત્તરથી પણ આપણું મન આનન્દ પામે છે, કારણ કે આ ઉત્તરમાં મધુરતા, નિપુણતા ને અલ્પતાનું સપ્રમાણ સંમિશ્રણ છે!

**कार्यापतितम्**–ચોથો ગુણ તે ખાસ કંઇ કાર્ય હોય તો જ બોલવું, નહિ તો મૌન રહેવું. મૌનથી વાણીનું મૂલ્ય વધે છે. મૌનથી વાણીમાં ચિન્તન આવે છે. મૌનથી વચનમાં તેજ આવે છે અને મૌન પછી પ્રગટેલી વાણીમાં કોઇ અજબ જુસ્સો હોય છે. એવી વાણી સાંભળવા ઘણાં હૈયાં તલસતાં હોય છે. પાશ્ચાત્ય પધ્ધતિને લઇને આજ કેટલાક કોઈ ઠેકાણે ખાણું લે તોય ભાષણ ઝીકે. જયારે રશિયામાં સ્ટેલિન જરૂર વગર કદી ન બોલે. એનું પરિણામ એ આવ્યું કે આપણા આગેવાનોને સાંભળવા કોઇ તૈયાર નથી. ત્યારે સ્ટેલિન કયારે શું બોલશે એ માટે લોકો સાંભળવા તલસી રહ્યા છે! માટે કાર્ય વિના નકામી વાત ન કરવી, વ્યવહારમાં પણ આપણને

ઘણા માણસો એવા જોવા મળે છે કે જેમને બોલવાનું ન મળે તો આફરો ચઢે! બોલે ત્યારે જ જંપ વળે. એ બોલે ત્યારે એની વાતમાં ન હોય માથું કે ન હોય પગ. જેમ આવે તેમ આડે ધડે ફેંકે-રાખે! અન્તે સાંભળનારના મનમાં થાય કે આ બલા કયારે જાય? માટે જરૂર પૂરતું બોલવું.

**ગર્વરહિતમ્**—આપણી વાણી ગર્વવિહોણી હોવી જોઇએ. વાતવાતમાં આપબડાઇ કરવી, પોતાની જ વાત આગળ ધરવી, પોતે શું કર્યું અને શું નથી કર્યું એનું લંબાણથી વિવેચન કરવું—આ બધું અભિમાનનું—સૂચક છે. જ્યારે માણસ આપ-બડાઈ કરતો હોય છે ત્યારે વિવેકી સાંભળનાર તો એના પર મનમાં હસતો હોય છે, પણ જાતપ્રશંસામાં પડેલા માણસને એ સામે ધ્યાન હોતું નથી. પોતાની પ્રશંસામાં પડેલો માણસ વિવેકશક્તિ ખોઇ બેઠો હોય છે. અને અવિવેકી માણસ સામા માણસને સમજવા જેટલો શક્તિશાળી કયાંથી થાય? અભિમાની માણસ કેવો વિવેકશૂન્ય બને છે તેનો તમને એક દાખલો આપું.

દાદાભાઇ નવરોજજી ઇંગ્લેંડમાં એક વાર ત્યાંના ઉમરાવો સાથે ખાણું લેતા હતા. સારા સારા બુધ્ધિશાળી માણસોએ એ પ્રસંગે હાજરી આપી હતી. વાત વાતમાં એક વાત ઉપર જરા વધારે પડતી ચર્ચા થઇ. એમાં દાદાભાઇએ પોતાનો મત દર્શાવ્યો. ત્યાં બેઠેલ એક બાનુએ અભિમાનભર્યા શબ્દોમાં ટીકા કરતાં કહ્યું: ('What these ugly and black Indians can understand about it?') 'કદરૂપા અને કાળા હિન્દુસ્તાનીઓ આ બાબતમાં શું સમજે?' આ સાંભળી દાદાભાઈ નવરોજજીએ ખીસામાંથી આરસી કાઢી, એ બાનુના મુખ આગળ ધરી નમ્રતાથી કહ્યું: 'You can

see your face in it) 'તમે તમારું મોઢું આમાં જોઈ શકો છો!' કારણ કે આ સ્ત્રીના મુખ કરતાં પોતાનું ઉજ્જવળ ને પ્રતિભાસંપન્ન મુખ જ એની કાળાશ ને કદરૂપતા પૂરવાર કરવા પૂરતું હતું. આથી સૌ હસી પડ્યાં.

વિવેકી માણુસે તો કામ જ એવું કરવું જોઇએ કે જેથી એનું કામ જ એની પ્રશંસા કરે. માણુસને તો બોલવાની ય જરૂર ન પડે, અને અભિમાન કરતાં નમ્રતાપૂર્વક મૂકવામાં આવેલી વાતને લોકો શાન્તિથી સાંભળે છે. બોલનાર નમ્ર રીતે બોલતો હોય તો એના પ્રત્યે લોકોને સહાનુભૂતિ પ્રગટે છે, અને બોલનારના શબ્દો સામાના હૈયામાં સોંસરા ઉતરી જાય છે. નમ્રવાણી એ વાચાનો અલંકાર છે.

**अतुच्छम्**-વાણી તુચ્છ ન હોવી જોઇએ. વાણીમાં પ્રૌઢતા, ગંભીરતા અને સહૃદયતા હોવી જોઇએ. આજ આપણાં ઘરોમાં કેવી તુચ્છ વાણી બોલાઈ રહી છે! ગાળો, તોછડાઈ ને અસભ્યતાથી છલકાતાં આજના ઘરો જોઉં છું, ત્યારે હ્રદયને ક્ષોભ થાય છે. ઉચ્ચ કહેવાતા માણુસોનાં ઘરો પણ આજ કેવાં સંસ્કારહીન બનતાં જાય છે! આર્યાવર્તનાં ઘરોમાં પત્ની પતિને 'આર્યપુત્ર' 'દેવ' 'નાથ' કહીને સંબોધતી અને પતિ પત્નીને 'દેવી' કહીને સંબોધતો, એના બદલે આજ તોછડાઈભર્યા અયોગ્ય સંબોધનોથી ગૃહો ગાજી રહ્યાં છે. બાપ દિકરાને ખોળામાં બેસાડી રમાડતો હોય અને બાળકને રમાડતાં રમાડતાં લાડમાં બાપ કહે છે: 'મારો સાળો બહુ તોફાની.' હું એને પૂછું છું કે 'ભાઈ! આ છોકરો તારો સાળો કયારે થયો? કઇ રીતે થયો?' ત્યારે કહેશે કે "હું તો અમસ્તો જ બોલું છું. આમ બોલાય છે!' પણ પોતે શું બોલે છે એનું ભાન નથી. છોકરાના કાનમાં ગ્રામીણતાનું કેવું ઝેર રેડાય છે એનો એને ખ્યાલ નથી. છોકરી પાણીનું બેડું ભરીને આવતી

જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૧

હોય અને ઠોકર વાગે ને બેડું ફૂટી જાય તો મા એ દિકરીને કેવા હલકા ને તુચ્છ શબ્દોથી ઠપકો આપવાની શરૂઆત કરે? હું નહિ કહું. તમે જ કહો. હવે તમે નહિ કહો તોય ચાલશે, મનમાં સો સમજે છે. મૂળ વાત તો એ છે કે—આપણા શબ્દોમાં તુચ્છતા વધી ગઈ છે. આજ સુધરેલા માણસો પણ કેવું તુચ્છ બોલે છે, તે આ પ્રશ્નોત્તર પરથી સમજાશે.

એક શેઠે નોકરને તુચ્છતાથી કહ્યું : 'સાલા! તારામાં જરા ય અક્કલ નથી.' નોકરે નમ્રતાથી ઉત્તર વાળ્યોઃ 'વાત સાચી છે શેઠ! મારામાં અક્કલ નથી જ. મારામાં અક્કલ હોત તો હું તમારે ત્યાં નોકરી ન કરત પણ તમને મારે ત્યાં નોકર રાખત!'

બોલો, આમાં બોલનારે શું સાર કાઢ્યો? એના કરતાં તુચ્છ-હલકાં વચનો ન ઉચ્ચાર્યાં હોત તો કેવું માન રહેત? તુચ્છ વાણીથી મિત્ર હોય તો ય શત્રુ થાય, જ્યારે અતુચ્છ અને સભ્યતાભર્યા પ્રિય વાર્તાલાપથી શત્રુ હોય તોય મિત્ર થઇ જાય.

पूर्वसंकलितम्—જે બોલવું તે સંકલનાપૂર્વક ને પહેલાં વિચારીને બોલવું. વિચારના ગળણાથી ગળીને કાઢેલું વચન અતિરમણીય હોય છે અને બોલેલા વચનને ફેરવવાનો પ્રસંગ આવતો નથી. બોલતાં પહેલાં વિચાર કરવો કે આ સ્થાનમાં આ બોલવા જેવું છે કે નહિ? આ બોલીશ તો તેનું પરિણામ શું આવશે? મારા બોલવાનો શો ઉદ્દેશ છે? અને જે બોલું છું તેની કેટલી અસર થશે?—આ રીતે પહેલાં તૈયારી કરીને કે વિચાર કરીને ઉચ્ચારેલ વાકય ધારી અસર કરી જાય. અરે! એવું વચન તો રત્ન કરતાં ય વધી જાય.

શબ્દ સરીખા ધન નહિ, જો કોઇ જાને બોલ;
હીરા તો દામે મિલે, શબ્દ ન આવે મોલ!

એક કવિ કહે છે કેઃ બોલતાં આવડે તો વચનનું તેજ હીરાના તેજને ય ઝાંખું પાડે. પણ શરત એટલી કે વિચારીને બોલવું. આ રીતે વિચારીને બોલનારની વાણીમાં અધર્મ તો હોય જ કયાંથી ? એટલે વાણીનો આઠમો ગુણ તે ધર્મસંયુક્ત !

**धर्मसंयुक्तम्**-આપણી વાણીમાં ધર્મ હોવો જોઇએ. વાણી એ પવિત્ર વસ્તુ છે, ઇશ્વરના જેટલી જ પાવન છે. એનો દુરુપયોગ કેમ થાય ? હું તમને જ પૂછું કે તમારી વાણી આજે પવિત્ર છે ખરી ? તમે શબ્દને બ્રહ્મ જાણી ઉચ્ચારો છો ? જો તમારી વાણીમાં નિન્દા હોય, ધિક્કાર હોય, તિરસ્કાર કે પક્ષપાત હોય તો તમારી વાણી પવિત્ર કઇ રીતે ગણાય ? ધર્મયુક્ત કઇ રીતે મનાય ?

તમને કોઇ સામો મળે તો એની પ્રશંસા કરો, એના ગુણગાન કરો, એની વાહવાહ પોકારો, અને એ જાય કે તુરત એનું ખોદવાનું ચાલુ કરો, એ કયાંનો ન્યાય ? કોઇના ય ન જોયેલા કે ન જાણેલા દોષોનું વર્ણન કરવું, એમાં રસ લેવો, એમાં સંમતિ આપવી, આ બધો વાણીનો વ્યભિચાર નથી ? આજ કોઇ બે મિત્રો મળે તો ગામની નિન્દા કરે. એમાં કોઇ ત્રીજો ભળે તો એ પણ એ બેમાં ભળી નિન્દા-મંડળ વધારે. એમ કરતાં એ ત્રણમાંથી એક ચાલ્યો જાય, તો તુરત એ બન્ને ભેગા થઇ, જનારની નિન્દા કરવા મંડી પડવાના. આ તે કેવી વાણી ? અરે, રે ! શું વાણી આ માટે મળી છે ? આમ જો અધર્મ યુક્ત વાણીનો વ્યાપાર ચાલશે તો પછી માણસના વચન પર વિશ્વાસ કોણ કરશે ? પ્રજ્ઞ માણસ તો આવો વાણીવિલાસ સાંભળી સમજી જાય કે જે માણસ બીજાની ગેરહાજરીમાં એની નિન્દા કરે છે, તે મારી ગેરહાજરીમાં મારી નિન્દા કાં ન કરે ? આવો ડાહ્યપણભર્યો વિચાર કરનાર

માણસ આવાઓનો મિત્ર રહે ખરો ? આવા માણસને કોઈ સારો માણસ ધારી ન્યાય તોળવા બેસાડે તો એ ન્યાય પણ કેવો આપે ? એની વાણીમાંથી એ જ નીકળે કે, મારું મારા બાપનું ને તારું મારું સહિયારું !

ધર્મયુક્ત વાણી કોને કહેવાય અને ધર્મયુક્ત વાણીવાળો માણસ કેવો નિષ્પક્ષપાતી અને નિડર હોય, તેનો એક સુંદર દાખલો ઇતિહાસમાં આવે છે.

એક રાજા ધનુર્વિદ્યા શીખતો હતો. રાજાના હાથથી અજાણતાં એક બાણ છૂટયું અને એક નિર્દોષ માણસને વાગતાં એ ઘાયલ થયો. ઘાયલની માતાએ આની ફરિયાદ ત્યાંના વડા ન્યાયાધીશ પાસે કરી. તે જમાનામાં રાજ્યનું રક્ષણ જેમ ક્ષત્રિયોના હાથમાં હતું, તેમ ન્યાય અને પ્રજાની સલામતીનું ખાતું પ્રામાણિક એવા ધર્માધિકારીના હાથમાં હતું. અને એ ધર્માધિકારી પુરુષ વડા-ન્યાયાધીશ ગણાતા. ન્યાયને વફાદાર એવા ન્યાયાધીશે રાજાને ન્યાયાલયમાં હાજર થવાનો આજ્ઞા-પત્ર મોકલ્યો. રાજા આવ્યો ત્યારે એને ઉચ્ચ સ્થાન પર બેસાડવાને બદલે ગુનેગારના પાંજરામાં ઊભા રહેવાની એણે સૂચના કરી. આ દૃશ્ય સૌ જોઇ જ રહ્યાં. રાજાએ પોતાનો ગુનો કબૂલ કર્યો. એણે અમુક દંડ કરી રાજાને મુક્ત કર્યો અને પછી ન્યાયાલયની બહાર આવી ન્યાયાધીશે અતિ નમ્રતાથી રાજાને નમન કર્યું. આથી રાજા ખૂબ પ્રસન્ન થયા અને પોતે સંતાડી રાખેલી નાની તલવાર બતાવી કહ્યું : ન્યાયાલયના આજ્ઞા-પત્રને માન આપી હું અદાલતમાં હાજર થયો, પણ મને એમ લાગ્યું હોત કે ધર્મ ને ન્યાયથી તમારી વાણી વેગળી છે, તો આ તલવારથી તમારો શિરચ્છેદ અહીં જ કરી નાખત. પણ તમારી ધર્મ ને ન્યાયમય વાણીથી મને આનંદ થાય છે, ને તમારા જેવા ન્યાયાધીશથી હું ગર્વ લઉં છું કે મારા રાજ્યમાં રાજા કરતાં ય ન્યાયને

પ્રથમ માન આપનારા ધર્મનિષ્ઠ ન્યાયાધીશ છે!" તે જ ઘડીએ પોતે ઝભ્ભામાં સંતાડી રાખેલી સોટી બતાવતાં ન્યાયાધીશે કહ્યું: "રાજન! સારું થયું કે તમે અદાલતને માન આપ્યું અને મારો ન્યાય માન્ય રાખ્યો. નહિ તો હું સોગન ખાઇને કહું છું કે તમે ન્યાયને ઠોકર મારી હોત તો, હું આ સોટીથી તમારા બરડાની ખબર અહીં જ લઈ લેત. સારું થયું કે આપણુને બન્નેને સદ્બુદ્ધિ સૂઝી!"

વાહ આ કેવો ન્યાય! કેવી ધર્મમય વાણી! આ પ્રસંગ શું કહે છે? આપણી વાણીમાં ધર્મ જોઇએ, ન્યાય જોઈએ, સત્ય ને પાવિત્ર્ય જોઈએ. કોઇને ય આપણી વાણીથી અન્યાય ન થઈ જાય એવી કાળજી રાખી વકતૃત્વ કરનારા કેટલા? આવા વિચારક વક્તા હોય તો પ્રજામાં કેટલી શાંતિ ને કલ્યાણકામના હોય? એટલે આ આઠ ગુણોથી યુક્ત વાણી બોલે તે વક્તા, નહિ તો બક્તા-લબાડ તો છે જ!

માત્ર ભાષણ સારું કરી જાય, વાણી શુદ્ધ બોલી જાય, એટલા માત્રથી જ્ઞાનીઓ એને વક્તા નથી કહેતા. એમ તો કાશીમાં એવા કેટલાક વિદ્વાનો છે કે જે બોલવામાં વ્યાકરણની એક અશુદ્ધિ આવે તો જીભ કાપવા હાથમાં ચપ્પુ લઇને બેઠા હોય. પણ એ જ પંડિતો ગંગાના ઘાટ પર જાય ત્યારે ગાયત્રીનો જાપ કરતા જાય ને માછલું દેખાય તો લોટામાં નાખતા જાય. એમને પૂછો કે આ લોટામાં શું? તો કહેશે: 'જળડોડી.' આવા વાચાળ પંડિતો પોતાનું કે એના સમાગમમાં આવનારનું શું કલ્યાણ કરે? એવી જ હાલત છે આજની વિદ્યાપીઠોના સ્નાતકોની! આ જ્ઞાનનો વાણીવિલાસ જનકલ્યાણ માટે નથી વધ્યો પણ લોકોને છેતરવા માટે અને અભણોને આંજવા માટે વધ્યો છે! એટલે આજે માણસ વાણીનો ઉપયોગ પોતાના વિચારોને વ્યક્ત

કરવા માટે નહિ, પણ પોતાના વિચારોને છુપાવવા માટે કરી રહ્યો છે.

માણસની વાણીમાં સત્ય ન હોય અને જૂઠ હોય તો એની બીજી સજા તો થવાની હોય ત્યારે થાય, પણ પ્રત્યક્ષ સજા તો એ મળે કે-એ સાચું બોલતો હોય ત્યારે પણ લોકો એનેં ખોટું માને છે, એ સોગન ખાઈને કહેતો હોય તોય એના વચન પર લોકોને વિશ્વાસ ન બેસે, માટે વાણી પવિત્ર જોઈએ અને એ વાણીને પવિત્ર રાખવા માટે તપ જોઇએ.

જેમ આચારને શુદ્ધ રાખવા માટે તપ, વિચારોને શુદ્ધ ને સ્વસ્થ રાખવા માટે તપ, તેમ ઉચ્ચારને શુદ્ધ ને પવિત્ર રાખવા માટે પણ વાણીનો તપ કરવો જોઇએ.

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥

વાણી એવી હોય કે સાંભળનારને ઉદ્વેગ ન થાય, સત્ય છતાં મધુર ને હિતકર હોય, ઊંડા ચિન્તન અને અભ્યાસમાંથી પ્રગટેલી હોય-આ વાણીનું તપ! આવા તપથી માણસ એ માણસ બને છે. તપ વિનાની, ચિન્તન વિનાની, અભ્યાસ વિનાની કર્કશ વાણી તો પશુઓ પણ બોલી શકે છે. એમાં માણસ બોલીને શું વધારે કરે છે? આ હું એકલો જ નથી કહેતો હો! ગીતા પણ કહે છે કેઃ માણસની વાણી પાછળ તપશ્ચર્યા હોય. તપશ્ચર્યાવિહોણી વાણી તો પશુની હોય!

એક જૂના વખતની વાત છે. જ્યારે માણસો આટલા ચાલાક ને જૂઠાબોલા નહોતા પણ ભદ્ર ને સાચાબોલા હતા. તે વખતે એક ગૃહસ્થને ત્યાં સંત પધાર્યા. પણ આ ઘરનાં માલિક-સ્ત્રી પુરુષ-બહારથી ઘણાં સુંદર ને ભલાં લાગતાં

હતાં પણ અંદરથી સાવ જ બેડોળ! એક મહિનાના પરિચયથી સંત ત્રાસી ગયા. એ ઘરમાં સત્ય, ચિન્તન, સ્વાધ્યાય, મધુરતા કંઇ જ ન મળે. એકલા બાહ્ય વૈભવનાં આડંબરનો કોલાહલ હતો. સંતે મહિના પછી વિદાય વખતે આશીર્વાદ આપતાં કહ્યું: 'માણસ બનજો!'

પુરુષ ધમાલિયો હતો. એણે આ વાક્ય પર જરાય વિચાર ન કર્યો, પણ સ્ત્રી ભારે ચકોર, એ પામી ગઈ. એણે પતિને પૂછયું: આપણે માણસ નથી? શું ઢોર છીએ? સંતે 'માણસ બનજો' એમ કેમ કહ્યું? આ સાંભળી પુરુષને પણ જરા વિચાર આવ્યો. વાત સાચી હતી. સંતે આમ કાં કહ્યું? એણે મનમાં ગાંઠ વાળી. એ ફરી મળશે ત્યારે પૂછીશ.

કોઈ પણ વચન પર ઊંડાણથી વિચાર કરીએ તો જ વક્તાની વાણીનો મહિમા સમજાય, નહિ તો શ્રવણ માત્ર એક વ્યસન બની જાય. વ્યસની માણસ પ્રવૃત્તિ કરે, ખરો પણ એમાંથી પ્રકાશ ન મેળવે: પ્રકાશ તો ઊંડા ચિન્તનથી જ મળે.

બે વર્ષ પછી ફરી સંત પધાર્યા ત્યારે પેલી સ્ત્રીએ પૂછયું: 'મહારાજ! માણસ થજો એનો અર્થ શું? શું અમે ઢોર છીએ?' સંતે પોતાની પાસે એક કાચ હતો તે આપતાં કહ્યું: "લો આ કાચ, આ કાચ એવો અદ્ભુત છે કે એના ઉપરના ભાગમાં જોશો તો તમે માણસ દેખાશો અને અંદરના ભાગમાં જોશો તો તમે જે છો તે દેખાશો."

સ્ત્રીએ કાચના અંદરના ભાગમાં જોયું ને એ ચમકી! 'કાં?' પતિએ પૂછયું. સ્ત્રીએ ભડકીને કહ્યું. "ઓ, બાપ રે! હું તો આમાં કૂતરી દેખાઉં છું અને શેરીના નાકા પર ઊભી રહીને ભસી રહી છું. હાય રે! હું કૂતરી?" ઉતાવળિયા પુરુષે કહ્યું: 'આમ લાવ; મને જોવા દે.' અને પોતાની જાતને જોતાં જ

એણે રાડ પાડી. 'અરે, આ શું? હું ગધેડો? ઉકરડા પર ઊભો રહી ભૂંકનાર હું ગર્દભ? અરે, મહારાજ! જુલમ કર્યો રે તમે! અમને આમ જાનવર કાં બનાવો?'

સંતે કહ્યું: "ભલા માણુસો! આમાં હું શું કરું? તમે જે રીતે જીવો છો તે રીતે આમાં દેખાઓ છો! માણસ બહારનો આકાર ગમે તે મેળવી શકે, પણ અંદર કૂતરા જેવો છે કે માણસ જેવો, તે જ ખરો પ્રશ્ન છે. જે મનથી સત્યને પૂજતો નથી, સત્યને ઉચ્ચારતો નથી, સત્યને આચરતો નથી અને જેનાં મન ને વાચાનો મેળ નથી તે મનુષ્ય હોવા છતાં પશુ છે. તે ભાષણ કરતો નથી પણ ભસે છે, બોલતો નથી પણ બકે છે!"

આજનું વ્યાખ્યાન એટલે વાણીના તપની વિચારણા. જીવન ગંભીર વિચારણા માંગે છે. બહાર તમે ગમે તે હો, હું એ અંગે કંઇ જાણવા નથી માંગતો, તમે અંદર આવો, અંદર તમે કોણ છો તે મને કહો. સત્યનો ઝબ્બો તો પહેર્યો પણ એ ઝબ્બા નીચે શું છે તે મને કહેશો? બોલો, મારા ભાઇઓ! બોલો! આજ નહિ બોલો તો ક્યારે બોલશો? મન ને વાણીનો સુમેળ છે કે કમેળ? મન ને વાણીએ આપણા જીવનને સંગીતમય બનાવ્યું છે કે બસૂરું? જીવનમાં શું છે આનન્દ કે અફસોસ?

કોઇને ગુમડાં થયાં હોય અને ભારે કોટ પહેરીને ફરતો હોય તો કોને ખબર પડે કે આ કપડાં નીચે ગુમડાં ખદબદી રહ્યાં છે? ગુમડાં ભલે બહાર ન દેખાય પણ અંદર તો પીડા થાય ને ચળ ઉપડે ને? લોહી નીકળે ને? તમને કોઇ દિવસ અસત્યનું ગુમડું ખટકે છે ખરું? એની પીડા થાય છે ખરી? અસત્યની પીડા જરાય નથી થતી? કાંઈ નહિ. આજ નહિ થાય તો મરતી વખતે આ ચિત્રો નજર સામે ખડાં થશે. ભૂતાવળની જેમ નાચ્યા કરશે અને અસત્યવાદીને મૂંઝવી મારશે પણ જો

આપણા જીવનમાં સત્યનો સૂર્ય ચમકતો હશે તો અન્ધકારનો જરા ય ભય નથી.

આપણે નાનીશી વસ્તુ ખોઇએ છીએ ત્યાં કેટલો બધો અફસોસ થાય છે. એક રૂપિયો ખોવાઈ ગયો હોય તો કેટલી ચિંતા થાય? પણ આજે આપણો આત્મા આખો ને આખો અસત્યમાં ખોવાઇ ગયો છે, એનો જરા ય વિચાર આવતો નથી, આ કેવું આશ્ચર્ય!

આજકાલ કેટલાક ભોળા માણસો આવે છે અને કહે છે:– 'કંઇક મંત્ર બતાવો, કંઇક સિદ્ધ થાય એવો જાપ દેખાડો. આપને વચનસિદ્ધિ આવડે છે.' હું કહું છું કે: 'અરે, ભોળા જીવો! આમ ભ્રાન્તિમાં ખોટાં કાં ભમો છો? પ્રિય, પથ્ય ને સત્ય એ વચન–સિદ્ધિનો મંત્ર છે! સત્યના પ્રકાશથી ઝળહળતું સુમધુર હિતવચન એ રામબાણ છે, એ અફર છે. જેને વાગે તે વિંધાયા વિના ન રહે. એ વચન જેના દિલમાં પેસે ત્યાં પ્રકાશના દીવડા પ્રગટે!'

આજનું વ્યાખ્યાન સમાપ્ત કરતાં એટલું જ કહું કે **सत्यवादी भवेत् वक्ता।** સાચો વક્તા તે છે કે જેની વાણીમાંથી સત્યનો પ્રકાશ ઝરે છે! Not only with our lips; but in our lives–એકલા હોઠમાંથી નીકળતા શબ્દોથી નહિ, પણ આપણા જીવનમાંથી પ્રગટતા સત્યના તેજથી આપણી વાણીને રંગી સાચા વક્તા બનીએ!

: ૪ :

**દાતા**

માનવતાનાં સોપાન અંગે આપણે ત્રણ સોપાનનું વિવેચન કરી ગયા. આજે ચોથા સોપાનનો વિચાર કરવાનો છે. ચિન્તકો શબ્દના ઊંડાણમાં કેવું રહસ્ય મૂકે છે તે જુઓ. એ કહે છે કે

**न दाता अर्थदानतः** કેવળ ધન વાપરવા માત્રથી દાતા **નથી** બનાતું. અને માત્ર **પૈસા ખર્ચવાથી** દાતા થઇ શકાતું **હોય તો** **दाता भवति वा न वा**-દાતા હોય કે ન પણ હોય, આવો ગંભીર ભાવ ન કહેત. ચિન્તકો જાણે છે કે કીર્તિ માટે, **ગયેલી** પ્રતિષ્ઠા પાછી મેળવવા માટે, પોતાનાં અપકૃત્યોને દાનનાં પડદા નીચે ઢાંકવા માટે અને કેટલાક પુણ્યથી પાપ ઠેલાય એવા **ભાવથી** પણ દાન કરનારા છે. આવી ભાવના દાન પાછળ રમતી હોય તો એ દાન ન કહેવાય. યાદ રાખજો: કેવળ પૈસાથી આત્માની એકેય વસ્તુ ખરીદી શકાતી નથી, ધનથી ચેતનજ્યોતનું એક પણ કિરણ પામી શકાતું નથી. ધનથી માન મળશે, સન્માન મળશે, પૂજા મળશે, પ્રતિષ્ઠા મળશે, કીર્તિ મળશે, અરે! જડ જગતની કદાચ બધી વસ્તુઓ મળશે, પણ આત્મજ્યોતનું કિરણ ધનથી મળવું મુશ્કેલ છે. એ આત્મજ્યોત મેળવવા માટે ધન સાથે મન પણ જોઇએ.

આજકાલ જ્યાં ત્યાં સમાજમાં અપાતા માનપત્રો અને દીવાલો પર ચોંટેલી કુંકુમ પત્રિકાઓને જોશો તો લાગશે કે આજ ધનથી કીર્તિ કેટલી સસ્તી મળે છે તેનું આ પ્રદર્શન છે. કેટલીક કુમકુમ પત્રિકાઓ વાચું છું ત્યારે, તો માથું શરમથી નીચું નમી જાય છે. મનમાં એમ થાય કે આવા મોટા આચાર્યો આવા નાના માણસોને આવાં મોટાં વિશેષણો આપે છે! આખી જિંદગી સુધી ન કરવાનાં કામો કરીને થોડા પૈસા એકાદ ઓચ્છવ પાછળ વાપરી નાખ્યા એટલે એમને આવાં વિશેષણો આપવાનાં? આ ગૃહસ્થો માટે જે વિશેષણો વાપર્યાં છે, તેટલા ગુણો તેમનામાં હોય તો હું કહું છું કે મોક્ષ એમનાથી જરાય દૂર નથી. એમને હવે બીજું કંઈ જ કરવાની જરૂર નથી. એ વિશેષણો જોતાં તો એ તરી ગયા છે એમ જ લાગે! પણ હું આપને જ પૂછું છું: આ બધા વાપરેલા ઇલકાબો આપને સાચા લાગે છે? જેના માટે

નરરત્ન અને દાનવીર જેવા શબ્દો વપરાયા છે, એને ત્યાં એક ભૂખ્યો માનવી જાય તો એને એક ટંક પણ પ્રેમથી ભોજન મળે ખરું ?

સભામાંથી: "ભોજન તો ન મળે પણ ગાળો તો મળે ને ?"

તમે પણ ઠીક કહ્યું. શું મળે ? ગાળો ? અને એવા માટે વળી આવાં વિશેષણો ? કેવાં દાનવીર ને નરરત્ન ! અને આ વિશેષણ આપનારાઓનાં વિશેષણો જોયાં કે ? અર્ધી કંકોત્રી તો એમાં જ ભરાઈ જાય છે ? આ ઇલકાબો જ એટલા બધા છે કે આમાં નામ શોધવા જાઓ તો નામ પણ ન જડે, એટલે એ પણ એટલું તો જાણે કે આ પદ્ધીઓમાં આપણું નામ અટવાઇ જશે એટલા માટે એમણે વાંચનારને સગવડ કરી આપી છે, પોતાનાં નામ બોલ્ડ ટાઇપમાં ને બીજા કલરમાં છાપ્યાં છે ! એ જાણે છે કે પદવીઓમાં નામ અટવાઇ જવાની સંભાવના છે ! અને કેટલીક પત્રિકાઓમાં તો વળી ફોટા મૂકાવ્યા છે. અન્તે આ ફોટાવાળી પત્રિકાઓમાં ગાંઠિયા ને ચટણી બંધાશે ને ગટરમાં સડશે. આશાતનાની હદ થઇને ! આવાઓને આજે કહેનાર કોણ ? આ નિર્નાયકનું સૈન્ય કયાં જશે એ ખબર પડતી નથી. મને તો ભય લાગે છે કે કયાંક નીચે ન ઉતરી જાય ! જેમ એક નૌકામાં સો નાવિકો બેઠા હોય અને સૌ પોતાને ઠીક પડે તેમ હલેસાં મારે તો નૌકાની જે દશા થાય એવી દશા આજ આ સમાજની છે !

આવી ધમાલમાં દાતા શોધ્યાય જડે ? આ તો સૌ કીર્તિ માટે લૂટાલૂટ કરવા નીકળેલા બહાદૂરો છે ! દાન લેનારા ઊંચા સાદે પેલા કાળાબજારિયાઓનાં વખાણ કરે અને પેલા સમાજને લૂંટવાની ધૂનમાં પડેલા આ મહાનુભાવોનાં ગુણગાન ગાય. એટલે પરિણામે બન્ને—ઓછું ભણેલા ગુરુઓ અને સમાજને લૂંટનારા વહેપારીઓ—સમાજમાં માન ને પ્રતિષ્ઠા મેળવી જાય. ભોળા લોકો આમાં શું સમજે ?

એક સુભાષિત યાદ આવે છે:

उष्ट्रकाणां विवाहे तु गर्द्दभा वेदपाठकाः ।
परस्परं प्रशंसन्ति अहो रूपं अहो ध्वनिः ॥१॥

ઊંટભાઈના લગ્નમાં ગધ્ધાભાઈ ગોર બન્યા. ગોર કહે: 'વાહ! ઊંટનું કેવું સુંદર રૂપ છે!' ઊંટ કહે: 'વાહ! ગધ્ધાજીનો કેવો મીઠો ધ્વનિ છે!' આવી આ સમાજની દશા છે. આવા વાતાવરણમાં ગુપ્તદાન દેનાર દાતા કયાંથી પાકે? સાધર્મિકોને ટેકો આપનારા, એમનો હાથ ઝાલી ઉપર ચઢાવનારા અને પોતાના ગરીબભાઈની આર્થિક રીતે પીઠ થાબડનારા આ કારણને લીધે વાતાવરણમાંથી બહુ જ અલ્પ મળવાના. આ દાતાઓનો ઘણો પૈસો તો વાજાંવાળા, બેન્ડવાળા, પ્રેસવાળા અને રંગબેરંગી મોટી મોટી કુંકુમપત્રિકા છાપવાવાળા ચાવી જાય છે. બે દિવસ વાહ, વાહ થાય! અને પછી હવા હવા થઈ જાય! પહેલાના જમાનામાં માણસને પાડવા માટે સ્વર્ગલોકમાંથી મેનકા ને અપ્સરાઓ આવતી, હવે એ નથી આવતી. કારણ કે એમને જોઈ માણસો ગાંડા થઈ જાય! એટલે આજના યુગમાં એ મેનકા ને અપ્સરા કીર્તિ ને પ્રશંસાના રૂપમાં આવે છે, અને માણસોને પાડી દે છે. આજ માણસની જરા પ્રશંસા કરો એટલે પુલાઈને પુગ્ગો થઈ જવાનો. વિદ્વાનો આવાઓને સાચા અર્થમાં દાતા નથી કહેતા. ત્યારે દાતા કોણ? दाता भूतहिते रतः। પ્રાણીમાત્રના કલ્યાણમાં જેનું મન રમે છે, તે દાતા. હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલી જીવદયાની ભાવનાવાળો દાતા. એટલે જ અભયદાન ઉત્તમ છે, ઉત્કૃષ્ટ છે. આવી દાતૃત્વની ભાવના પ્રગટ્યા પછી પોતાના પ્રભાવથી, પોતાના બળથી કે પોતાના અધિકારથી કોઈનેય ભય ન થાય, એની કાળજી રાખે. તમારા હાથમાં તો એક સોટી હોય તોય હાથ સીધો ન રહે! કાં એ સોટી ઝાડ પર વિંઝાય. કાં કૂતરાના

ખરડામાં પડે, કાં કોઈ રસ્તામાં જતા ઢોર પર ફરી વળે. એક સોટી પણ ન પચાવી શકાય તો બંદૂક કે તલવાર તો કઈ રીતે પચાવી શકો? જ્ઞાનીઓ કહે છે: સાચા દાતાની આસપાસ તો એવી હવા હોય કે સૌ અભયનો મુક્ત આનન્દ માણતા હોય!

ચૈતન્યદેવનું નામ તો તમે સાંભળ્યું હશે? માર્ગાનુસારીમાં પણ કેવા ગુણો હોય છે તે હું કહેવા માગું છું. ચૈતન્યદેવ અને રઘુનાથ શિરોમણિ-બંને સહાધ્યાયી અને બંને પાછા મિત્ર. દોસ્તી એવી કે પુષ્પને પરિમલ જેવી. કદી છૂટા ન પડે. અથવા એમ કહીએ તો ચાલે કે મિત્ર તો ઢાલ જેવા હોવા જોઈએ.

મિત્તર ઐસા કીજિયે, ઢાલ સરીખા હોય;
સુખમેં પીછે પડ રહે, દુઃખમેં આગુ હોય.

ખરો મિત્ર ઢાલનું કામ કરે, સુખમાં પાછળ હોય. દુઃખમાં ઘા ઝીલવા આગળ હોય. તમારા મિત્રો સુખમાં ને મહેફિલમાં આગળ હોય ને દુઃખમાં ને સંકટમાં ભાગી જાય! એવા મિત્રો માલ ખાવા હાજર થાય, માર વખતે અદશ્ય થાય. એટલે મિત્રોને પણ ચૂંટવા પડે છે. જેને તેને મિત્ર ન કરાય.

રઘુનાથે ન્યાયશાસ્ત્ર પર એક સુંદર ટીકા લખી અને ચૈતન્યદેવને બતાવી. એણે મિત્રના કાર્યની પ્રશંસા કરતાં કહ્યું: 'અદ્ભુત' છે. આથી રઘુનાથ મનમાં મલકાયા. એને થયું. આ ટીકા મને જગતમાં પ્રખ્યાત બનાવશે, મારી કીર્તિ ભારતભરમાં ફેલાશે. તે અરસામાં ચૈતન્યદેવ પણ ન્યાય પર ટીકા લખતા હતા. એમની ભાવના ખ્યાતિ મેળવવાની ન હતી, એમને પ્રશંસાની ય પડી ન હતી, એ તો કર્તવ્યબુદ્ધિથી લખ્યે જતા હતા. એક દિવસની સાંજે, રઘુનાથ ચૈતન્યને ઘેર આવ્યા ત્યારે તે ટીકા લખી રહ્યા હતા. રઘુએ પૂછ્યું: 'મિત્ર, શું લખે છે?' સહૃદયી ચૈતન્યે ન્યાયનાં પાનાં મિત્રના હાથમાં આપતાં કહ્યું: 'આપણી પૂર્વે

થયેલા વિદ્વાનોએ વાવેલાં વિદ્યાનાં વૃક્ષનાં ફળ આપણે ખાધાં તો આપણે પણ થોડાં બીજ વાવતા જઈએ કે જે આવતી કાલની પેઢીને ખાવા કામ લાગે.'

રઘુનાથ જેમ જેમ એક પછી એક લીટી વાંચતા ગયા તેમ તેમ એમનો જીવ અધ્ધર ચઢતો ગયો. એમના મુખની લાલી ઊડી ગઇ. મોં સફેદ પૂણી જેવું થઈ ગયું. ચિંતામગ્ન રઘુનાથને જોઇ એણે પૂછયું: 'કેમ ? આટલો ઊંડા વિચારમાં ઊતરી ગયો ?' સ્વસ્થ થતાં રઘુનાથે કહ્યું: હવે મારી ટીકાને તો કૂતરાંય નહિ સૂંઘે! તારી આ પાંડિત્યપૂર્ણ ટીકા આગળ મારી ટીકા શું હિસાબમાં ? હું માનતો હતો કે મારી ટીકાથી હું ખ્યાતનામ થઈશ પણ આ જોતાં લાગે છે કે એ એક કલ્પના જ હતી. મિત્ર! તું આ ગ્રન્થથી અમર બની જઇશ." એમ કહી પોતાના શ્રમને વિફળ જતો જોઇ, રઘુનાથે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો.

ચૈતન્યને વિચાર આવ્યો: અમર તો કોણ થયું છે? નામ તેનો નાશ છે. મેં આ પ્રયત્ન કલ્યાણ માટે કર્તવ્યબુદ્ધિથી કર્યો છે પણ મારા જ મિત્રની કીર્તિને એ હણતો હોય, એને જ એ ભયજનક દેખાતો હોય તો મારે આ પ્રયત્ન ન કરવો.

એક પૂર્ણિમાની રાતે બંને મિત્રો જલવિહાર કરવા નીકળ્યા હતા. હોડી સરિતાની છાતી પર રમી રહી હતી. બંને વાતોએ ચઢ્યા. એટલામાં ચૈતન્યે બગલમાંથી એક પોથી કાઢી, જાણે પોતાના નાજુક હૈયાને, જળમાં પધરાવતો ન હોય એ રીતે ગ્રન્થ પાણીમાં પધરાવી દીધો! રઘુનાથે પૂછયું: 'મિત્ર! આ શું કર્યું ?' કરુણાર્દ્ર સ્મિત કરી ચૈતન્યદેવે કહ્યું: 'જે ગ્રન્થ મારા

મિત્રના કીર્તિચન્દ્રને રાહુ બની ગળી જતો હોય તે શા કામનો ? રઘુ ! આપણે તો બાળગોઠિયા. તું જાણે છે કે હું સૌના ભલાની ભાવનામાં રમું છું. અને મિત્રનું જ ભલું ન કરી શકું તો બીજાનું ભલું તો હું શું કરી શકું ? જે ગ્રન્થે તારા દિલ પર ઘા કર્યો એ ગ્રન્થનો મેં પાણીમાં ઘા કર્યો....'

અર્પણના આ દૃશ્ય પર પૂનમનો ચાંદ ચાંદની વર્ષાવી રહ્યો હતો. આંખમાં આવેલા આંસુને લૂછતાં રઘુનાથે કહ્યુંઃ 'મિત્ર, તેં તો જુલમ કર્યો. તારો વર્ષોનો શ્રમ પાણીમાં ગયો. પણ તારી આ જગતવ્યાપી કીર્તિ....?'

'રઘુ ! કીર્તિની ખાખને જે શરીરે ચોળી જાણે તે જ કંઇક કરી શકે. કીર્તિનો મોહ છોડ્યા વિના કલ્યાણ નથી. મારી કીર્તિ કોઈના ય માટે ભયરૂપ હોય તો એ કીર્તિથી સર્યું !' આ સાંભળી રઘુનાથ એના ચરણોમાં ઢળી પડ્યા. 'ચૈતન્યદેવ ! તેં જ ખરું મેળવ્યું. મેં તો કેવળ ટીકાઓ જ કરી છે. અમે પૂજાઇશું. તમે અણુપ્રિછયા રહેશો, પણ પૂજનારા તળિયે જશે અને અણુપ્રિછયા તરી જશે....'

આ પ્રસંગ આપણને ક્ષણભર વિચાર કરતા કરી મૂકે છે. આપણે આપણા વર્તમાન જીવન સાથે આ પ્રસંગને સરખાવીએ તો આપણું જીવન કેવું વામણું લાગે ? આપણે જ્યાં જઇએ ત્યાં ભય જ ઊભો કરીએ છીએ. આપણી વાણીમાં અભય નથી, આપણા વર્તનમાં અભય નથી, આપણા હૈયામાં અભય નથી. ચારે બાજુ ભયનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. આપણા સમાગમમાં આવનાર આપણો ભય રાખે અને સામાના સમાગમમાં જતાં આપણે ભય રાખીએ. આ રીતે અરસપરસ ભય ને અવિશ્વાસ

ઊભાં થયાં છે. ખરી રીતે આ ભય હોવો ન જોઇએ. પ્રાણી અને માનવી વચ્ચે તો અભય અને વિશ્વાસ હોવો જોઇએ!

ભગવાનનાં ઘણાં વિશેષણોમાં એક વિશેષણ છે–**अभयदयाण** કેવું સુંદર છે આ વિશેષણ! ભગવાન અભયના દેનારા છે. દુશ્મનનેય ભગવાન તરફથી ભય નહિ. ક્રૂર પ્રાણી પણ ભગવાન પાસે અભય થઇને આવે. એટલે ભગવાન સાચા અર્થમાં દાતા છે. આપણે એમના જ ભક્ત છીએ, પણ આપણે દાતા નહિ, પણ ખાતા. જેનું મળે તેનું ખાધે જ જઇએ.

ભગવાન બધું ય જાણે છે. શું કર્યું, શું કરે છે ને શું કરશે. બધુંય જાણવા છતાં એનાથી ભય નહિ. ખૂન કરીને ગયેલો ખૂની પણ દયા માટે પ્રભુ પાસે જાય તો પ્રભુ સભા વચ્ચે એમ ન કહે કે 'અલ્યા ખૂની! તું અહીં કેમ આવ્યો?' એ કરુણાસાગર તો એના ઉપર પણ ક્ષમા અને અભયની દૃષ્ટિ જ નાખવાના. એટલે પાપી પણ એમની પાસે ભય વિના જઈ શકે છે.

જ્યારે તમારી દશા કેવી છે? કો'કની જરા સરખી ય વાત જાણતા હો તો દમ મારતા ફરો: કહી દઇશ હો, હું તારું બધું ય જાણું છું. તારી ચોટી મારા હાથમાં છે, એમ કહેતા જાઓ ને તમારો સ્વાર્થ એમની પાસેથી કઢાવતા જાઓ. તલવાર જેવી તીખી વાણી હોય, ખાબોચિયા જેવું ક્ષુદ્ર હૃદય હોય, કાગડા જેવી દોષગવેષક દૃષ્ટિ હોય અને શિયાળ જેવી સ્વાર્થસાધુ બુદ્ધિ હોય એવા માણસો અભયદાનને જીવનમાં કઈ રીતે લાવી શકે? એવા માણસનું મન પ્રાણીમાત્રના કલ્યાણમાં રમે એમ તમને લાગે છે? એવા માણસો માટે તો એમ જ કહેવાય કે બીજાનું ભલું ન કરે તો કાંઇ નહિ પણ કોઇનું બૂરું ન કરે તો ય સારું!

અભય માટે જોઇએ: અર્પણનું શૌર્ય, ધર્મભાવથી તરબોળ હૃદય, નિર્ભય સત્યમિત વક્તવ્ય, અને હૈયાંની ઉત્કટ ઉદારતા—આ ગુણો આવે ત્યારે માણસ દાતા બને છે. જેણે સાચા દાનનો ઇતિહાસ સર્જ્યો છે, તે આવા ગુણવાળા હતા. એટલે જ આ સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે: આવા પ્રકારના દાતા હોય કે ન પણ હોય! નહિ તો ભાવ વિના પૈસા વેરનાર દાતાઓની ક્યાં ખોટ છે? સામાન્ય રીતે ધન વાપરનારા ઘણા મળશે પણ આવા જગતકલ્યાણમાં રાચનારા, સૌના ભલામાં ખુશ થનારા બહુ ઓછા હશે. જીવનશિલ્પીઓની ઇચ્છા આપણને સાચા અર્થમાં દાતા બનાવવાની છે. મારી નજર અત્યારે ઘડિયાળ પર જાય છે. એ કહે છે કે સમયની મર્યાદા થઇ ગઈ છે. હવે હું મારા વિષયને વધારે ન લંબાવતાં એટલું જ કહીશ:

સૌનું કલ્યાણ થાઓ. સૌ એક બીજાના કલ્યાણમાં લાગી રહો. સૌના દોષ નષ્ટ થાઓ અને જીવ માત્ર સુખની દુનિયામાં સફર કરો. આ પવિત્ર ભાવનાની નૌકામાં આપણે આપણી જીવનયાત્રા વ્યતીત કરીએ એવી શુભેચ્છા.

# આદર્શ શિક્ષક

પી. આર. ટ્રેનીંગ કોલેજના આચાર્ય શ્રી શિવલાલ પ્રભુદાસ શુક્લના આગ્રહથી કોલેજના ખંડમાં અભ્યાસ-વર્ગને કરેલ ઉદ્બોધનમાંની કેટલીક કણિકાઓ.

जहा खरो चंदणभारवाही
भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो
नाणस्स भागी न हु सुग्गईए ॥

—ઉપદેશમાળા

જેવી રીતે ચંદનના લાકડાને ઉપાડીને જનાર ગધેડાને એનો ભાર મળે છે પણ ચંદનની સુવાસ કે શીતળતા મળતી નથી, તેમ સદ્આચરણ વિના માત્ર જ્ઞાનને ધારણ કરનારને પણ જ્ઞાનનો ભાર મળે છે પણ સદ્ગતિ–ઊર્ધ્વગતિ નથી મળતી !

# આદર્શ શિક્ષક

આજે આપણે 'આદર્શ શિક્ષક' તરીકે વિચાર કરવાનો છે. આપણા પ્રત્યેકના હૃદયમાં જે જે ભાવનાઓ જાગે છે, જે જે ઊર્મિઓ દિવ્ય જીવનના સર્જન માટે ઝંખના સેવે છે, તેનો પડઘો પડે છે અને અંતે તે કાર્યમાં આકાર પામે છે. આદર્શ એટલે અરિસો. આરસામાં આપણું મુખ જોઇ શકાય, પરંતુ જો એ આરસો ગંદો, મલિન કે ડાઘાવાળો હોય તો તેમાં આપણું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાતું નથી. પ્રતિબિંબને સ્વચ્છ અને નિર્મળ અરિસો જ ઝીલી શકે. એ પ્રમાણે આપણું જીવન પણ પવિત્ર, સ્વચ્છ અને નિષ્કલંક હોવું જોઇએ. કોઇ પણ માણસ આપણું જીવન તપાસે તો તેને આપણામાં કાંઇ ઊણપ દેખાવી ન જોઇએ. આપણા જીવનમાંથી એને પ્રકાશ મળવો જોઇએ અને એનાથી એનું જીવન પ્રકાશમય બની જવું જોઇએ. આપણા જીવનમાંથી સાફ તત્વો એને મળવાં જોઇએ; નબળાં નહિ.

ભવિષ્યના નાગરિકો તૈયાર કરનારા શિક્ષકોનું જીવન આ દૃષ્ટિએ પવિત્ર અને નિષ્કલંક હોવું જોઈએ. લોંગફેલોએ કહ્યું છે કે–

'Lives of great men all remined us,
We can make our lives sublime,
And, departing leave behind us
Footprints on the sands of time.'

મોટા માણસોની જિંદગી જીવનની મહત્તાને સંભારી આપે છે કે જેથી આપણે આપણા જીવનને ઊર્ધ્વગામી બનાવી

શકીએ અને આ જગતમાંથી વિદાય લેતી વખતે કાળની રેતી પર આપણાં શુભ કાર્યોની પગલીઓ મૂકતા જઇએ કે જેને આધારે ભૂલા પડેલા પણ આપણા બંધુઓ જીવન-પંથમાં હિમ્મત-પૂર્વક આગળ વધી શકે. એવા મોટા માણસના પગલે જઇશું તો આ ભવસાગરના વમળમાં ભૂલા પડતાં માર્ગ મળશે. આ જીવન અતિ ગૂઢ છે. જીવન સહેલાઇથી જીવી જવાય એવું નથી. અનેક મુશ્કેલીઓ, આંટીઘૂંટી અને દુઃખની ઊંડી ખીણો ઓળંગવી પડશે અને તે વખતે આદર્શોનું ભાથું આપણી પાસે હશે તો જ આ જીવનપંથને વટાવી શકાશે.

દરેક માણસે પોતાના આદર્શો નક્કી કરી લેવા જોઇએ-અંતે એ જ કામ લાગશે. આપણે બધા ભીંત ઉપર સૂત્રો લખીએ છીએ, પણ એ સૂત્રનું રહસ્ય જીવનમાં ઉતારવું જોઇએ. જેમ એન્જિનની પાછળ ડબ્બા દોડી આવે છે તેમ આપણા જીવન-રૂપી ડબ્બાને આદર્શરૂપી એન્જિન લગાડવું જરૂરી છે કે જેથી જીવનમાં વેગ આવે અને એ પ્રગતિ કરે.

એક ઠેકાણે કહ્યું છે કે સત્ય એ તો પ્રકાશ છે. દશ હજાર વરસનું અંધારું હોય છતાં ત્યાં જો એક દીવાસળી સળગાવવામાં આવે તો તત્કાળ અંધકાર દૂર થઇ જાય છે. વ્રત એ પણ પ્રકાશ છે. એ આવે તો જ સ્વચ્છંદતાનું અંધારું જાય. આ પ્રકાશના આગમનથી આપણામાંથી દાનવતા નાશ પામશે અને માનવતા આવશે, કારણ કે માનવી દિવ્ય ચેતનાવંત પ્રાણી છે. એણે પોતાના જીવનમાંથી માનવતાની હવા પેદા કરવી જોઇએ.

અત્યારે જે શિક્ષણ અપાઈ રહ્યું છે, તે કેટલેક અંશે જગતને છેતરનારું છે-લૂંટનારું છે. ચોરી કરનારી વૃત્તિ કેળવે એવું છે. મનુષ્ય જેમ વધારે ભણેલો તેમ તે વધુ પ્રપંચી અને કાવાદાવાવાળો બને છે. આજના કેટલાક વકીલો, બેરિસ્ટરો અને ન્યાયાધીશોને

જોજો. તે કહે છે કે ચોરી કરીને આવો કે ખૂન કરીને આવો; પણ સાથે નાણુાંની કોથળી લેતા આવો. તમારો બચાવ કરવા બેઠા જ છીએ. શું આ જીવન છે ?

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે–જેમ ગધેડા ચંદનનાં લાકડાં ઉપાડી જતો હોય તો તેને કાંઇ સુગંધ મળતી નથી; પણ ભાર જ મળે છે. તેમ સદાચાર વિના માત્ર જ્ઞાનનો બોજ ઉપાડીને ફરનાર પણ એક પ્રકારનો ગધેડો જ છે. આપણી પાસે જે જ્ઞાન છે તેનો સદુપયોગ ન કરીએ તો તે આપણને અને જગતના લોકોને શા કામનું ? કરોળિયો અન્ય જીવને ફસાવવા માટે જાળ રચે છે, માખી કે બીજા જંતુને તેમાં ફસાવે છે પણ છેવટે પોતે પણ એમાં જ ફસાઇ જાય છે. આજનું શિક્ષણ પણ એની જેમ ફસાવે એવું છે ને ? "सा विद्या या विमुक्तये' આ સૂત્ર જે સામી દીવાલ ઉપર છે તેને તમે તમારા દિલની દીવાલ ઉપર કોતરો.

જે કેળવણી માણસને એવો બનાવે કે તે બીજાના ઉપર ભાર મૂકીને જીવે, તે કેળવણી પણ નથી અને તે લેનાર કેળવાયેલો માણસ પણ નથી. જીવનમાં ઓછામાં ઓછી જરૂરિયાત રાખો, સાદું જીવન જીવો, ઊંચા વિચાર રાખો, સાદો ખોરાક લો અને ઉચ્ચ જીવન બનાવો. એમ જે શિખવાડે તેનું નામ જ તાલીમ. એ કહે છે કે મગજદ્વારા નહિ પણ જીવનદ્વારા જીવન જીવતાં શીખો.

આ યંત્રયુગમાં તો મગજને પણ તસ્દી ન આપવી પડે એવાં યંત્રો શોધાયાં છે. યંત્ર ઉપર હજારો રકમના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર થાય છે. એવા યંત્રયુગમાં આપણે પ્રજાને શ્રમનું મહત્ત્વ સમજાવવાનું છે. આ કામ સહેલું નથી, કઠિન છે; પણ આ કઠિન કાર્ય કર્યા વિના આપણો આરો નથી,

આપણને શાન્તિ પણ નથી. માણસ પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખે, એ જ પાયાની કેળવણી કે જે કોઇના આધાર વિના જીવી શકે. અંગ્રેજી કેળવણી તો વેલ જેવી છે. તેને ઝાડનો ટેકો જોઇએ, પરંતુ બુનિયાદી કેળવણી તો વડના ઝાડ જેવી છે. તેને ટેકાની જરૂર નથી. તે અન્યને છાંયડો આપે છે; પક્ષીઓ તથા માનવોને વિશ્રામ આપે છે.

આત્માની જરૂરિયાત જેમ જ્ઞાન, સંયમ અને તપ છે, તેમ આપણા જીવનની મુખ્ય જરૂરિયાત ત્રણ છેઃ અન્ન, વસ્ત્ર અને ઓટલો. એ સિવાય તમામ જરૂરિયાત વધારાની છે, બોજારૂપ છે; માટે જીવનમાં જે ખોટી જરૂરિયાત દેખાય છે તેને પોષણ ન આપો. તેને વધારો નહિ. આપણી જરૂરિયાત ઘટાડો.

હાતિમતાઇએ મિજબાની આપી. તેમાં આખું ગામ આવ્યું પણ એક કઠિયારો ન આવ્યો. સાંજે કઠિયારો તેને મળ્યો ત્યારે તેને હાતિમતાઇએ પૂછ્યુંઃ 'કેમ ભાઇ, આખું ગામ જમવા આવ્યું તોય તમે ન આવ્યા ?' તેણે કહ્યું. 'જેના બાહુ સલામત છે, તેણે હાતિમતાઇને ત્યાં શું કામ જવું જોઇએ ?' એ પછી હાતિમતાઇને કોઇએ પૂછ્યુંઃ 'દાતા કોણ ?' ત્યારે એણે ઉત્તર વાળ્યો 'કઠિયારો.' કારણ કે જેને પોતાને માટે બીજાની પાસે હાથ ધરવો પડતો નથી તે જ શ્રેષ્ઠ દાતા. જે માણસને બીજાની વસ્તુ લેવાની જરૂર પડે તે પરાવલંબી છે. જે સ્વાવલંબી છે તે કોઇને લૂંટતો નથી. એને કોઇનીય સ્પૃહા નથી. આ પ્રકારનું જીવન જીવનાર કોઇની પણ સામે અણનમ મસ્તકે ઊભો રહી શકે છે. સાદું જીવન જીવનારો નિષ્કલંક હોય છે. એવું જીવન જીવીએ તો આભને આંબે એવું ઉન્નત માથું રાખી શકીએ. મહાત્મા આનંદઘનજી કહે છે કે જેમ કૂતરો આશા ધારણ કરીને ઘેર ઘેર ભટકે છે, તેમ વધારે જરૂરિયાતવાળો

પણ ભટકતો હોય છે, પરંતુ સ્વાવલંબી કોઇના ઘેર જતો નથી.

પહેલાં ગામડાંના લોકો પોતાનાં બાળકોને શિક્ષણ અપાવતા. તેના બદલામાં શિક્ષણ આપનારને માધુકરી આપતા. પણ તેનું સ્થાન સમાજમાં ગુરુ સ્થાન હતું. આજ તો પ્રોફેસરો પણ પંતુજી ગણાય છે. તે વખતે શિક્ષણ આપનાર વ્યક્તિ નિઃસ્પૃહી હતી. આજે તો ગામડે-ગામડે અને શહેરે-શહેરમાં સ્કૂલ, કોલેજમાં શિક્ષણ અપાઈ રહ્યું છે, પણ તે ભાડૂતી. આ શિક્ષણ ભાડૂતી ધાવમાતા બાળકને રમાડે એવું છે. એમાં સ્નેહ નથી, વાત્સલ્ય નથી, મમતા નથી; માત્ર બદલો લેવાની જ ભાવના છે. વધારે લેવું છે ને થોડું આપવું છે. અહીં અત્યારે યુરોપમાંથી થોડી બહેનો ભારતમાં આવી છે. તેઓ અહીં રહીને ભારતના કુટુંબજીવનનો અનુભવ લે છે અને અહીંના કુટુંબજીવનનો ખ્યાલ મેળવે છે. તેઓ મને મળવા આવ્યાં ત્યારે કહે કે 'યુરોપમાં તો વૃદ્ધો માટે અલાયદાં મકાનો તૈયાર હોય છે. ત્યાં તેમને રાખવામાં આવે છે.' આ વાત કેવી વિચિત્ર લાગે છે! માણસમાં જ્યાં સુધી રસકસ રહે, ત્યાં સુધી તેને ચૂસી લઇ પછી તેને ઓલ્ડ હાઉસમાં ( Old house ) મોકલી આપવો? કેવી ખોટી ભાવના? સાચું શિક્ષણ નહિ આવે તો મને લાગે છે કે ભારતમાં પણ કદાચ એવો વખત આવે!

આણંદના વલ્લભવિદ્યાનગરમાં મારે એક ભાઇ સાથે વાતચીત થઇ. તે ભાઇએ કહ્યું: 'ઇશ્વર કેમ દેખાતો નથી?' આ પ્રશ્ન સાંભળી મને એક ચિન્તકે આપેલો ઉત્તર યાદ આવ્યો. પછી મેં કહ્યું, 'તમે આ કાગળ ઉપર ઇશ્વર શબ્દ લખો.' પછી મેં કહ્યું: 'આના ઉપર એક રૂપિયો મૂકો,' અને એણે ખિસ્સામાંથી રૂપિયો કાઢ્યો અને એના ઉપર મૂકયો. મેં પૂછયું: 'હવે ઇશ્વર કયાં છે?' એણે કહ્યુ: 'ઈશ્વર રૂપિયા નીચે દટાઇ ગયો છે."

બસ આ જ વાત છે. ઈશ્વર–પરમાત્મા ધન નીચે દબાઈ ગયો છે. આજ રીતે પૈસાની નીચે જેમ ભગવાન દબાઇ ગયા તેમ કેળવણી નીચે માણસ દટાઇ ગયો છે. આજે સમાજમાં સૌ કોઇ પૈસા પાછળ પડયા છે. જેની પાસે પૈસા વધારે હોય તેને સમાજમાં વધારે માન મળે છે. આવા ધનલોભી કરતાં પશુ વધારે સારાં. તે પોતાના જીવન સુધી મૌનપણે સેવા બજાવે છે. અને મર્યા પછી પણ તેના ચામડાં, શીંગડાં, હાડકાં વગેરેથી કાંઈક આપતા જાય છે. માણસનું શું કામ લાગે છે!

શિક્ષકો આધુનિક ભારતના ઘડવૈયા છેઃ તેના પર સૌએ મીટ માંડી છે. તેની પાસે જે બાળકો શિક્ષણ કે સંસ્કાર મેળવવા આવે છે તેઓને એવું શિક્ષણ આપવું જોઇએ કે શિક્ષણ લેનારને થાય કે જેમ આપણાં શિક્ષક, જીવન જીવી ગયાં; તેમ અમે પણ અમારું જીવનં વિતાવીએ. શિક્ષકે ધૂળમાંથી માનવ બનાવવાનો છે.

એક વખત કોઇએ માટીના ઘડાને પૂછયું, 'ઘડા, તારી કિંમત કેટલી?' જવાબ મળ્યો ? 'બે આના.' 'બસ, બે જ આના ?' 'હા, બે આના,' ઘડો કહેવા લાગ્યો. 'મારી કિંમત બે જ આનાં કેમ છે તે સાંભળો. પ્રથમ'હું ઢેપું હતું. (ઢેપું નાન્યતર જાતિ) કુંભાર મને ગધેડા પર નાંખી પોતાને ઘેર લઇ ગયો. ત્યાં હું માટી બની.. (નારી જાતિ) કુંભારે મને ખૂંદી પિંડ બનાવી ચાક પર મૂકયો. મેં પુષ્કળ ઘુમરી લીધી. એટલે મારો આકાર થયો. કેટલોક ભાગ તેમાંથી કાપી નાંખી મને તડકામાં મૂકયો. હું પુરુષ બન્યો. (ઘડો) કુંભારે મને અગ્નિમાં નાંખ્યો. ત્યાં જે કાચા ઘડા હતા તે ફૂટી ગયા અને ફૂટયા તેનાં ઠીકરાં થયાં, ઠીકરાં શું કામ લાગે છે તે તમે જાણો છો? કચરો ઉલેચવા. તેમ જે કાચા માણસ છે તેની પણ એ જ દશા થાયઃ હવે બાકીના

જે સાંગોપાંગ રહ્યા તેમને કુંભાર લઇ આવ્યો અને રસ્તા પર પ્રદર્શન ભર્યું. તેને બહેનો કાંઇ એમ ને એમ લે છે? લેતાં પહેલાં ટકોરો લગાવે છે. ટકોરામાં હું પાસ થયો તો મારી કિંમત થઈ. મૂલ્ય ભલે બે આના છે પણ મારું સ્થાન કયાં છે? સ્ત્રીના માથા ઉપર; સૌથી ઊંચે.'

આ વાત કહીને હું એ કહેવા માગું છું કે જે આદર્શ શિક્ષક હશે તે ઊંચે સ્થાને બિરાજશે, નહિ તો ઠીકરાં તો છે જ.

# જીવનશિક્ષણ

[અમદાવાદ શ્રી જૈન શ્વેતાંબર મૂ૦ વીસાશ્રીમાળી શ્રાવકની જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટફંડ તરફથી તા. ૮-૧-૫૬ ના વિસાશ્રીમાળી જૈનવાડીમાં 'જીવનશિક્ષણ-પર આપેલ પ્રવચન.]

माता वैरी पिता शत्रुः, येन बालो न पाठ्यते ।
न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा ॥

જેણે પોતાના સંતાનને જીવનશિક્ષણ આપ્યું નથી તે માતા વૈરી છે અને પિતા શત્રુ છે.

હંસોની સભામાં જેમ કાગડો શોભતો નથી તેમ જીવનશિક્ષણને નહિ પામેલ સંતાન પણ એવી સભામાં શોભતું નથી.

આજના મારા પ્રવચનનો પ્રારંભ હું એક પ્રસંગકથાથી કરીશ. થોડા વર્ષો પહેલાંની વાત છે. એક વૃદ્ધ રસ્તાની એક બાજુ આંબો રોપી રહ્યો હતો. ત્યાં થઇને બે યુવાનો પસાર થયા. એમણે જોયું કે પોણોસો વર્ષનો વૃદ્ધ વૃક્ષ રોપી રહ્યો છે. એમને હસવું આવ્યું. એમણે કહ્યું, "ડોસા, તમને આ શી માયા લાગી છે? આજ વાવો છો તે વૃક્ષ ઊગશે ક્યારે અને એનાં ફળ તમે ખાશો ક્યારે?" વૃદ્ધે નમણું હસીને જે ઉત્તર આપ્યો તે તો હૃદયમાં સદા કોતરી રાખવા જેવો છે. "ભાઈ, માર્ગની બંને બાજુએ ઊભેલા વૃક્ષો આપણા પૂર્વજોએ વાવ્યાં, તો એની છાયા અને એનાં ફળનો લાભ આપણને મળ્યો. હવે આજ આપણે વાવીને જઇશું, તો એનો લાભ આવતી કાલની પેઢીને મળશે. આપણે ગઈ કાલ પાસેથી કાંઇક લીધું હોય તો આવતી કાલને આપણે કાંઇક આપવું જોઇએ. આમ કરવું એ માયા નથી, પણ માનવતા છે."

આ પ્રસંગ આજના પ્રસંગને અનુરૂપ છે. સમાજનો આપણા ઉપર ઘણો ઉપકાર છે. આપણે જે કેળવણી લીધી છે, તેની પાછળ કેટલાય વૃદ્ધોનો શ્રમ છે, આત્મત્યાગ છે. આ ગિરધરભાઈ જેવા વૃદ્ધોને જોઉં છું અને આંબો વાવનાર વૃદ્ધ મને યાદ આવે છે. આજે કેળવણી પામેલા, કેળવાયેલા આ કાર્યની પાછળ ભોગ આપનારાઓનો વિચાર કરી પોતે ભોગ ન આપે તો કેળવણી લાજે નહિ? ઇમારતનો આધાર એના રંગ–રોગાનથી નથી, પણ એના પાયામાં પૂરાયેલા પથ્થરા, ચુના અને ઇંટથી છે. ઇમારતની મજબૂતાઇ જેમ પાયાને આભારી છે તેમ આપણી ઉન્નતિ આજ સુધી આ પ્રવૃત્તિ પાછળ જેણે ભોગ આપ્યો છે તેને આભારી છે. આંબો રોપનાર તેના ફળની આશા વિના તેની ભાવી પેઢીના ભલા માટે વાવે છે, તેમ આપણે પણ ભાવી પેઢીના ભલા માટે

કાંઈક કરવું જોઇએ; તો જ સમાજ ઉત્કર્ષને માર્ગે આગળ વધે. એક જ્યોતનો પ્રકાશ બીજાને આપતા જવું કે જેથી એ જ્યોતની પરંપરા અખંડ રહે.

આજે હું જોઈ રહ્યો છું કે જ્ઞાતિમાં જ નહિ, સમાજ, દેશ કે રાજ્યમાં-જ્યાં જુઓ ત્યાં વૃદ્ધો યુવાનોની અદાથી કામ કરી રહ્યા છે. જવાહરલાલજી અને વિનોબાજી યુવાનોને શરમાવે એવા જુસ્સાથી આગળ વધી રહ્યા છે. યુવાનોએ એમાંથી પ્રોત્સાહન મેળવવું જોઇએ, એ જ રીતે જ્ઞાનની પરબમાંથી જેણે લાભ લીધો હોય તેણે આ કાર્યને આગળ વધારવા પોતાનો હિસ્સો આપતા આગળ વધવું જોઇએ. એનું નામ જ સાચો વારસો છે.

## સિંહ જોઇએ, ઘેટાં નહિ!

લોકો આજની કેળવણીને વખોડે છે, વિદ્યાપીઠોને ભાંડે છે; પણ ખરી રીતે એ કેળવણી ખરાબ નથી, પણ એમાં પેઠેલા દૂષણોએ આ પરિસ્થિતિ ઊભી કરી છે. આ દૂષણોને ટાળવા યુવાનોએ કમ્મર કસવી જોઇએ; સંસ્કાર અને સંયમનું હવામાન ઊભું કરવું જોઇએ.

ચારિત્ર એ અમારું જીવન છે, આશા એ અમારા પ્રાણ છે અને જીવનની સ્વસ્થતા એ અમારું સર્વસ્વ છે, એમ જ્યારે વિદ્યાર્થીઓને લાગશે ત્યારે તે વખણાશે અને આજે જે કેળવણી વખોડાય છે તે પ્રશંસાને પાત્ર બનશે.

આટલા આટલા વર્ષોથી તમે આ પ્રવૃત્તિ ચલાવો છો; પણ પ્રથમ કક્ષાએ આવે એવા કેટલા તૈયાર થયા? જેનું નામ આંગળીને ટેરવે આવતું હોય એવો એક પણ તૈયાર ન થયો હોય તો વિચારવું ઘટે કે આપણે ત્યાં સિંહ તૈયાર થયા છે કે ઘેટાં?

પ્રાચીન ભારતની પુણ્યતીર્થ જેવી તક્ષશિલા, નાલંદા અને વલ્લભીની વિદ્યાપીઠોનું સ્મરણ કરતાં આપણું હૃદય ગૌરવથી છલકાઇ જાય છે. જ્ઞાનના પુંજ અને તેજના પુવારા જેવા ચારિત્રવાન વિદ્યાર્થીઓથી આપણો દેશ, આપણો ધર્મ, આપણો સમાજ અને આપણો ઇતિહાસ ઉજળો છે. ચીનના મહાયાત્રી હ્યુયેનશાંગ જેવાને એમનો ઉલ્લેખ, પોતાની સ્મૃતિ-નોંધમાં કરવો પડ્યો છે.

આજના કેટલાક યુવાનો તો વાળ, કપડાં અને બુટની ટાપ-ટીપમાંથી જ ઊંચા નથી આવતા. આવા યુવાનો પણ પ્રથમ કક્ષાએ તો આવતા જ હોય છે. પણ શામાં ? સિનેમા અને નાટકના નટ-નટીઓની પસંદગી કરવામાં ! આમ કહીને હું મારા યુવાન મિત્રોને ઉતારી નથી પાડતો; હું તો એમને જાગૃત કરવા માગું છું, ચેતવવા માગું છું. આવતી કાલ ઉપર મને પૂર્ણ વિશ્વાસ અને આશા છે; કારણ કે આ યુગમાં પણ આત્મતર્પણ અને સંયમથી શોભતા કેટલાએ ભણેલા આપણી નજર સમક્ષ છે, જે આપણી શ્રદ્ધા અને આશાના પ્રતીક છે. હું તો એટલું જ કહું છું કે દૂષણોને દૂર કરી કેળવણીને નિષ્કલંકિત બનાવો.

જ્ઞાતિવાદમાં કેટલાંય દુષણો અને દુર્ગુણો પેઠા છે, જેનો ઇતિહાસ લાંબો છે. છતાં એના ફાયદા પણ એટલા જ છે. દુષણોને દૂર કરી, આપણે એ દ્વારા લાભ ઉઠાવવાનો છે. આજે વિદ્યાર્થીઓને છ માસની ફીની આવડી મોટી ( લગભગ અડતાલીસ હજાર જેટલી ) રકમ અપાય છે અને વિદ્યાર્થીઓને અધ્યયનમાં જે સહાયતા મળે તે જ્ઞાતિને આભારી છે. હું તોડવા કરતાં જોડવામાં માનનારો છું, એટલે જે છે તેમાંથી સારું લેવાનું છે અને ખરાબને છોડવાનું છે.

તમે જગતને સુધારવા માંગો છો? ભલે, સુધારો. પણ તમે જ્યાં છો ત્યાંથી શરૂઆત કરો. તમે તમારા ઘરથી કચરો કાઢવાની શરૂઆત કરો. ઘરને વાળી, કચરો ઘર બહાર લઇ જાઓ. પછી શેરીનો કચરો ગામ બહાર લઇ જાઓ. અને ગામનો કચરો દેશ બહાર લઇ જાઓ. દેશનો કચરો દુનિયાની બહાર લઇ જાઓ. અને અંતે એને દરિયામાં ફેંકી દો. પણ આજે તો દુનિયા વામ-માર્ગે ચાલે છે, ઊંધે માર્ગે ચાલે છે. મને યાદ છે કે દેશમાં લડત ચાલતી હતી ત્યારે કેટલાએ યુવાનો હાથમાં ઝાડુ લઇ આખો બજાર વાળી આવતા, પણ એની મા માંદી હોય અને ઘરનું આંગણું વાળવાનું હોય તો ના કહી ચાલવા માંડતા. તે વખતે સેવા જાણે ફેશન હતી. આવા માણસો દુનિયાનો કચરો વાળવા નીકળે. એ કચરો પોતાના દેશમાં લાવે, દેશનો પોતાના ગામમાં, ગામનો પોતાના મહોલ્લામાં અને મહોલ્લાનો પોતાના ઘરમાં લાવે. આનું નામ જ વામ–માર્ગ! હું તો કહું છું કે પહેલાં તમારી જાતને સુધારો. પછી ઘર અને જ્ઞાતિને સુધારો, એ રીતે ચારે બાજુથી સુધારો આવશે તો આપણો ધર્મ, સમાજ અને દેશ જરૂર મહાન અને બળવાન બનશે.

આજની કેળવણી જીવનને માર્ગદર્શક ત્યારે જ બને કે જ્યારે એ કેળવણીને ધર્મનું માર્ગદર્શન હોય. કેળવણીકારોએ ધર્મને આઘો મૂક્યો છે. આવા સંજોગોમાં યુવાનોમાં ધર્મનું તેજ આવે ક્યાંથી? એટલે હવે આ કામ જ્ઞાતિઓએ અને સમાજે ઉપાડી લેવાનું છે અને ધર્મનું હવામાન ઊભું કરવાનું છે. એક રીતે સુધરેલી વ્યક્તિ અનેક રીતે ઉપયોગી થશે. કારણ કે એક જ માણસને જીવનના કેટલા અંગો છે? ધર્મની દૃષ્ટિએ ધાર્મિક છે. જ્ઞાતિની દૃષ્ટિએ જ્ઞાતિજન છે, સમાજની દૃષ્ટિએ

સામાજિક છે, દેશની દૃષ્ટિએ રાષ્ટ્રીય છે અને જીવનની દૃષ્ટિએ વ્યક્તિ છે. આ રીતે કોઈપણ જ્ઞાતિનો એક સંસ્કારી અને સંયમી માણસ ધર્મ, સમાજ, દેશ અને જીવનને ગૌરવરૂપ થઈ પડે છે અને એની સંસ્કાર છાયા સમગ્ર વર્તુલ ઉપર પડે છે.

પણ વાત સાચી છે. આજે આપણી આસપાસની હવામાં અમરત્વની ભાવના કયાં છે? એ ભાવના સાચા ધાર્મિક શિક્ષણથી લાવી શકાય. આધ્યાત્મિક વિચાર વિના એ અમરત્વનો ખ્યાલ કોણ આપે? આધ્યાત્મિક જ્ઞાન જ જીવનની અસ્મિતા પ્રગટાવી શકે, એટલે દુન્યવી જ્ઞાન સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ મળો એમ આપણે ઇચ્છીએ.

હમણાં એક ભાઇ બોલ્યા : “ દાન દેનારા ઘણા છે, પણ લેવા જનાર નથી. ” આ વાકય શેઠશ્રી કસ્તુરભાઇએ થોડા દિવસ પહેલાં ઉચ્ચાર્યું હતું. એમનો અનુભવ સાચો છે પણ સાથે સાથે એ પણ સાચું છે કે જેવાં તેવાં તકલાદી કાર્યો ઊભાં કરવાથી પૈસા નથી મળતા. કાર્ય સાચું જોઇએ, નક્કર જોઇએ, અને એ કાર્યની પાછળ કાર્ય કરનાર સાચો આત્મા જોઇએ. આત્મા સાચો હશે તો સહાયતા એક નહિ તો બીજેથી મળી રહેશે. કાર્ય કદી નહિ અટકે.

આ પ્રસંગે જે એક વાત યાદ આવે છે તે એ છે કે–કેટલાક લક્ષ્મીનંદનો પોતાના પૈસાને વિલાસને માર્ગે વાપરી રહ્યા છે, જેના પાપે સમાજની સંસ્કારિતાનો ધ્વંસ થઈ રહ્યો છે. પૈસો સારે માર્ગે ન વપરાય અને ખરાબ માર્ગે વપરાય, વિલાસને માર્ગે ખરચાય તો જાણજો કે એ અન્યાય અને માનવ શોષણમાંથી આવેલ છે અને એ જેની પાસે હોય તેનો વિનાશ કર્યા વગર નહિ રહે.

તમે જોયું ને કે રાજાઓના રાજ્ય ગયાં, તો આ ખોટી રીતે

આવતો અને ખોટી રીતે જતો પૈસો નહિ અટકે? આ સિવાય, અહીં સ્મશાનની સામે જ ઈન્કમટેક્ષ ઓફિસ છે. એ સૂચવે છે કે દુનિયામાં વાપરીને આવો, સારા કામમાં નહિ વાપરો તો Death Duty અહીં ભરવી પડશે. જમાનો કેવો આવ્યો! માણસ શાંતિથી મરી પણ ન શકે! મરતી વખતે ટેક્ષ અને મર્યા પછી પણ ટેક્ષ! પૈસો હાથે ન વાપરવાનું આ પરિણામ!

બંગાળમાં ભારતેન્દ્ર હરિશ્ચંદ્ર નામના એક ધનપતિ થઇ ગયા. એ ઉદારતાપૂર્વક પૈસો વાપરતા. એમના સ્વજનો અને મિત્રોએ કહ્યું: "તમે પૈસાને પાણીની જેમ કેમ વાપરો છો?" એણે હસીને ઉત્તર આપ્યો: "આ સંપત્તિ મારા બાપને અને મારા દાદાને ખાઇ ગઈ. મને પણ એ ખાવા માગતી હતી. પણ મેં વિચાર્યું કે એ મને ખાઈ જાય તે પહેલાં હું જ એને ખાઈ જાઉં.'

હું પણ આપને એ જ સલાહ આપું કે એ તમને ખાઇ જાય એ પહેલાં તમે એને ખાઈ જાઓ. એને એમ કરવાથી તમે એક સામાન્ય સંપત્તિના બીજમાંથી મહાન્ સંપત્તિના અમર વૃક્ષને ઊભું કરશો કે જેને કાળ પણ નહિ ખાઇ શકે.

આ સિવાય મારે આપને ખાસ વાત કહેવાની છે કે આવાં કાર્યોમાં મોટામાં મોટું ભયસ્થાન તે મોટાઇનું છે. એક માણસ કામ કરે ત્યારે બીજો વિચારે કે એ મને કયાં પૂછીને કરે છે? કરવા દો એને. હું પણ જોઉં છું કે એ કેવી રીતે કરે છે! એમ વિચારી કામ કરનારને સહાયતા આપવાને બદલે એને તોડવા પ્રયત્ન કરે, કાં એના કામમાં અંતરાય નાખે, અને એ રીતે પોતાની મહત્તા બતાવે.

પણ યાદ રાખજો કે ક્ષણભરની માણસની અહમ્‌ની તુચ્છતાથી માણસનો વિકાસ નથી થતો પણ વિનાશ થાય છે. એકબીજાના પૂરક બનો, એક બીજાને ટેકો આપો અને એકબીજાને આગળ વધારો.

જ્યાં સંપ છે, ત્યાં જંપ છે. Unity is Strength એક તાંતણો હોય તો તૂટી જાય, પણ તાંતણાનો સમુદાય હોય તો દોરડું બને અને તે હાથીને પણ બાંધી શકે. એક ઈંટ હોય તો તૂટી-ફૂટી જાય, પણ ઈંટો સમુદાયમાં ગોઠવાય તો ભવ્ય મકાન બને અને હજારોને આશ્રય આપી શકે. ઊનના એક દોરાથી શરીર ઢંકાતું નથી પણ એકબીજામાં ગૂંથાય છે ત્યારે તે વસ્ત્ર બને છે અને માનવીને ઢાંકે છે અને માનવીને શિશિરમાં પણ હૂંફ આપે છે, તો આપ પણ આવી જાહેર પ્રવૃત્તિઓમાં એકબીજાની ત્રુટીઓ ધ્યાનમાં ન લેતાં ગુણોને ધ્યાનમાં લઈ, સંપથી સહકારથી કાર્ય કરશો તો જરૂર પ્રગતિ સાધશો. અંતે આપ સૌને એક જ કહેવાનું કે અત્તરનું પૂંમડું જેમ વાતાવરણને સુવાસથી ભરે છે તેમ આપ પણ આપના જીવનને સત્કાર્યોની સુવાસથી ભરો એવી શુભેચ્છા.

# દિવ્ય દૃષ્ટિ

જૈન મર્ચન્ટ સોસાયટીમાં ૨૩-૧-૫૫ના દિવસે આપેલું એક વિચારપૂર્ણ પ્રવચન

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-
दुःखस्य नाशाय सुखस्य हेतोः
तथापि दुःखं न विनाशमेति
सुखं न कस्यापि भजेत स्थिरत्वम् ॥

બધે સૌની રોજની પ્રવૃત્તિ દુઃખના નાશ માટે અને સુખની પ્રાપ્તિ માટે છે, છતાં દુઃખનો નાશ થતો નથી અને સુખ સદા ટકતું નથી.

# દિવ્ય દૃષ્ટિ

## ભયની છાયા

આજે સર્વત્ર ભય છે. ભય વિનાનો માણસ વિરલ દેખાય છે. માનવજાત જાણે ભયના સાગરમાં ડૂબી રહી છે અને હવામાં પણ ભયનો ફફડાટ છે. મુખથી ઘણા કહે છે: ' અમારે કોની બીક છે? અમે તો નિર્ભય છીએ ' પણ એ તો વાચા બોલે છે. હૃદય શું કહે છે? હૃદય એમ કહી શકે ખરું કે, મને કોઈનો ય ભય નથી ? વાચા જ્યારે અભયની વાણી ઉચ્ચારતી હોય છે ત્યારે પણ હૃદય તો ધ્રૂજતું હોય છે અને ભયના ઓળા જોતું હોય છે!

ભોગીને રોગનો ભય છે. ભોગ પછી રોગ તો નહિ આવે ને? એ ફફડાટમાં ભોગમાં પણ શોક દેખાય છે. ધનવાનોને ચોરનો ભય છે, ટેકસોનો ભય છે, અગ્નિનો ભય છે, સામ્યવાદનો ભય છે. પ્રધાનોને સત્તા ચાલી ન જાય તેનો ભય છે. વિદ્વાનને પરાજયનો ભય છે. ગુણવાનને દુર્જનોનો ભય છે. દેહધારીને મૃત્યુનો ભય છે; ગમે ત્યાં જાઓ, ભય જ દેખાય છે. હા, વૈરાગ્ય એક એવી વસ્તુ છે, જેને કોઈનો ય ભય નથી. વૈરાગી તો મૃત્યુ સામે પણ મોરચો માંડી શકે. વિરાગ થોડો પણ હૈયામાં હોય તો માણસ અભયનો આનંદ માણી શકે. માણસ આટલો ડરપોક, કાયર અને ભીરુ દેખાય છે એનું કારણ એ કે એને જડ વસ્તુઓમાં અસક્તિ છે. એનું મોં સિંહ જેવું છે, પણ હૈયું શિયાળ જેવું છે. માણસ હૃદયથી સિંહ જેવો શૂરો કઈ રીતે થઈ શકે તે વિચારવાનું છે.

કબાટમાં વસ્તુ મૂકેલી હોય પણ ચાવી આપણા હાથમાં ન હોય તો વસ્તુ જોઇએ ત્યારે ન મળે. રસોડામાં સુંદર વાનગી બનાવેલી હોય, એની સોડમ બહાર આવતી હોય પણ રસોયો તાળું દઇ ચાવી લઈ બહાર ચાલ્યો ગયો હોય તો વસ્તુ આપણી હોવા છતાં અવસરે આપણને મળતી નથી. કોઇ પણ વસ્તું પ્રાપ્ત કરવા એની ચાવી જોએ.

અમરત્વ અભયના ઓરડામાં છે પણ અભયની ચાવી જે વીતરાગતા છે તે આપણી પાસે નથી. વીતરાગતા વિના અભયનાં દ્વાર કઇ રીતે ખૂલે? આપણે રાગના હાથમાં રમી રહ્યા છીએ. પરાધીન છીએ. સ્વાધીન નથી અને સ્વાધીનતા વિના સુખ સ્વપ્ને ય કયાં છે? ધારો કે તમે સેઇફ ડિપોઝિટ–વોલ્ટમાં. રૂપિયાની થેલીઓ મૂકી છે. રૂપિયાની તમારે એકદમ જરૂર પડી. ઘેરથી લેવા નીકળ્યા, પણ રસ્તામાં હુલ્લડ ફાટી નીકળ્યું. તો સેઇફમાં મૂકેલા તમારા રૂપિયા અવસરે તમારે શા કામના? પરાધીનતાના કારણે તમારી વસ્તુ તમારી નથી.

આજે આપણે નિર્ભય થઇને ફરીએ છીએ પણ તે અભય આપણો નથી, બીજાને લીધે અભય છીએ. જેમ પાકિસ્તાન અમેરિકાના બળ ઉપર કૂદે છે, પણ તે પોતાનું નથી. પારકું છે, પારકા બળ પર ઝઝુમનાર કાયર છે. તેમ ભૈયા ને ચોકિદારોથી અભય મેળવનાર–નિર્ભય થઇ ફરનાર–પણ કાયર છે. અભય અંતરથી બનો. એક કવિ કહે છે:

પ્રાણ જાવેં દેહ તજકે, આજ હી યા ભલે હી કલ
ન મુઝકો દોષ દો કોઈ કિ થા ડરપોક મરનેકા

જ્યાં સુધી અંતરમાં ભય છે ત્યાં સુધી માણસથી કાંઇ જ થઇ શકે નહિ. અમરત્વને માર્ગે ડગલું ભરવું હોય તો અભય

થવું જોઇએ. આજકાલ રેડિયો પર પણ શ્રી આનંદઘનજીનું પદ આવે છે.

અબ હમ અમર ભયે ન મરેંગે.

આ મહાન ગીત રેડીયો પર આવે એટલે એમ ન માનતા કે ઘર ઘરમાં અમરત્વનું ગુંજન થઈ ગયું છે! આ ગીત હૈયામાં ગુંજવું જોઇએ. હૈયામાં એ ત્યારે જ ગુંજે કે જયારે માણુસનું મન વીતરાગતા તરફ ઢળે.

સિંહણુનું દૂધ સુવર્ણુના પાત્રમાં જ ટકે. ઠીકરામાં લો તો પાત્ર પણુ ફૂટે અને દૂધ પણુ જાય. લાયકાતવાન પાત્રમાં જ યોગ્ય વસ્તુ ટકે છે.

આજ તો જાણે બધા મહાન થઈ ગયાં છે. બધા જ પોતાની જાતને પાત્ર માને છે. પચાસ હજારની મોટરમાં બેસીને આવે અને વિરાગની, ત્યાગની, સંયમની વાતો ઊંચા મંચ પરથી લલકારે. પોતે મેવા મીઠાઈ ઉડાવે અને લોકોને શકરિયાના લોટનો ઉપયોગ કરવાની અને એક ટંક ભૂખે રહેવાની ભલામણુ કરે, આવા આચારહીન વિચારહીન, માણુસોનો શંભુ મેળો ભેગો થવાના કારણે જ કેટલીક મહાન સંસ્થાઓની પણુ બદનામી થઇ રહી છે. થોડા સાચા માણુસો જે કરી શકશે તે ખોટા લાખો ભેગા થઇને પણુ નહિ કરી શકે.

કાચા ઘડામાં પાણી ભરીએ તો ઘડો ફૂટે ને પાણી નકામું જાય માટે એને પાકો થવા દો. અગ્નિમાં–ભઠીમાં તપવા દો. પછી ટકોરા મારીને લો. એવા પાત્રમાં જે વસ્તુ મૂકશો તે દીપી નીકળશે.

આ પાત્રતાને પિછાનવા દૃષ્ટિ જોઇએ. આંખ જોઇએ. તમે કહેશો કે 'આંખ તો છે અને તેથી જ તો અમે જોઈ શકીએ

છીએ.' સાચી વાત છે, આપણી પાસે આંખ છે, પણ તે ચામડાની છે. સત્યને જાણવા માટે તો આત્માની આંખ જોઈએ. દિવ્ય નયન જોઈએ. મહાત્મા આનંદઘનજી ગાય છે.

ચર્મ નયને કરી માર્ગ જોતો, ભૂલ્યો સકલ સંસાર;
જેણે નયને કરી માર્ગ જોઈએ, નયન તે દિવ્ય વિચાર.

આત્માની આંખ વિના ચામડાની આંખથી જીવન પંથ શોધનાર માનવી આજ ભૂલ્યો છે. માત્ર ચર્મ–નયનથી જ જીવન-પંથને શોધનારનો અંતે વિનિપાત થાય છે. અંતરની આંખ વિનાના માણસની મને એક વાત યાદ આવે છે.

**અંતરનાદ:**

ભાવનગરમાં 'અંતૃરનાદ' ઉપર મેં વ્યાખ્યાન આપેલું. એ વ્યાખ્યાન સાંભળ્યા પછી એક પરિચિત ભાઈ મળવા આવ્યા. મને કહે: 'મહારાજશ્રી આપ અંતરનાદને તો માનો છો ને? એ નાદને અનુસરવું એ માનવીનો ધર્મ છે ને?' મેં 'હા' કહી. ત્યારે એ કહે: 'મારે પણ અંતરમાંથી અવાજ આવે છે.' મેં પૂછ્યું: 'અવાજ શું કહે છે?' એ કહે: 'લગ્ન કરવાનું.' મને જરા આશ્ચર્ય થયું. મેં કહ્યું: 'તમે તો પરણેલા છો ને?' એ કહે: 'હા, એ ખરું પણ બીજી વાર પરણવાનો અવાજ આવે છે. પહેલાની પત્નીમાં કાંઈ જ નથી. નથી રૂપ, નથી જ્ઞાન, નથી ગુણ કે નથી સૌન્દર્ય; કાંઈ જ નથી.'

મેં કહ્યું: 'એ તમારા અંતરનો અવાજ નથી પણ શેતાનનો છે. તમે બંનેના અવાજને જાણતા નથી એટલે આ ગોટાળો ઊભો થયો છે. અંતરનાદ હોત તો તે એમ જ કહેત કે, જે છે એમાં સંતોષ માન–અને તારામાં કાંઈ વિશિષ્ટ તત્વ હોય તો તે એ અભણમાં રેડીને એને જ ગુણવતી જ્ઞાનવતીને સંસ્કારવતી બનાવ!'

મારી આ વાતની એમના પર કેટલી અસર થઈ તે હું જાણુતો નથી પણ એમણે મારી આગળ તો કબૂલ કર્યું કે એ શેતાનનો અવાજ પણ હોઇ શકે.

દિવ્ય દષ્ટિનો અભાવ માણસને કેવો બનાવી મૂકે છે!

જીવનમાં સંયમ હોય, આંખમાં અવિકાર હોય, ઈન્દ્રિયો ઉપર કાબૂ હોય અને મનમાં મક્કમતા હોય ત્યારે જ દિવ્યતા પ્રાપ્ત થાય છે. અને આવી દિવ્યતાવાળા માનવીના અંતરનો અવાજ એ જ અંતરનાદ.

બિલ્વમંગળ સાધુ થયો, પણ એ એની પ્રિયા ચિંતામણિને ન ભૂલ્યો. એ પ્રત્યેક વસ્તુમાં ચિંતામણિને જ જોવા લાગ્યો. જળમાં, સ્થળમાં, આકાશમાં અને ફૂલમાં પણ એને એની પ્રિયા જ દેખાવા લાગી. ભગવાનની મૂર્તિમાં પણ એ પોતાની પ્રેયસીને જ જોતો. એથી એ ત્રાસ્યો. એને લાગ્યું, પોતાની દષ્ટિમાં પાપ છે, આંખો પરવશ છે. અને એક દિવસ એણે પોતાની આંખો ફોડી નાંખી. સુરદાસ બન્યો. એને અંતરની આંખો લાધી.

આંખોમાં દિવ્યતા ન હોય તો એ ન કરાવવાનું પણ કરાવે. જે દષ્ટિ માણસને હેવાન બનાવે એને તે દષ્ટિ કેમ કહેવાય? વિકૃતિ આવે તો પવિત્ર રૂપને પણ એ પાપભાવથી જુએ, કોઈનું સુખ જોઇ ઈર્ષા કરે, બીજાને આનંદી જોઈ બળ્યા કરે, અને પોતે પાપના માર્ગે જાય. આંખો તો તારે, ખાડો આવે તો બચાવે. આંખો હોવા છતાં ખાડામાં પડે તો એના કરતાં તો અંધની લાકડી સારી. આંધળો માણસ લાકડીના આધારે ખાડામાં પડતો તો બચે ને?

તમે દેખતા છો. તમે કોઇની સાથે અથડાઈ પડો તો સામો માણસ શું કહે? "જુઓ છો કે નહિ?" આંધળો હોય અને

કોઇની સાથે અથડાય તો એ ઠપકાને પાત્ર નહિ, ઉલટો દયાને પાત્ર "બાપડો, દેખતો નથી" એમ કહી, એના ઉપર કરુણા આવે. પણ તમે દેખતા અથડાઓ તો ગુનેગાર ખરાને? આંખોવાળો માણસ વિકારોના ખાડામાં પડે, વિષયો સાથે અથડાઇને આત્માના ચૂરેચૂરા કરી નાંખે તો કહેવું પડે ને કે દૃષ્ટિવાળો હોવા છતાં અંધ છે. આ અંધતા ક્યારે જાય? જ્યારે એમાં દિવ્યતાના અંજન થાય ત્યારે. આ અંજન અંજાયા પછી આપણે આ જીવનમાં જે વસ્તુ શોધવા નીકળ્યા છીએ તે વસ્તુ મળતા વાર ન લાગે.

આપણા માર્ગદર્શક પણ દિવ્ય દૃષ્ટિવાળા હોવા જોઇએ. તમે અર્થ અને કામમાં રચ્યાપચ્યા રહેલા ગુરુઓ પાસે માર્ગ-દર્શન માગો તો એ શું આપે? એ જ બાપડા માર્ગ ભૂલ્યા છે ત્યાં એ બીજાને શું ચીંધે? આંધળા નેતાને ચૂંટનાર પ્રજા ખાડામાં જ પડે ને! ગુરુ ત્યાગી જોઇએ, અર્થ અને કામથી અલિપ્ત જોઇએ. નરસિંહ મહેતાએ પણ કહ્યું છે: "કંચન અને કામિની, ચોકી આડી શ્યામની." એટલે ગુરુ ચૂંટવામાં પણ વિવેક જોઇએ. એવો વિવેક હોય તો સદ્ગુરુને પામી શકીએ અને કુગુરુઓથી બચી શકીએ. આજે જગતમાં કુગુરુઓનો રાફડો ફાટ્યો છે. એટલે ગુરુને પિછાનવા પણ વિવેક જોઇએ.

## મગજ એક બગીચો

રસ્તા ઉપર થઈને આપણે પસાર થતા હોઇએ તો હજારો વસ્તુઓ આપણા જોવામાં આવે. જોયેલી બધી વસ્તુઓ મગજમાં ભરી રાખીએ તો આપણું મગજ એક નકામો કચરો ભરવાની વખાર થઈ જાય. અને પરિણામે એમાં અંધકાર અને ક્ષુદ્ર જંતુઓ ભરાઈ જાય. આપણું મગજ વખાર બનાવવા જેટલું

સસ્તું તો નથી જ, માટે જોયેલી વસ્તુઓમાં ગ્રહણ અને ત્યાગનો વિવેક જોઇએ; યોગ્ય વસ્તુનો આદર અને અયોગ્યનો ત્યાગ.

માળી જેમ છોડવાઓને રોપે છે અને નકામા છોડવાઓને ઉખેડી નાંખીને બગીચાને નયનમનોહર અને સુંદર બનાવે છે તેમ આપણા મગજને પણ એક સુંદર બગીચો બનાવવો જોઇએ. પણ શું સુંદર બગીચો વાતો કર્યેથી બની જાય? આપણે પણ માળીની જેમ સારા વિચારોના છોડવાઓ મગજના ક્યારામાં રોપીએ અને ખરાબને દૂર કરીએ તો એ બને. પછી એ સ્થાનમાં કેવી શાંતિ મળે! કેવો આનંદ આવે! કેવી સુરભિની છોળો ઊછળે! પછી આપણને એ સ્થળમાં અશાંતિનો અનુભવ થાય ખરો! એ સ્થળમાં તો આપણે ઠંડા, શાંત અને પુલકિત થઇ વિહરવાના. પણ આપણે આપણા આ સુંદર બગીચાને નકામા વિચારો ભરી અરણ્યમાં ફેરવી નાંખ્યો છે, જ્યાં એકલા જતાં આપણને પોતાને પણ ક્ષોભ થાય છે. જાણે ચારે બાજુ ભયના ભણકારા વાગતા ન હોય! જાણે આમથી આવશે કે તેમથી આવશે! આજ આપણું મગજ સુંદર બગીચો મટી ભયાનક અરણ્ય બન્યું છે; ત્યાં ફૂલ અને બુલબુલ નથી પણ કાંટા અને કાગડા છે; ત્યાં પ્રેમની ખુશબો નથી, પણ પાપની બદબો છૂટે છે.

માણસમાં દિવ્યતા આવે તો એની દૃષ્ટિમાં ફેર પડી જાય છે. એ સારું અને ખરાબ પારખી શકે છે.

**એક દૃશ્ય**

એક ગામ બહાર સરોવરની પાળે એક નવજુવાન સ્ત્રીનું શબ પડયું હતું. એના શરીર પર અનેક અલંકારો હતા, મુખ

પર શાંતિ હતી; જાણે પ્રગાઢ ઊંઘમાં ન હોય એમ એ પડી હતી! આ મુસાફર સ્ત્રીનું શબ જોવા આખું ગામ ભેગું થયું. પહેલાં એક ચોરની નજર એના પર પડી. એના મનમાં થયું–હું મોડો પડયો, જો પહેલાં આવ્યો હોત તો કેવું સારું થાત! આટલા બધા અલંકારો મળ્યાં હોત તો બે પાંચ વરસની પીડા ટળી જાત."

તે સમયે કામી વિચારી રહ્યો હતો–'શું મત્ત યૌવન છે! જીવતી મળી હોત તો જન્મારો સફળ થઈ જાત!" દૂર દૂર એક શિયાળ સંતાઇને જોઈ રહ્યું હતું, એ વિચારતું હતું: "આ શબને મૂકીને આ લોકો ચાલ્યા જાય તો કેવું સારું! કેટલું મોટું શરીર! સાત દિવસ પેટ ભરીને ખાઉં તોયે ન ખૂટે!"

ત્યાં થઇને એક ગુરુ શિષ્ય ચાલ્યા જતા હતા. એમણે જોયું. અને ગુરુએ પોતાના શિષ્યને કહ્યું: "વત્સ! જોયું, જગત કેવું નશ્વર છે! આ યૌવનના વૈભવથી છલકાતો દેહ પણ અણધાર્યો ઢળી પડ્યો! એના હૈયામાં કેટકેટલા કોડ હશે! પણ તે બધા અપૂર્ણ જ રહ્યા. પ્રાણી માત્રને અણધારી આ મહાયાત્રા આદરવી પડે છે. આ તનનો ગર્વ નકામો છે, આ દેહનું અભિમાન ખોટું છે. આપણી તંદુરસ્તી છે ત્યાં સુધી સંયમની સાધના કરી લેવી. કાળ કોઇનાય પર કૃપા કરવાનો નથી." એમ વિચારી તે ત્યાગને પંથે આગળ વધ્યા.

આ ઉપરથી સમજાશે કે વસ્તુ એક જ છે પણ ચારેના દૃષ્ટિબિંદુ જુદાં છે. ચાર જણમાંથી સંતની આંખમાં દિવ્યતા હોવાને કારણે જે શરીર કામીને કામ તરફ પ્રેરતું હતું તે જ શરીર ત્યાગીને વૈરાગ્ય અને ચિંતનનું પ્રેરણાધામ બન્યું હતું.

આપણી દૃષ્ટિ મંગળમય હોવી જોઇએ. બિલ્વમંગળની જેમ દૃષ્ટિને ખોવાની જરૂર નથી. દૃષ્ટિ ઘણી જ ઉપયોગી વસ્તુ છે.

માત્ર એમાં દિવ્યતા લાવવાની છે. દિવ્યતાવાળી દષ્ટિ જગતમાં આશીર્વાદ સમાન છે.

સવાર જેમ તોફાની ઘોડાને કેળવીને કાબૂમાં લે છે, પણ તેને મારી નાખતો નથી; કારણ કે અંતે એ જ ઘોડો કામ આપવાનો છે, તેમ આપણે પણ આપણી સ્વચ્છંદ ઇન્દ્રિયોને કેળવીને સંયમમાં લાવવાની છે. એનો નાશ કરવાની જરૂર નથી. નાશ કર્યે નહિ ચાલે. ઇન્દ્રિયો ઘણી જ મહત્ત્વવાળી છે: મારું કહેવું તો એટલું જ છે કે એમે વશમાં રાખો. એ વશમાં નહિ હોય તો જીવનરથને વાસનાની ખીણમાં ખેંચી જશે. પછી નીકળવું મુશ્કેલ થશે. એ કાબૂમાં હશે તો જ કામ આપશે.

આપણી ઇન્દ્રિયો ને મન આખો દિવસ કઇ પ્રવૃતિમાં મગ્ન રહે છે! પહેલાં એને સારું ગમે કે ખરાબ? છાપામાં પણ કોઇ વિચારકનું પ્રવચન આવ્યું તો તમે નહિ વાંચો. કોઈ ખરાબ સમાચાર હશે તો પહેલાં વાંચી કાઢશો. કોઇ પૂછે કે, 'આ સુંદર પ્રવચન મૂકી આ ખરાબ સમાચાર પહેલા કેમ વાંચો છો?' તો તમે બચાવમાં ઉત્તર શું આપો? 'ખરાબ જાણી લીધું હોય તો આપણાથી ખરાબ થાય નહિ માટે!' પણ આ ઉત્તર સાચો છે? એમ નથી કહેતા કે, મારું મન જ અધોગામી છે એટલે એને આવી વાતો વધારે ગમે છે; આપણે જે બીજામાં જોવા પ્રયત્ન કરીએ તે આપણામાં છે. આપણે જે બીજાની નિન્દા કરીએ છીએ તે આપણા જીવનમાં જ બેઠું છે....પ્રસિદ્ધ માનસ-શાસ્ત્રી નીલ કહે છે:

'We hate in others what we dislike in ourselves"

છાપાઓમાં કે વાતોમાં માણસ તે જ શોધે છે, જે પોતાનામાં છે! જે માણસમાં સુંદર તત્ત્વો હોય તે સારી વસ્તુ તરફ જ

આકર્ષાય. જેનામાં નિર્બળતાઓ છે, તે નિર્બળતાની વાતો જ વાંચવાનો. એને સારી વાતો કહેશો તોય નહિ ગમે, કારણ કે સુંદર ને સાત્ત્વિક વસ્તુ પચાવવાની એનામાં શક્તિ જ નથી.

મનને વિચારનો ખોરાક જોઈએ છે. એ ભૂખ્યું કદી નહિ જ રહી શકે. એને કાંઈક તો જોઈશે જ. એ સ્વસ્થ હશે તો સુંદર ખોરાકને લેશે. માંદલું હશે તો ખરાબ વિચારોનો ખોરાક લેશે.

## વાસનાનું ધુમ્મસ

મધરાતે કોઈ દિવસ તમે જાગો છો ? જાગો તો શું વિચાર કરો ? ઊંઘ કેમ આવતી નથી, એ જ ને ? જીવનનો વિચાર કદી આવે છે ? આ સુખની આલ્હાદક ચાંદની તો પંદર દિવસમાં પૂરી થશે, પછી શું ? જીવનમાં પ્રકાશ ટકી રહે એવું કાંઇ મેળવ્યું છે ? એવું જો કાંઇ જ ન મેળવ્યું હોય, તો આ જીવનનો અર્થ શું ? સત્ય, પ્રામાણિકતા, બ્રહ્મચર્ય, પોતાના કર્તવ્યોની નિષ્ઠા–આમાંથી કાંઇ જ મેળવ્યું ન હોય તો શાશ્વત પ્રકાશ જીવનમાં કઇ રીતે આવશે ? આવા વિચારો આપણને રાત્રે આવતા નથી. ઊંઘ ન આવે તો વિચારીએ કે ઊંઘ કેમ આવતી નથી ? આ તે કાંઇ વિચાર છે ? પણ માણસને સદ્‌વિચારો જલદી નથી આવતા, કારણ કે એની બુદ્ધિની આસપાસ વાસના અને અજ્ઞાનનું ધુમ્મસ જામ્યું છે !

## દિવ્ય દૃષ્ટિ

પર્વતની ટોચ પર આપણે ચઢતા હોઈએ ને ઉપર ધુમ્મસ જામ્યું હોય, ત્યારે સામે આવતી વ્યક્તિને પણ આપણે જોઈ નથી શકતા. કેટલીકવાર અથડાઈ પણ પડીએ છીએ. ધુમ્મસમાં નજીકની વસ્તુ પણ ન દેખાય. મધ્યાહ્નનો સૂર્ય તપે ત્યારે ધુમ્મસ ઊડે ને વસ્તુ દેખાય. તેમ આપણા જીવનમાં પણ સંયમ

અને જ્ઞાનનો સૂર્ય તપે તો પ્રકાશ આવે અને દેખાય કે જે પરમાત્માને આપણે દૂર માનીએ છીએ તે તો સાવ-નજીક છે. પછી સમજાય કે—

હું મને ઓળખી શકું તો જ પરમાત્માને ઓળખી શકું. પણ આજ તો હું પોતાને જ ઓળખતો નથી. સ્વરૂપની વિસ્મૃતિ કેવી થઇ છે એના પર કો'કે કહેલી એક રમૂજી વાત સાંભરે છે.

એક શીખ મુસાફરીએ ઉપડયો. એણે ફર્સ્ટ કલાસની ટિકીટ લીધી. અને જીવનમાં પહેલવહેલો ફર્સ્ટ કલાસના ડબ્બામાં બેઠો. થોડીવાર પછી એને હાજત માટે સંડાસમાં જવાની જરૂર જણાઈ. એણે બારણું ઉઘાડયું ત્યાં સામે જ કાચ હતો. એ કાચમાં એનું પ્રતિબિંબ પડયું. એને લાગ્યું કે અંદર કોઈ છે. એટલે બારણું બંધ કરી એ પોતાની જગ્યા પર બેસી ગયો. પાંચ દશ મિનિટ કરતાં કરતાં કલાક થયો પણ કોઇ નીકળે નહિ. અંદર કોઇ હોય તો નીકળે ને? થોડી વાર એ પ્રતીક્ષા કરતો બેઠો ત્યાં એને ઝોકું આવી ગયું. પછી જાગ્યો એટલે એને લાગ્યું કે હવે તો બહાર નીકળી ગયો હશે. પાછું બારણું ખોલ્યું તો સામે જ માણસ દેખાયો. આટલી વારથી આ અંદર ભરાઈ બેઠો છે એટલે જરૂર કોઈ બદમાસ હશે એમ જાણી એણે ટિકિટચેકરને બૂમ પાડી. આવનાર પણ આના જેવો જ બુદ્ધિનો જરા દુશ્મન હતો. એણે વાત સાંભળી. પછી બારણું ઉઘાડયું તો પોતાના જ જેવો રેલ્વે હેટવાળો માણસ અંદર દેખાયો. એણે ઝટ પાછું બારણું બંધ કરતાં કહ્યું: 'યહ અંદર તો હમારે સ્ટાફકા આદમી હૈ, ઉનકો હમ કુછ ભી નહી કહ શકતે. તુમ બાજુ કે કમ્પાર્ટમેન્ટમેં જા સકતે હો.'

આ વાત રમૂજી લાગે છે, કેમ? પોતાના જ પ્રતિબિંબને કાચમાં નહિ ઓળખનાર આ બંને મૂર્ખ

લાગે છે, ખરું ને? પણ આપણે પણ આપણું સ્વરૂપ કયાં ઓળખીએ છીએ? આપણા પોતાના સ્વભાવનું, પોતાની વૃત્તિઓનું, પોતાના માનસનું આપણને પોતાને જ ભાન નથી. બીજાની વૃત્તિઓનો અને વિચારોનો આપણે જેટલો અભ્યાસ કરીએ છીએ, એટલો આપણો પોતાનો અભ્યાસ કયારે કર્યો છે?

આંખમાં મોતિયો આવે તો માણસ પોતાના સ્વજનને પણ ઓળખી શકતો નથી. કોઈ કુશળ ડોકટર મળે, મોતિયો ઉતારે અને યોગ્ય ચશ્મા મળે તો એ જોઈ શકે, તેમ માણસની આંખ પર વિકારનો મોતિયો આવ્યો હોય તો એ પોતાના સ્વરૂપને કઈ રીતે જોઇ શકે? સદ્‌ગુરુનો યોગ મળે, એ વિકારના મોતિયાને ઉતારે, જ્ઞાનનું અંજન કરે, દિવ્ય ચક્ષુ મળે, તો સમજાય કે આત્મા માટે દેહ છે. દેહ માટે આત્મા નથી જ. શરીર માટે વસ્ત્રો છે, વસ્ત્રો માટે દેહ નથી. માણસને લાગે કે વસ્ત્રો વિના દેહને ફાયદો થવાનો છે તો એ અવસરે વસ્ત્રને પણ ફગાવી દે છે. તેમ જયારે આત્માને એમ લાગે કે આ દેહના અર્પણથી આત્માને લાભ છે, તો દેહના અર્પણમાં પણ આત્માને આનંદ આવે. આપણે અર્પણનો આખો ઇતિહાસ વાંચીશું તો લાગશે કે અર્પણની પાછળ આવી કોઈ મહાન ને દિવ્ય ભાવના જ કામ કરી રહી હતી. આ દૃષ્ટિ આવ્યા પછી માણસ પામર નથી રહેતો. એનામાં નવું બળ, નવું તેજ, નવો જુસ્સો આવે છે. આ બળ દેહનું નહિ પણ આત્માનું છે.

હાથી દેહની અપેક્ષાએ ઘણો બળવાન હોય છે. દશ સિંહ ભેગા થાય તોય હાથીના સ્થૂલ બળને ન પહોંચી શકે. એટલો હાથી બળવાન હોય, છતાં એક જ સિંહની ગર્જના દશ હાથીને ઢીલા કરી દે છે. ઘણીવાર તો એની ત્રાડ સાંભળી હાથી જીવ લઈ નાસે છે, એનું કારણ એ જ કે સિંહની ચેતનામાં પૌરુષ છે.

એ હાથીની પ્રચંડતાનો વિચાર જ કરતો નથી. એ પોતાના બળ ઉપર મુસ્તાક છે. એ પોતાની શક્તિથી સજાગ છે.

હાથી બળવાન હોવા છતાં હૈયાનો કાયર છે. એ સિંહની ગર્જના સાંભળતાં જ હિમ્મત હારી જાય છે. એના શરીરમાંથી પરસેવો ઝરવા માંડે છે. આ તકનો લાભ લઈ સિંહ એનાં ગંડ-સ્થળ પર કૂદી પડે છે. અને પહાડ જેવા હાથીને પણ ઢાળી દે છે. આ બળ મનનું છે. આ દૃષ્ટાન્ત પરથી સમજાશે કે મન શું કામ કરે છે? એક કવિ કહે છે:

મનકે હારે હાર હૈ, મનકે જિતે જિત
મન ચઢાવે ચાકડે, મન બનાવે નીચ.

મન વરાળ જેવું છે. વરાળના સંચયથી એંજિન જેમ લાખો માણસના બોજાને ખેંચી જાય છે, તેમ મનની સંચિત શક્તિથી પણ ધાર્યું કાર્ય કરી શકાય છે. આ મનને બળવાન બનાવવાનું સાધન એક જ છે:—અભય.

જેનું મન અભય છે, તે જગતમાં એવું કોઇ પણ કાર્ય નથી જે ન કરી શકે. આ અભય ત્યારે જ આવે કે જ્યારે આપણી દૃષ્ટિમાં દિવ્યતા આવે.

તો હવે આપણે એક જ કાર્ય કરવાનું છે. દૃષ્ટિને દિવ્ય બનાવવાનું.

આત્મ અને ઇન્દ્રિયોની ભિન્નતાના જ્ઞાનમાંથી આપણી દૃષ્ટિમાં દિવ્યતા પ્રગટે અને એ દ્વારા આપણાં અંતર અભયના આનંદથી સભર બને એ જ પ્રાર્થના.

# ધર્મ-રત્ન

**મૂલ્યવાન** હીરો સોનાની વીંટીમાં જ શોભે, પિત્તળ તેને માટે અપાત્ર છે, તેમ આપણું મન સુવર્ણ જેવું શુદ્ધ હોય તો જ ધર્મરત્ન એમાં શોભે. માટે ધર્મરત્ન પ્રાપ્ત કરવા, પહેલાં પાત્રતા મેળવો. આપણું મન સંયમવિહોણું હોય તો એ અપાત્ર ગણાય.

તો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, શું આપણે અપાત્ર છીએ? ના, આપણે આ દુનિયામાં કદાચ અપાત્ર ન પણ હોઈએ, પણ જ્ઞાનીની દુનિયામાં પ્રવેશવા માટે તો મહાપુરુષોએ ચીંધેલી પાત્રતા મેળવવી પડશે જ; કારણ કે દુનિયાની દૃષ્ટિએ પાત્ર બનેલો માણસ ઘણીવાર જ્ઞાનીઓની દૃષ્ટિએ અપાત્ર પણ ઠરે છે અને પાત્રતા મેળવવા ફરીથી એકડો ઘૂંટવો પડે. આત્મિક પાત્રતા સત્તાથી, વૈભવની વિપુલતાથી કે ધનથી નથી મળતી, આત્મિક પાત્રતા વાસનાના વિજયથી, સત્સમાગમથી, ગર્વના નાશથી અને યોગ્ય વચનના વ્યવહારથી મળે છે અને આ વસ્તુઓનો આધાર હૃદયની સૂક્ષ્મ ભાવના પર છે. સ્થૂલ વસ્તુ પર નથી જ.

કેટલીક વાર એવું પણ જોવા મળે છે. કરોડો રૂપિયાના માલિકમાં જે પાત્રતા હોતી નથી તે એક નિર્ધનમાં પણ જોવા મળે છે. એ બહારથી સામાન્ય ને નિર્ધન દેખાતો માણસ અંદર રાતદિવસ વાસના સામે યુદ્ધ કરતો હોય છે. એ યુદ્ધ એ જ એની પાત્રતા.

પાત્ર માણસ તો અજાણતામાં આવેલા ક્રોધને, માયાને કે લોભને પોતાના હૈયામાં વધારે સમય ટકવા દેતો નથી. દુર્જનના સ્નેહની જેમ એના કષાયો પણ ક્ષણજીવી હોય છે!

આ અંદરની પાત્રતા લાવવા માટે મનુષ્યે પોતે જ પોતાના ચોકીદાર બનવું પડશે, કારણ કે દરેક ક્રિયાની પાછળ મનની શુદ્ધિનું જ મહત્ત્વ છે, દુર્ગુણો અંતરમાં જ થાણું નાખીને પડયા છે, આ દુર્ગુણોને કાઢવા માણસને બમણી મહેનત લેવી પડે છે–આ દુર્ગુણોને કાઢવાની અને નવા ન પ્રવેશી જાય તેની.

નવા દુર્ગુણો માણસોમાં કયારે પ્રવેશી જાય તે કહેવું મુશ્કેલ છે, તેથી દરેક મનુષ્યે મહાપુરુષોની સેવા કરી, એમની પાસેથી શાસ્ત્રશ્રવણ કરવું જોઇએ. શાસ્ત્રશ્રવણ માણસને દુર્ગુણ તરફ જતો રોકે છે. એના પર આવતા વાસનાના દબાણને એ અટકાવે છે અને માણસને સદ્‌વિચારમાં રાખે છે.

માણસ સારું સાંભળે તો એને વિચાર પણ સારા આવે. ખરાબ વાંચે–વિચારે તો એને નબળા વિચાર આવે. સોબત તેવી અસર. ઘોડાને ગધેડાની સાથે બાંધ્યો હોય તો એ ભૂંકતાં ભલે ન શીખે, પણ લાત મારતાં તો જરૂર શીખે.

ઊકરડા પાસે બેસીએ તો બદબો આવે અને બગીચામાં બેસીએ તો ખુશબો આવે. દુર્જન સાથે પસીએ તો અધમતા આવે સજ્જન સાથે મૈત્રી હોય તો ઉત્તમતા આવે.

આજ માણસોને ઉત્તમ સાધુઓની સોબત ગમતી નથી, કારણ કે અંતરમાં રોગ છે. અંદર રોગ હોય ત્યાં બાહ્ય ઉપચાર નકામાં નીવડે છે. વાસના એ અંદરનો રોગ છે.

અપવિત્ર તત્વો હરહમેશાં આપણી આસપાસ ચક્કર લઈ રહ્યાં છે. એ નિર્બળ પળની પ્રતીક્ષા કરે છે. સમય મળતાં એ આત્મા પર ચઢી બેસે છે. એની સામે માણસ જાગૃત હોય તો એનું કાંઈ જ નથી ચાલતું. પણ એ અપવિત્ર તત્વો માણસને ઘેનમાં નાખે છે, એને ગાફિલ બનાવી ઢાળી પાડે છે. આ ઘેનની સામે રક્ષણ આપનાર સત્સંગ છે.

આ સત્સંગ પછી બીજી વાત તે ગર્વને ગાળવાની છે. જેમ સોડાવોટરની શીશીમાં ગોળી હોય છે, તેમ માણસમાં પણ ગર્વની ગોળી હોય છે. આ ગોળીને લીધે અંદરનું અંધારું બહાર જતું નથી અને બહારનો પ્રકાશ અંદર આવી શકતો નથી. ગર્વ ગળે તો પ્રકાશ મળે.

આ ગોળીને ગાળવા માટે આત્મામાં લઘુતા લાવવી, મહાપુરુષોને વંદન કરવું, એમની નિશ્રામાં રહેવું, એમના પ્રત્યે સદ્ભાવ બતાવવો, આ ગર્વને ગાળવાના ઉપાય છે.

માણસ સત્સંગ કરતો હોય, ગર્વને ગાળવા સતત પ્રયત્ન કરતો હોય તો એની વાણી કેવી હોય? એવા માણસની વાણીમાં સત્ય હોય, પથ્યં હોય અને મધુ હોય. સત્ય એટલે પ્રકાશ આપનારી, પથ્ય એટલે યોગ્યતા ભરેલી અને મધુ એટલે પ્રિયકારિણી—આવી વાણીવાળો માનવી ધર્મરત્નને માટે ખરેખર પાત્ર ગણાય.

## રત્નકણ

દુનિયાના અભિપ્રાય ઉપર તમે શા માટે નાચો છો? થોડી વાર પહેલાં જ પૂજન કરતી દુનિયા, પથ્થર ફેંકવા માંડે તો ય નવાઈ નહિ. કાર્ય કરતી વખતે દુનિયાને સંભળાવી દો; "તારી નિંદા અને સ્તુતિની મને ધૂળ જેટલીય કિંમત નથી. હું તો ય મારા કાર્યોમાં મશગૂલ છું, મારા આત્માના ગીતમાં લીન છું અને એ ગીતના સૂરે જ કાર્ય કરું છું."

× ×

આપણે પૂજા કોની કરીએ છીએ. મૂર્તિની કે તેના ગુણોની? આપણે તેના ગુણો પામીએ નહિ, તેનું રહસ્ય પારખી શકીએ નહિ તો પૂજા પણ શું કામની?

× ×

સિંહનો સિંહ, રાજાઓનો રાજા, બાદશાહોનો બાદશાહ, એવો આપણો આત્મા છે. એવો આત્મા જ જો પૈસા અને વૈભવ મેળવવામાં જ કંગાલ બની જાય તો તેના જેવી બીજી હીનતા કઈ?

× ×

મારા કાર્યોમાં હું તલ્લીન બન્યો હોઉં તે વખતે મને મારી જાતનું ભાન પણ નથી હોતું. હું કોણ છું એનો મને ખ્યાલ પણ નથી આવતો. મારી દૃષ્ટિ મારા કાર્યોની આરપાર ઉતરી ગયેલી હોય છે. મારું હૃદય મારા કાર્યોમાં સૌંદર્ય પૂરતું હોય છે. મારું મન ભાવોર્મિની પાવનતામાં મગ્ન હોય છે અને તેથી જ મારું કાર્ય જ મારો આનંદ બની જાય છે.

× ×

હું બીજાના દોષો જોઉં તેના કરતાં મારા જ દોષો જોઉં તો શું ખોટું? બીજાના દોષો જોઈ મલિન થાઉં તેના કરતાં મારા પોતાના દોષો જોઈ નિર્મળ કાં ન થાઉં?

× ×

મનુષ્યનો મંથનકાળ એ એવો સમય છે કે—એ વખતે જે બાજુથી હૃદયને સાથ મળે એ તરફ એ ઝોક ખાઈ જાય છે. પછી એ પરિણામની જરા ય પરવા કરતો નથી.

× ×

શ્રદ્ધા એ જીવનના ઊંડાણમાંથી વહેતું એક પ્રશાંત છતાં બળવાન ઝરણું છે—કે જે મુશ્કેલીઓની ગમે તેવી કઠિન શિલાઓને પણ ભેદી શકે છે.

× ×

દુન્યવી જીવનમાં તમે ગમે તેટલા મીણ જેવા હો, પણ મૃત્યુ આવે ત્યારે ખડગ જેવા અડગ અને કઠણ બનો. મૃત્યુને વીરતાથી ભેટો. હા, ભેટો જ. તેની સામે નમવાનું નથી. એ કાંઈ

આપણને છોડી દેવાનુ નથી જ. તમારી વીરતા જોઇ મૃત્યુ તમને વંદે એવું કરો.

× ×

મૃત્યુ તો દરેક મનુષ્યં માટે નિર્મિત જ છે, પણ જે પોતાના મૃત્યુને ઉજ્વળ બનાવે, જે નિર્ભય બની તેને અણનમ રીતે ભેટે તે જ મનુષ્ય શાણો. એ જ ખરો વીર.

× ×

ગમે તેટલો જ્ઞાની હોય પણ જીવનની આફતો અને વિપત્તિઓને સમતાપૂર્વક સહન ન કરી શકે અને એ મુશ્કેલીઓમાંથી માર્ગ પણ ન કાઢી શકે તો એનું જ્ઞાન શા કામનું ?

× ×

જે માણસે મન સાધ્યું તેના જીવનમાં દ્વિધા અને ચંચળતા ન હોય. તેના જીવનનું પ્રત્યેક કાર્ય નક્કર હોય, તેનું જીવન ગંભીર અને વિચારશીલ હોય, તેના કાર્યમાં તે મક્કમ હોય, તેના વિચારો અચળ હોય, દુનિયા એને પગલે ચાલે, એ દુનિયાની પાછળ ન તણાય.

× ×

એક જ પશ્ચાત્તાપ-સાચો પશ્ચાત્તાપ, બગડેલાને સુધારી શકે, પડેલાને ઊભો કરી શકે, પતિતને પાવન કરી શકે.

× ×

અંતરની આશિષ પણ જગમમાં ગજબની હોય છે. પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળી કેવી ગજબની હોય છે ? અંધકારના અનંત થરને પણ એ બાળી મૂકે છે ને ?

× ×

આત્માની સ્થિરતા વિના હર્ષ અને શોકમાં રાચનાર મનુષ્યો પાણી ઉપર નાચતા પરપોટા જેવા છે. ફુટે તો જાય અંદર ફુલાયા ત્યાં સુધી જ ઉપર દેખાય !

× ×

મનુષ્યની મોટામાં મોટી ક્ષતિ હોય–ભૂલ હોય તો તે એ છે કે એ પોતાનો ગુનો છુપાવવાનો જેટલો પ્રયત્ન કરે છે, તેટલો પ્રયત્ન એ બીજાની ભૂલો પ્રગટ કરવામાં કરે છે.

× ×

ભલે એ પાપીમાં પાપી હૃદય હશે, તેના હૃદયમાં ગમે તેટલું અંધારું હશે તો પણ એક એવી નાની તારલી છૂપી છૂપી પણ તેના હૃદયમાં ટમટમતી હશે જ જે એને કો'કવાર જરૂર પ્રકાશ આપશે.

×. ×

જેને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી, પોતાના મિત્રો પર શ્રદ્ધા નથી અને જેને દુનિયાની માનવ જાત ઉપર પ્રેમ નથી તેનાં કાર્યો કોઇ દિવસ સંગીન નહિ હોય; કારણ કે તે શ્રદ્ધાવિહોણો છે, શંકાશીલ છે, નિર્બળ છે.

× ×

જે મનુષ્યને વિશ્વાસભર્યાં નેત્રો મળ્યા, શ્રદ્ધાભીની દૃષ્ટિ મળી અને જ્ઞાનનાં તેજ મળ્યાં, તેના હૃદયમાંથી પ્રેમ ઝરવાનો જ.

× ×

તમારી નમ્રતા હૈયાની હશે, સ્વયંભૂ હશે, તો તમે બીજાને જરૂર નમ્ર બનાવી શકશો.

× ×

સંસારને મીઠો બનાવવા માટે કડવા ઘુંટડાઓ પણ પીવા પડશે.

× ×

મનુષ્યનાં વચનો, વ્યાખ્યાનો કે વિક્તૃત્વ જેટલી અસર નથી કરી શકતાં તેટલી અસર તેનું સ્વચ્છ, નિર્મળ હૃદય કરે છે, માટે રખે તમે હૃદયને ભૂલી જતાં. હૃદય સાચું હશે તો તમારું મૌન પણ સામાને ગાળી નાંખશે.

૨૩૩૪૩

# "જૈન" પત્રના હાલ મળતા પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | શત્રુંજયપ્રકાશ | ૧-૮-૦ |
| ૨ | મહાવીરતત્વપ્રકાશ | ૧-૮-૦ |
| ૩ | તરંગવતી | ૨-૮-૦ |
| ૪ | વેરનો વિપાક | ૨-૮-૦ |
| ૫ | વ્યાપાર કૌશલ્ય | ૨-૮-૦ |
| ૬ | જીવન અને સંસ્કૃતિ | ૨-૮-૦ |
| ૭ | વસ્તુપાળનું વિદ્યામંડળ | ૨-૦-૦ |
| ૮ | પુરાણાં પુષ્પો | ૨-૦-૦ |
| ૯ | હેમચંદ્રાચાર્ય | ૧-૮-૦ |
| ૧૦ | પ્રતાપી પૂર્વજો ભા. ૧ | ૨-૦-૦ |
| ૧૧ | પ્રતાપી પૂર્વજો ભા. ૨ | ૨-૦-૦ |
| ૧૨ | શાન્તુ મહેતા | ૨-૦-૦ |
| ૧૩ | મહિલા મહોદય | ૨-૦-૦ |
| ૧૪ | સંસ્કૃતિની જીવનકથાઓ | ૨-૦-૦ |
| ૧૫ | જૈન ધર્મદર્શન | ૨-૮-૦ |
| | | ૩૦-૮-૦ |

આ પંદરે રૂ. ૨૦-૦-૦

અલગ

રૂ. ૬

અલગ

પ્રકાશક: શ્રી જૈન ઑફિસ ભાવનગર